MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૯-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બંગાળની ટીમ ૧૪મી વખત ફાઇનલમાં : આજે સૌરાષ્ટ્ર-બંગાળ વચ્ચે રણજી ટ્રોફીની ફાઇનલ

5 મહિલા વર્લ્ડકપ: ભારતને હરાવી ઓસ્ટ્રેલિયા પાંચમી વાર ચેમ્પિયન બન્યુ

7 કચ્છમાં પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ૪ની ધરપકડ

9 પત્રકાર હોય તો શું થયું..? જાવ વિજય રૂપાણીને પૂછો, હું કોઈ થી ગભરાતો નથી : આર્ય,ભરૂચ (DSM)

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

સુરતના આંગણે રાષ્ટ્રીયકક્ષાના 'રિજીયોનલ સરસ મેળા-૨૦૨૦''ને ખુલ્લો મૂકતા જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રિતીબેન પટેલ

સુરત

ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને સ્વ-સહાયજુથ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને રાષ્ટ્રીય કક્ષાની વેચાણ સુવિધા ઉપલબ્ધ કરાવવાના આશયથી સુરતના આંગણે આયોજિત રાષ્ટ્રીયકક્ષાના 'રિજીયોનલ સરસ મેળા-૨૦૨૦'ને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીમતિ પ્રિતીબેન પટેલ તથા મહાનગરપાલિકાના ડે.મેયરશ્રી નિરવ શાહના હસ્તે ખુલ્લો મૂકાયો હતો.

અડાજણ ખાતે જયોતિન્દ્ર ગાર્ડનની બાજુમાં, મહાનગરપાલિકાના હનિપાર્ક ગ્રાઉન્ડ ખાતે યોજાયેલો મેળો તા.૧૨મી માર્ચ સુધી દરરોજ બપોરના ૧૨.૦૦ થી રાત્રીના ૧૧.૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. દેશના વિવિધ રાજયો તથા ગુજરાત રાજયના ગ્રામિણ મહિલા સ્વ-સહાય જૂથોને બજાર વ્યવસ્થા પૂરી પાડી તેમના દ્વારા ઉત્પાદિત કરાયેલી કલાત્મક વિવિધ ચીજવસ્તુઓના વેચાણ થકી પ્રોત્સાહિત કરવાનો હેતુ રહેલો છે. સૂરતીજનોને સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરીને પ્રધાનમંત્રીના સ્વપ્નને સાકાર કરવાની ઘરઆંગણે તક મળી છે.

રાષ્ટ્રીય સરસ મેળામાં વિવિધ રાજયોના ૪૦ સ્ટોલ તેમજ ગુજરાતના તમામ જિલ્લાઓના ૧૦૫ તથા સુરત મહાનગરપાલિકાના ૨૦ મળી કુલ ૧૭૫ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

ગ્રામિણ મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટેના આ મેળામાં મેળામાં ગુજરાતના પટોળા, ચણીયાચોલી, હરિયાણાની ટેરાકોટાની ચીજવસ્તુઓ, ઓરિસ્સાના હેન્ડલુમ, ત્રિપુરાની સિલ્ક સાડીઓ, આસામના વુડન પેઈન્ટીગ, મધ્યપ્રદેશના સુતર પ્રોડકટ, પંજાબની ફુલકારી, બિહારનું મધુબની પેઈન્ટીગ, ઉત્તરાખંડની જયુટબેગ, હિમાચલ પ્રદેશની હસ્તકલા અને ઉનની બનાવટો મળી ગુજરાતની પ્રચલિત અનેક ચીજવસ્તુઓ ખરીદવાનો સુવર્ણ અવસર ઘર આંગણે મળ્યો છે. જેનો બહોળી સંખ્યામાં લોકો લાભ લઈ શકે છે.

ડાંગ દરબારના મેળે જિલ્લા કાનુની સત્તા મંડળ,નવસારી દ્વારા મફત કાનુની સહાય

આહવા

ડાંગ દરબાર મેળા દરમિયાન રંગઉપવન સામે ડાંગ દરબાર હોલ ખાતે વિવિધ સરકારશ્રીની યોજનાકીય માહિતી અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવે છે. મેળા દરમિયાન મોટી સંખ્યામાં આવનાર લોકો માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,નવસારી દ્વારા મફત કાનુની સહાય આપવામાં આવી હતી.

ડીએલએસએએ નવસારીના સેક્રેટરી શ્રી એમ. ડી. પરમારના માર્ગદર્શન હેઠળ કાયદા તંત્રના સ્ટાફના સહયોગથી ડાંગના વિવિધ ગામોમાંથી આવનારા સમાજના નબળા વર્ગના લોકોને કાનુની સહાય અંતર્ગત માહિતી પુરૂ પાડવામાં આવી હતી. અનુસૂચિત જાતિ, જનજાતિ, માનવોના ગેરકાયદે વેપારનો ભોગ બનેલા હોય અથવા ભિખારી હોય,સ્ત્રી અથવા બાળક, કોઈપણ વ્યક્તિ કે જેની આવક રૂા.૧,૦૦,૦૦૦/- થી વધતી ન હોય તેને આપણાં રાજયમાં કાનુની સહાય મેળવવાને પાત્ર ઠરે છે. સામાન્ય રીતે કોઈપણ પ્રકારની દિવાની , ફોઝદારી, મહેસુલી, મજૂર,ઔધોગિક અદાલત કે પંચ સક્ષમ દાખલ કરવાના થતા દાવા, ફરિયાદ, અરજી, અપીલ, રીટરીવીઝન અરજી અથવા તો આવા પ્રકારના અન્ય કેસોમાં કાનુની સહાય મળી શકે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેસર શો નાં સમયમાં ફેરફાર કરાયો : હોળીના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન પ્રોજેક્ટ ચાલું રહેશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાંજના સમયે યોજાતો લેસર શો (પ્રોજેકશન મેપિંગ શો) પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણ પૈકીનો એક છે. સામાન્ય રીતે સાંજના ૭:૦૦ કલાકે પ્રવાસીઓ માટે આ શો શરૂ કરવા માટેનો સમય રાખવામાં આવેલ છે.



હાલમાં ઉનાળાની ઋતુની પ્રારંભ થયો છે,દિન-પ્રતિદિન દિવસ લાંબો થતો જાય છે.જેના કારણે તાત્કાલિક અસરથી મુખ્ય વહીવટદાર કચેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફથી ૮ માર્ચથી સાંજના ૭:૦૦ વાગ્યાના બદલે ૦૭:૧૫ કલાકે લેસર શો(પ્રોજેકશન મેપિંગ શો) શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ લેસર શો માટેની લાઈટ દુનિયાની અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે અને તેની લેસરગન શક્તિશાળી છે, લેસર શો જ્યારે સંપૂર્ણ અંધારૂ હોય ત્યારે વધુ સારી રીતે જોઈ શકાય તેમ હોય અહીં આવનાર પ્રવાસીઓના લાભાર્થે આ નિર્ણય લેવાયો હોવાનું સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ મુખ્ય વહીવટદાર નિલેશ દુબે એ જણાવ્યું છે.

વધુમાં એમ પણ જાણવા મળ્યું કે તા.૯ માર્ચ સોમવારના રોજ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પર્યટન સ્થળો પ્રવાસીઓ માટે ખુલ્લા રહેશે. આમ તો સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર સોમવારે સામાહિક મરામત કાર્ય હાથ ધરાય છે,જેથી પ્રવાસી ઓને પ્રવેશ આપવામાં આવતો નથી પરંતુ સોમવારે હોળી પર્વે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પ્રોજેક્ટ ચાલું રાખવામાં આવશે.તેના બદલે તા.૧૧ માર્ચ બુધવારના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પ્રવાસીય પ્રોજેકટમાં જાહેર રજા રહેશે. પ્રવાસીઓ soutickets.in અને એન્ડ્રોઇડ મોબાઈલ એપ્લિકેશન statue of unity tickets (official)પરથી પણ ટિકિટ બુક કરાવી શકાશે તેમ જાણવા મળ્યું છે.

ફૂડ પ્રોસેસિંગમાં પડકારો અને સંભાવનાઓ વિશે કોન્કલેવ યોજાઈ

ગુજરાતથી પ્રજા સાહસિક અને ઉદ્યમી છે: કેન્દ્રીય મંત્રી તેલી

સુરત

સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો–૨૦૨૦' અને 'SBC બિઝનેસ એક્ષ્પો'પ્રદર્શન વેળાએ મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ, ભારત સરકાર તથા એગ્રીકલ્ચર, ફાર્મર્સ વેલ્ફેર એન્ડ કો–ઓપરેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે તેમજ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી આજે સવારે ૧૧ થી સાંજે ૫ કલાક દરમિયાન સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે ફૂડ ઈન્ડિયા અંતર્ગત 'ફૂડ પ્રોસેસિંગમાં પડકારો અને સંભાવનાઓ' વિષય ઉપર આખા દિવસની કોન્કલેવ યોજાઈ હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક તરીકે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના રાજય કક્ષાના મંત્રી શ્રી રામેશ્વર તેલી પધાર્યા હતા. જયારે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના ડિરેકટર શ્રી કે.બી. સુબ્રમણ્યમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના એમડી શ્રી કે.એસ. રંધાવા (આઈએફએસ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

મંત્રીશ્રી રામેશ્વર તેલીએ કોન્કલેવને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, સુરતનો આર્થિક વિકાસ જોઈને આનંદની અનુભૂતિ થાય છે. આમ તો ગુજરાતમાં હું આઠ વખત આવી ચૂકયો છુ પણ સુરત પહેલી વખત આવ્યો છું અને સુરત માટે જે કંઈપણ સાંભળ્યુ હતુ તે એકદમ સાચુ પડયુ છે. ગુજરાતની પ્રજા સાહસિક અને ઉદ્યમી છે. ડાયમંડ અને ટેક્ષટાઈલ ક્ષેત્રના સફળ ઉદ્યોગકારોને તેમણે ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝમાં ઝંપલાવવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહયુ કે, ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયને આ વર્ષે ૬ હજાર કરોડનું બજેટ ફાળવવામાં આવ્યુ છે. આ મંત્રાલય હેઠળની મહત્તમ યોજનાઓને ઓનલાઈન કરવામાં આવી છે. જેનો બહોળો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે ખેડૂતોની આવક બમણી કરવા પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના હેઠળ આઠ સ્કીમો ઓનલાઈન ઉપલબ્ધ કરી છે. જેમાં ૫૦ એકરના મેગા ફૂડ પાર્ક અને ૧૦ એકર જમીનમાં મિનિ ફૂડ પાર્કના નિર્માણ માટે રૂપિયા ૫૦ કરોડ સુધીની સબસિડી આપવામાં આવે છે. બેકવર્ડ–ફોરવર્ડ લીંક યોજના હેઠળ નાના–મોટા તમામ ખેડૂતોને સહાય આપવામાં આવે છે.

સુરત કોર્પોરેશન કક્ષાની પુસ્તક વાચન સ્પર્ધા વરાછામાં યોજાઈ

સુરત

વાચન દ્વારા વિદ્યાર્થી વિકસી શકે છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને ધો.૬ થી ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતભરમાં પુસ્તક વાચક સ્પર્ધાનું શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું.

ન.પ્રા.શા.ક.૮૬-નાના વરાછા ખાતે સુરત કોર્પોરેશન કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધા યોજાઈ, તેમાં શાળા, સી.આર.સી અને યુ.આર.સી. એમ ત્રણ પડાવ સુધી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિજેતાઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ન. પ્રા. શિ. સ.,સુરતના માનનીય શાસનાધિકારી શ્રી વિમલભાઈ દેસાઈએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી અને પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓ: શ્રી રાજેશકુમાર વ. ધામેલિયા, શ્રી રાઘવજીભાઈ ડાભી અને શ્રી અલ્પેશભાઈ પટેલનું પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. યુ.આર.સી. શ્રી જિજ્ઞેશભાઈ ઠાકરે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ધો. ૬ થી ૯ અને ૧૧ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર રજૂઆત કરી હતી. તેમાં ગૌસ્વામી આસ્થા શૈલેષગીરી (ધો.૬ શા.ક.૧૩૨), ગુજરાતી દેહી મનીષભાઈ (ધો.-૭ શા.ક.૧૬), વઘાસિયા જાગૃતિ ઘનશ્યામભાઈ (ધો.૮ શા.ક.૧૬), ખાટીવાલા ખુશી સંજયકુમાર (ધો.૯ એક્સપેરીમેન્ટલ હાઈસ્કૂલ) અને દરેકર કુશાંગી કૈલાસભાઈએ (ધો.૧૧ પી.એમ.પટેલ) પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

અડાજણમાં રહેતો યુવાન નંદુ વિશ્વકર્મા લાપતા

સુરત

અડાજણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૮/૦૨/૨૦૨૦ના રોજ ગૌરીપાર્ક સોસા. ના ગોડાઉનમાં, ભુમિ કોમ્પલેક્ષની બાજુમાં, હનીપાર્ક રોડ, અડાજણ (મૂળ વતન-અલાવલપૂર તા.જામુરાવા, જી.હસવા, યુ.પી) ખાતે રહેતા ૨૬ વર્ષીય નંદુ વિશ્વકર્મા પોતાના ઘરેથી કોઈને કંઈક કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામ વર્ણ તથા ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે ચોકડીવાળુ લીલા કલરનો શર્ટ તથા કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અમરોલીમાંથી ૧૬ વર્ષની માનસી બેન પાલ લાપતા

સુરત

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૬/૦૨/૨૦૨૦ના રોજ ઘર નં. ૧૪૫, જલારામ નગર, ગુ.હા.બો. અમરોલી (મૂળ વતન- મંગળપુર, તા.આસ્કા, જી. ગજામ ઓરિસ્સા) ખાતે રહેતા અનીલભાઈ સુરેન્દ્રભાઈ પાલની ૧૬ વર્ષીય પુત્રી માનશીબેનનું અજાણ્યાઓ દ્વારા અપહરણ થયા હોવાનું ફરિયાદ નોંધાય છે. જે શરીરે મધ્યમ બાંધાના, રંગે ધઉં વર્ણ તથા ઉંચાઈ ૫.૧ ફૂટ છે અને શરીરે બ્લેક જીન્સ, બ્લુ ટી-શર્ટ પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

તાપી જિલ્લાના ખેડુતો માટે અગત્યની સૂચના

વ્યારા

બાગાયત ખાતાની યોજનાઓનો લાભ મેળવવા પોર્ટલમાં ઓનલાઈન અરજી કરવા માટે તા.૩૦/૦૪/૨૦૨૦ સુધી અરજી કરી શકાશે. ખેડૂતો દ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીની નકલો અને જરૂરી સાધનિક કાગળો આધાર કાર્ડ (ફરજિયાત) સહિત દિન-૭માં અત્રેની કચેરીએ તથા ખેડુત તાલીમ કેન્દ્ર ઉનાઈ રોડ વ્યારા-તાપીને સાદી ટપાલથી મોકલી આપવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રી ની કચેરી ૨૧૪-૨૧૬, બીજો માળ, જિલ્લા સેવા સદન, વ્યારા-તાપી ફોન નંબર.૦૨૬૨૬-૨૨૧૪૨૩ પર સંપર્ક સાધવા જિલ્લા નાયબ બાગાયત નિયામકશ્રી તરફથી જણાવાયું છે.

સુબીર તાલુકા મથકે ઘરેલુ હિંસા અંગે સેમીનાર યોજાયો

આહવા

ડાંગ જિલ્લાના સુબીર તાલુકા મથકે તા.૦૪/૦૩/૨૦૨૦ ના રોજ મહિલા અને બાળ અધિકારીની કચેરી આહવા દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન અંગે એક દિવસીય સેમીનાર યોજાયો હતો.

આજના સમયે ઘણી મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બને છે. આથી મહિલાઓને આવી ઘરેલુ હિંસાથી રક્ષણ મળે તે હેતુસર આ કાયદો અમલમાં આવેલ છે. જે કાયદાથી ઘણાં લોકો અજાણ રહે છે. જે બાબતે મહિલાઓ જાગૃત થાય એ હેતુસર ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ સેમીનારમાં દહેજ પ્રતિબંધક અધિકારી,આહવા તેમજ બાળ સુરક્ષા અધિકારી દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન તેમજ ઉપરોક્ત કાયદા વિશે આંગણવાડી કાર્યકર્તા બહેનોને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ ડાંગ જિલ્લામાં મહિલાલક્ષી ચાલતા વિવિધ સેન્ટરો જેવા કે મહિલા શક્તિકેન્દ્ર આહવા દ્વારા ૧૦૦ ટકા સરકારી અને બિન સરકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. તેમજ મહિલાલક્ષી ચાલતા વિવિધ સેન્ટરો સાથે સંકલન કરી કામગીરી કરવામાં આવે છે.૧૮૧ અભયમની ટીમ દ્વારા હિંસા, છેડતી, હેરાનગતી જેવી મુસીબતોની સ્થિતિમાં ત્વરીત સહાય અને સુરક્ષા આપતી સરકારની યોજના વિશે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર થકી મહિલાઓ માટે પોલીસ સ્ટેશનમાં સહાયતા કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે. જયા પીડીત મહિલાઓનો અને તેના પરિવારજનોનું આવશ્યકતા મુજબ કાઉન્સેલીંગ કરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. તેમજ સખી વન સ્ટોપ સેન્ટરમાં જરૂરિયાતમંદ મહિલાઓને તમામ પ્રકારની સુવિધા એક સ્થળેથી વિનામૂલ્યે મળી રહે તેની વિસ્તૃત સમજ આપી હતી. આ ઉપરાંત બેટી બચાવો,બેટી પઢાવો અંતર્ગત શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ સેમીનારમાં દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી એસ.ડી.સોરઠીયા,જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચિરાગ જોષી,ફિલ્ડ ઓફિસર શ્રી વિકેશ ચૌધરી,મહિલા શક્તિ કેન્દ્ર,પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર,સખી વન સ્ટોપ સેન્ટર,૧૮૧ અભયમ હેલ્પ લાઈનની ટીમ સહિત સુબીર આશાવર્કર બહેનો મળી કુલ ૧૧૬ જેટલા બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ફૂડ એન્ડ એગ્રીટેક અને એસબીસી બિઝનેસ એક્ષ્પોને જબરો પ્રતિસાદ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ડેવલપમેન્ટ કમિશ્નરેટ, મિનિસ્ટ્રી ઓફ એમએસએમઈ, ભારત સરકાર અને મિનિસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર્સ વેલફેર, ભારત સરકાર અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત સરકારના સહયોગથી ૬ઠ્ઠી માર્ચથી ૮મી માર્ચ ૨૦૨૦ સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો–૨૦૨૦'અને 'SBC બિઝનેસ એક્ષ્પો'નું ભવ્ય પ્રદર્શન યોજાયુ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક તરીકે પધારેલા ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના રાજય કક્ષાના મંત્રી શ્રી રામેશ્વર તેલીના વરદ હસ્તે પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના ડિરેકટર શ્રી કે.બી. સુબ્રમણ્યમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના એમડી શ્રી કે.એસ. રંધાવા (આઈએફએસ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે મળીને ચેમ્બર દ્વારા ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા માટે ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો અને એસબીસી બિઝનેસ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે. દક્ષિણ ગુજરાતના ટ્રાયબલ બેલ્ટમાં ચીકુ અને મેંગોનું ખૂબ જ મોટાપાયે ઉત્પાદન થઈ રહયુ છે. આથી કૃષી ક્ષેત્રને પ્રોત્સાહન મળી રહે અને તેના થકી તેનો વિકાસ થાય તેવા આશય સાથે ચેમ્બર દ્વારા બીજી વખત આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે. ૮ માર્ચ સુધી ચાલનારા 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો'માં ફૂડ પ્રોસેસિંગ અને મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ, બેકરીની આઈટમો, જયુસ અને પલ્પ નિર્માતા, ઓર્ગેનિક ફાર્મર્સ, નમકીન વેફર્સ, ઈલેક્ટ્રોનિક, બાગાયત, પશુપાલન જેવા ૧૫૦થી વધુ સ્ટોલધારકોના ઉત્પાદનો, યોજનાઓનો લાભ લેવાનો અવસર સાંપડયો છે. 'SBC બિઝનેસ એક્ષ્પો'ના ૯૦થી વધુ સ્ટોલ લગાવવામાં આવ્યા છે. જયાં ચેમ્બરના સભ્યો પોતપોતાની પ્રોડકટનું મોટાપાયે પ્રદર્શન કરી રહયાં છે. સાથે જ તેમના દ્વારા વિવિધ પ્રોડકટ્સ ઉપર સ્કીમની જાહેરાત કરવામાં આવતા જાહેર જનતાને સ્કીમનો લાભ લેવા અનુરોધ છે. આ પ્રદર્શનમાં એકજ સ્થળે સુરતીઓને ૪૦૦થી પણ વધુ ટેસ્ટી તથા હેલ્ધી વાનગીઓ માણવા મળી રહી છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૯-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

ડીએચએફએલ સંલગ્ન મની લોન્ડરિંગ કેસમાં ઈડીની કાર્યવાહી

યસ બેન્ક સંકટઃ ૨૦ કલાકની પૂછપરછ બાદ રાણા કપૂરની ધરપકડ

મુંબઈ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ રવિવારે સવારે દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (ડીએચએફએલ) સાથે સંલગ્ન મની લોન્ડરિંગ કેસમાં નાણાંકીય સંકટથી ઝઝૂમી રહેલી યસ બેન્કના ફાઉન્ડર રાણા કપૂરની ધરપકડ કરી લીધી છે. ઈડીના અધિકારીઓએ રાણા કપૂરની લગભગ ૨૦ ક્લાક સુધી પૂછપરછ કરી હતી. તેઓ પુછપરછમાં સહયોગ આપી રહ્યાં ન હતા. બાદમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ રાણા કપૂરને આજે સવારે પ્રીવેંશન ઑફ મની લોન્ડ્રિંગ એક્ટ કોર્ટ એટલે કે પીએમએલએ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે તેમને ૧૧ માર્ચ સુધીની ઈડીની કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

ઈડીએ શનિવારે રાણા કપૂરના વરલી સ્થિત સમુદ્ર મહેલ નિવાસસ્થાન પર તેની તપાસ ચાલુ રાખી હતી. ઈડી તપાસ કરી રહી છે કે યસ બેંકના પ્રમોટર રાણા કપૂર અને તેની બે પુત્રીની ડમી કંપની અર્બન બેંક વેન્ચર્સને કૌભાંડકારો પાસેથી ૬૦૦ કરોડ રૂપિયા મળ્યા છે.



રાણા કપૂર યસ બેન્કના ફાઉન્ડર છે, તેમની પર ડીએચએફએલને ૩૭૦૦ કરોડની લોન આપી કાર્યવાહી ન કરવા માટે પૈસા લીધા હોવાનો આક્ષેપ,કોર્ટે ૧૧ માર્ચ સુધી ઈડી કસ્ટડીમાં મોકલ્યા,વધુ ચોંકાવનારા ખુલાસા થશે

ભ્રષ્ટાચારમાં સામેલ ડીએચએફએલ દ્વારા બેંક દ્વારા આપવામાં આવેલા ૪,૪૫૦ કરોડ રૂપિયામાં કંપનીને નાણાં આપ્યા હતા, જેની તપાસ ચાલી રહી છે. ઈડી અધિકારીઓએ કહ્યું કે યસ બેંકે ડીએચએફએલને ૩,૭૫૦ કરોડ રૂપિયા અને ડીએચએફએલ દ્વારા નિયંત્રિત ફર્મ આરકેડબલ્યુ ડેવલપર્સને ૭૫૦ કરોડ રૂપિયાની લોન આપી હતી.

અધિકારીઓના કહેવા પ્રમાણે, આ બંને કંપનીઓએ લોન ભરપાઈ ન કરી ત્યારે યસ બેંકે કાર્યવાહી શરૂ કરી ન હતી. કપૂર અને તેની બે પુત્રીઓ પર શંકા છે કે, જે ડોઈટ અર્બન વેંચર્સના ડિરેક્ટર છે, તેઓએ કાર્યવાહી ન કરવા બદલ ડીએચએફએલ પાસેથી પૈસા લીધા હોવાના આક્ષેપ કર્યા છે.

ઈડીને આશંકા છે કે ૪૫૦૦ કરોડની આ રકમ ડીએચએફએલ દ્વારા ૭૯ ડમી કંપનીઓને અપાયેલ રૂ. ૧૩,૦૦૦ આ કંપનીઓમાં અર્બન વેન્ચર્સ પણ શામેલ છે.

મોડી સાંજે ઈડીના અધિકારીઓએ રાણા કપૂરની

અનુસંધાન પાના નં. ૫

આજે હોલીકા દહનઃ કાલે ધુળેટી પર્વની ઉમળકાભેર ઉજવણી

રાજ્યભરમાં આજે હોળી અને મંગળવારે ધુળેટી પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવશે. આજે રાત્રીનાં ગામે ગામ હોળી પ્રગટાવવામાં આવશે અને ગામે ગામ હોલીકા દહન કરવામાં આવશે. જયારે મંગળવારે રંગપર્વ ધુળેટીની ઉજવણી કરવામાં આવશે અને બાળકોથી માંડીને મોટેરાઓ સૌ કોઈ એકબીજાને કલર ઉડાડીને ધુળેટી પર્વની ઉજવણી કરશે.

કેમીકલયુકત કલર કે જે લેડ ઓકસાઈડ, કોપર સલ્ફેટ, મરકયુરી સલ્ફેટ જેવા ટોકસીક પદાર્થોમાંથી બનેલા હોય છે તેના ઉપયોગના લીધે આંખની બિમારી, એલર્જી, અંધત્વ તથા ચામડીના રોગો થવાનો ભય રહે છે. તેથી ઉપરોકત કારણોસર શહેરની જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે જાહેર જનતા દ્વારા ધુળેટીના તહેવાર નિમિતે કેમીકલયુકત કલર તથા ગેરૂ-મટોડી રંગોનો ઉપયોગ ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

હોળીનો તહેવાર બુરાઈ પર સત્યતાની જીતની એકતાનું પ્રતીક છે. હોળીકા દહન પર કોઈ પણ બુરાઈને અગ્નિમાં બાળીને ખાખ કરી શકાય છે. હોળીકા વિશે માન્યતા છે કે, હિરણ્યકશ્યપ પોતાના પુત્ર પ્રહલાદની વિષ્ણુ પ્રત્યેની ભક્તિથી નારાજ હતા, અને તેમણે બહેન હોળીકાને પ્રહલાદને મારવાનો આદેશ આપ્યો. હોળીકાની પાસે એવી શક્તિ હતી કે, તેને આગથી કોઈ જ નુકશાન થતુ નથી. ભાઈના આદેશનો પાલન કરતા હોળીકાએ પ્રહલાદને ખોળામાં લઈને તે આગમાં બેસી હતી. પરંતુ ભક્ત પ્રહલાદને ભગવાન વિષ્ણુની કૃપા પ્રાપ્ત હતી. જેથી હોળીકાની પાસે વરદાન હોવા છતાં તે આગમાં ભસ્મ થઈ ગઈ હતી, અને પ્રહલાદ સકુશળ બચી ગયો હતો.

હોળીનો તહેવાર રાધા કૃષ્ણના પ્રેમ સાથે જોડાયેલો તહેવાર છે. વસંતના મોહક મૌસમમાં એકબીજા પર રંગ નાખવું તેમની લીલાનો એક અંગ માનવામાં આવ્યુ છે. હોળીના દિવસે વૃંદાવન રાધા અને કૃષ્ણના આ રંગમાં ડુબાયેલુ જોવા મળે છે. આ ઉપરાંત હોળીને પ્રાચીન હિન્દુ તહેવામાંથી પણ એક માનવામા આવ્યો છે. એવા પ્રમાણ મળ્યા છે કે, ઈસા મસીહના જન્મના પણ અનેક સદી પહેલાથી હોળીનો તહેવાર ઉજવવામા આવે છે. હોળીનું વર્ણન જૈમિનીના પૂર્વમીમાંસા સૂત્ર અને કથક ગ્રહય સૂત્રમાં પણ કરવામાં આવ્યું છે. પ્રાચીન ભારતના મંદિરોની દિવાલ પર પણ હોળીના તહેવારની ઉજવણીની મૂર્તિઓ છે. વિજયનગરની રાજધાની હમ્પીમાં ૧૬મી સદીનું એક મંદિર છે. આ મંદિરમાં હોળીના અનેક દ્રશ્ય છે, જેમાં રાજકુમાર, રાજકુમારી પોતાના દાસીઓ સહિત એકબીજા પર રંગ લગાવી રહ્યા છે.

સ્થાનિક ચૂંટણીમાં ઉપયોગ કરવા કરી ભલામણ

યૂ-ટર્નઃ ટીએમસી,બીએસપી સાંસદોએ ઈવીએમના ભરપેટ વખાણ કર્યા

ઈવીએમ અને વીવીપીએટથી મજબુત થયો મતદારોનો વિશ્વાસ

ન્યુ દિલ્હી

ઈવીએમ પરના વિશ્વને લઈને ચુંટણીમાં કેટલીક પાર્ટીઓએ જોરશોરથી સવાલો ઉઠાવ્યા છે. ચૂંટણીમાં હાર પછી એમડીઓ સિવાયના દળોએ કહ્યું કે ઈવીએમમાં ગરબડ કરવામાં આવી છે. જેમાં કોઈ પણ બટન દબાવવાથી મત ભાજપને જ જાય છે. શંકા એટલી વધી ગઈ કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી બેલેટ પેપરથી કરાવવાની ડિમાન્ડ કરી હતી. હવે એક સંસદીય સમિતિએ ઈવીએમમાં ગરબડ કરવાની શંકાને ફગાવી દીધી છે, રસપ્રદ વાત એ છે કે સમિતિએ તૃણમૂલ કોંગ્રેસ અને બીએસપી જેવા દળોની સાંસદમાં સામેલ છે.

કાયદો અને ન્યાય વિભાગ સાથે જોડાયેલી સમિતિએ પોતાના રિપોર્ટને શુક્રવારે રાજ્યસભામાં રાખ્યો હતો. નકલી મતને અટકાવવા બેલેટ પેપરથી જોડાયેલા વિકલ્પોમાં ભૂલોને દૂર કરવાથી લઈને ઈવીએમની બે મોઢે પ્રશંસા કરવામાં આવી છે. એટલુ જ નહી ટીએમસી અને બીએસપીના સાંસદોવાળી સમિતિએ સ્થાનીક એકમોની ચૂંટણીમાં ઈવીએમના ઉપયોગનો પ્રસ્તાવ રાખ્યો છે.

સંસદીય સમિતિએ રાજ્ય નિર્વાચન આયોગને પ્રસ્તાવ આપ્યો છે કે મતદારોની સુવિધા માટે સ્થાનીક ચૂંટણી માટે ઈવીએમ અને વીવીપીએટીના માધ્યમથી કરાવવામાં આવે. રિપોર્ટ અનુસાર ભલામણ પર કોઈ વિપક્ષી દળ કે સાંસદે અસહમતિ વ્યક્ત કરી નથી.

સમિતિના ચેરમેન ભાજપ સાંસદ ભૂપેન્દ્ર યાદવ છે. સમિતિએ તૃણમૂલ કોંગ્રેસ અને બીએસપી સાંસદનો સમાવેશ થાય છે, જેમણે પહેલા બેલેટ પેપર સિસ્ટમ પરત લેવાની માંગ કરી હતી. હવે તેણે કહ્યું કે ઈવીએમ ફક્ત ચૂંટણી પ્રક્રિયાને સરળ કરી છે, મતદાનની ગણતરી ઝડપી થાય અને મતદાતાઓ માટે

અનુસંધાન પાના નં. ૫

ભારત-ચીન વચ્ચે સીમાને લઈ વૈચારિક મતભેદ, પણ સંબંધો સુધર્યા

મે મહિનાના અંત સુધીમાં ભારતને ચાર રાફેલ જેટ મળી જશેઃ રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું છે કે મે મહિનાના અંતિમ સપ્તાહમાં ચાર રાફેલ ફાઈટર જેટ ભારત પહોંચી જશે. ત્યારબાદ પ્રત્યેક દોઢ મહિને એક જેટ મળશે. ભારતે ફ્રાંસથી ૩૬ રાફેલ લડાકુ વિમાન ખરીદ્યા છે. શનિવારે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાને કાશ્મીર અને ચીનને લઈ સ્થિતિ સામાન્ય બની હોવાનો દાવો કર્યો હતો. ઝઘડાને લઈ તેમણે કહ્યું કે આ કાયદો કોઈ ભારતીયને અસર કરતો નથી. રાજનાથે કહ્યું- કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય છે અને વર્તમાન પરિસ્થિતિમાં ભારત તેના ઉત્તરી પડોશી (ચીન)ને લઈ કોઈ જોખમ ધરાવતો નથી. જોકે, ભારત અને ચીન વચ્ચે સીમાને લઈ વૈચારીક મતભેદ છે, પણ આપણા સંબંધોમાં સુધારો થયો છે. લોકોએ ડોકલામમાં પણ જોયું છે કે આપણે ક્યાંય નબળા નથી. સંરક્ષણ પ્રધાને ગત વર્ષ દશેરા (૮ ઓક્ટોબર,૨૦૧૯)ના રોજ ફ્રાંસના મેરિનેક એરબેઝ પર પ્રથમ રાફેલની ડિલિવરી લીધી હતી. તેમણે રાફેલમાં ૩૫ મિનિટ સુધી ઉડ્ડાન ભરી હતી.

સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે વર્ષ ૨૦૨૪ સુધી દેશના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવા માટે સંરક્ષણ ઉત્પાદનને વધારવામાં આવશે. તેમણે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં સંરક્ષણક્ષેત્રના ઉત્પાદનો અને સેવાઓની નિકાસને પાંચ અરબ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય છે. આ માટે ખાનગી ક્ષેત્રને પણ સરકાર સહયોગ આપશે, જેથી આ લક્ષ્યને હાંસલ કરી શકાય.

અત્યાર સુધી ભારતનું અર્થતંત્ર ૨.૮ ટ્રિલિયન ડોલર છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ૨૦૨૫ સુધી એક ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની ક્ષમતા

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

અમેરિકામાં અત્યાર સુધી ૧૯ લોકોના મોત

કોરોના વાયરસઃ ન્યૂયોર્કમાં ગવર્નરે ઈમરજન્સી જાહેર કરી

ન્યૂયોર્ક

અમેરિકામાં કોરોના વાયરસને કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ન્યૂયોર્કના ગવર્નર એન્ડ્રયૂ કુઓમોએ કોરોના વાયરસના વધતા પ્રકોપને જોતા શનિવારે ઈમરજન્સીની સ્થિતિ જાહેર કરી દીધી છે. ન્યૂ રોશેલમાં કોરોના વાયરસના ૨૩ નવા મામલા સામે આવ્યા, જે બાદ વેસ્ટ ચેસ્ટર કાઉન્ટીમાં આ વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૫૭ સુધી પહોંચી ગઈ છે.

ગવર્નર કુઓમોએ જાણકારી આપી કે કોરોનાથી સંક્રમિત મામલા હવે આખા દેશમાં ૭૬ થઈ ગયા છે અને આ આંકડો પાછલા કેટલાક દિવસોથી સતત વધી રહ્યો છે. તેમણે કહ્યું કે, રોકવે અને સારટોગા કાઉન્ટીમાં પણ નવા મામલા હતા. આ લોકો ન્યૂ રોશેલના તે વકીલના સંપર્કમાં હતા જે આ વાયરસના પહેલા રિપોર્ટ કરાયેલા મામલામાંથી એક હતો. કોરોના અત્યાર સુધીમાં ૭૦ દેશોમાં ફેલાયો છે. જ્યારે અમેરિકામાં મોતનો આંકડો ૧૯ સુધી પહોંચી ગયો છે.

ગવર્નરે વાયરસ પર પોતાના ડેઈલી અપડેટમાં કહ્યું, ન્યૂ રોશેલમાં સ્થિતિ સારી નથી. જેવું અમે જોયું છે સંખ્યા વધી રહી છે. આ વાયરસના એકથી બે મામલા, બેથી ચાર, પછી ૧૨ અને સંખ્યા ૨૦૦, ૪૦૦ અને ૮૦૦ સુધી જઈ શકે છે.

અનુસંધાન પાના નં. ૫

પરિવારના ત્રણ લોકો ઈટલીથી પરત ફર્યા,અન્ય બે લોકો સંપર્કમાં આવવાથી ચેપ લાગ્યો

કેરળમાં એક જ પરિવારના ૫ લોકોને કોરોના વાયરસ, ભારતમાં દર્દીઓને સંખ્યા ૩૯ થઈ

ચીનમાં રવિવારે ૨૭ના મોત

કોરોના વાયરસના કારણે ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭ લોકો મોતને ભેટ્યા છે. જે છેલ્લા એક મહિનામાં કોઈ એક દિવસે મોતને ભેટેલા લોકોની સંખ્યા સૌથી ઓછી છે. રવિવારે ચીનમાં ૪૪ કોરોનાના કેસો સામે આવ્યા છે, જેમાં ૪૧ હુબેઈ પ્રાંતના વુહાનમાંથી જ છે. ચીનમાં ૮૦ હજાર કરતા વધુ લોકોના કોરોના પોઝિટિવ આવ્યા છે.

ન્યુ દિલ્હી

ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. ભારતમાં ૩૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. કેરળમાં એક જ પરિવારના પાંચ લોકો કોરોના વાયરસની ઝપટમાં આવી ગયા છે. કેરળના સ્વાસ્થ્ય મંત્રી કેકે શૈલજાએ જણાવ્યું કે, તમામ પોઝિટિવ લોકોને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, પરિવારના ત્રણ લોકો ઈટાલીથી પરત ફર્યા છે અને બે અન્ય લોકોને તેમના સંપર્કમાં આવવાથી ચેપ લાગ્યો છે. ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસને લઈ ચાલતી અફવા પર ધ્યાન ન આપવા અને સાવધાની રાખવા લોકોને અપીલ કરી હતી.

દુનિયાભરમાં કોરોનાની પક્કડમાં એક લાખ લોકો આવી ચૂક્યા છે અને એમાંથી ૩૨૦૦થી વધુનાં મોત થયાં છે. ચીનમાં મૃત્યુઆંક ૩૦૦૦ને પાર પહોંચી ગયો છે. ઈરાનમાં કોરોના વાયરસથી ૧૧૦ જેટલાં લોકોનાં મોત થયા છે. દક્ષિણ કોરિયામાં પણ કોરોના વાયરસના ૧૯૬ નવા કેસ નોંધાયા છે. ત્યાં અત્યાર સુધીમાં ૬૨૦૦ લોકોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

અમેરિકાના ૨૮ રાજ્યોમાં કોરોના વાયરસના ૩૨૯ મામલાની પુષ્ટિ થઈ છે. જ્યારે મૃતકોની સંખ્યા ૧૫ પર પહોંચી છે. કેલિફોર્નિયામાં ગ્રેન્ડ પ્રિન્સેસ ક્રૂઝ શિપના ૨૧ લોકોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે.

તંત્રી સ્થાનેથી...

નારી પરદા પ્રથાની ચર્ચા

મહિલાઓને પરદામાં રાખવી એટલે કે કોઇ અમર્યાદિત પુરૂષની નજરના ગુનાની સજા કોઇ નિર્દોષ મહિલાઓને આપવાની પરિપાટી તો ભારત દેશમાં સદીઓથી છે. ૨૧મી સદીના આધુનિક ભારતમાં પણ આ પ્રથા પ્રવર્તી રહી છે. કેટલાક ચોક્કસ સમુદાયમાં તો આ પ્રથા જોરદાર રીતે અમલી થઇ રહી છે. આધુનિક અને ગતિશીલ સમાજમાં પણ પણ આવા પ્રતિબંધ નજરે પડે છે. જો કે આ પ્રકારના પ્રતિબંધને લઇને ઉદારવાદી અને રૂઢીવાદી લોકોના જુદા જુદા અભિપ્રાય છે. જો કે કેટલાક સમુદાયના લોકો પરદાને લઇને સન્માનની બાબત ગણે છે. આવી પરંપરા હવે જ્યારે નજરે પડે છે ત્યારે કેટલાક નિષ્ણાંતો આની સામે વાંધો ઉઠાવે છે અને ચિંતા વ્યક્ત કરે છે. એકબાજુ મહિલાઓને લોકશાહીમાં વધુને વધુ તક આપવાની વાત થઇ રહી છે. મહિલાઓને અનામતની વાત જોરશોરથી થઇ રહી છે. લોકશાહીમાં મહિલાની ભાગીદારીના નામે પંચાયત અને સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓને અનામત આપવામાં આવે છે. બીજી બાજુ ચૂંટાઇ આવ્યા બાદ આ મહિલાઓ લાંબા પરદામાં નજરે પડે છે. જ્યારે આવી મહિલાઓ તેમના માથા પરના પરદાને ઉંચા કરવાના અધિકાર પણ હાંસલ કરી શકતી નથી. જો આવી સ્થિતી છે તો તે ગામ, શહેરના વિકાસને કઇ રીતે જોઇ શકે છે. તેનો અંદાજ લગાવી શકાય છે. આજે પણ ઉત્તર ભારતમાં અનેક સમુદાયમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પરદા પ્રથા મજબુત રીતે જડ ધરાવે છે. લાંબા પરદાના રિવાજ રહેલા છે. પરદામાં કામ કરવાની મહિલાને ફરજ પડે છે. તેમને એ રીતે દબાવી દેવામાં આવી છે કે તે પોતાની મુશ્કેલીને પણ સારી રીતે રજૂ કરી શકતી નથી. તે પોતાની તકલીફમાં શબ્દોમાં પણ રજૂ કરી શકતી નથી. આ જ કારણસર પરદાના પ્રતિબંધના કારણે યોગ્ય અને કુશળ મહિલાઓ તેમજ શિક્ષિત મહિલાઓ પોતાના વ્યક્તિત્વને ગુમાવી દે છે. મોટો પ્રશ્ન એ થાય છે કે શુ કોઇ સંસ્કારી મહિલા પરદામાં નહી રહે તો તેની મર્યાદા ભંગ તઇ જશે. શુ કોઇ મહિલાને પરદામાં રહેવાથી દુરાચારથી બચાવી શકે છે. સામાન્ય રીતે વારંવાર હેવાલ સાંભળવા મળે છે કે ઘરની ચાર દિવાલોમાં રહેનાર અને મર્યાદામાં રહેનાર મહિલાઓ પણ પુરૂષ સંબંધી દ્વારા શોષણનો શિકાર થાય છે. આ પ્રકારની બાબત બની રહી રહી છે. આખરે પરદાની આડમાં શ્વાસ જે મહિલાઓના રોકાઇ રહ્યા છે તેની ચિંતા કોને છે. તેમના સ્વાભિમાનની ચિંતા કોઇને પણ દેખાતી નથી.અમને નૈતિક મુલ્યોનો પણ ભાન નથી તેમ શુ રૂઢીવાદી લોકો માને છે. દુરાચારી કેમ પરદા ન રાખે તે પણ પ્રશ્ન છે. અમને તર્ક વિતર્કમાં પડ્યા વગર આ દિશામાં ધ્યાન આપવાની ચોક્કસપણે જરૂર છે. પરદા પ્રથા ક્યારે કેમ અને કઇ રીતે આવી તેમાં પડ્યા વગર ધ્યાન આપવાની જરૂર છે. આંગળી તમામ પુરૂષો પર ઉઠે તે પણ હેતુ નથી. પ્રશ્ન એ થાય છે કે અમારી નકારાત્મક વિચારધારાને બદલી દેવાની જરૂર છે. નકારાત્મક વિચારધારા પર પરદા મુકવાની હિંમત ક્યારે આવશે અને આ સાહસ કોણ કરશે તે પ્રશ્ન રહેલો છે. પરિવર્તનના દોરમાં જો અમે બદલીશુ નહીં તો અમે રૂઢીવાદી સમાજને ખુબ જ પાછળ લઇ જશુ.શિક્ષક અને મહિલાઓ સાથે જુદા જુદા વિષય પર લેખ લખનાર નિષ્ણાંત નજમા ખાતુને હાલમાં જ મહિલાઓની પરદા પ્રથાને લઇને ઉપયોગી તર્કદાર વાત કરી છે.

મહિલાને લાંબા પરદામાં રાખવા માટેની બાબત તેમના વ્યક્તિત્વ પર પ્રહાર સમાન

દુનિયાભરમાં ખતરનાક વાયરસના કારણે વિવિધ ખેલ રદ-સ્થગિત

કોરોનાના લીધે આઇપીએલ રોકાશે

ઇન્ડિયન પ્રિમિયર લીગ (આઇપીએલ)ને સમયસર યોજવાની વાત ભલે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલી કરી રહ્યા છે પરંતુ તેના આયોજન પર પણ સંકટના વાદળો રહેલા છે. ખતરનાક કોરોના વાયરસના કારણે આઇપીએલને રોકવાની ફરજ પડી શકે છે. અથવા તો તેના આયોજનને આગળ વધારી દેવામા આવી શકે છે. હાલમાં દુનિયાના ૯૬ દેશોમાં જે રીતે કોરોના આતંક બાદ એક પછી એક મોટી સ્પર્ધાને રદ કરવામાં આવી રહી છે તે જોતા ભારતમા પણ હવે આવા નિર્ણય કરવાની શરૂઆત થઇ ગઇ છે. ભારતમાં કેટલીક સ્પર્ધા રદ કરવામાં આવી ચુકી છે. જેના ભાગરૂપે છત્તિસગઢના નેતૃત્વમાં યોજાનાર એપ્રિલ મહિનાની વર્લ્ડ સ્કુલ બાસ્કેટબોલ સ્પર્ધાને સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. કોરોના વાયરસના કારણે આંતરરાષ્ટ્રીય સ્કુલ સ્પોર્ટસ ફેડરેશન દ્વારા આ સ્પર્ધાને સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. રાયપુરમાં બાસ્કેટબોલ સ્પર્ધાનુ આયોજન ૧૮મી એપ્રિલથી શરૂ થનાર હતી. સાથે સાથે ૨૪મી એપ્રિલ સુધી ચાલનાર હતી. ઉપરાંત કોરોના વાયરસના કારણે જ દિલ્હીના કર્ણીસિંહ શુટિંગ રેંજમાં આયોજિત કરવામાં આવેલી વર્લ્ડ કપ શુટિંગ સ્પર્ધાને સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવે તેનુ ઓજન બે તબક્કામાં મે અને જુનમાં કરવામાં આવનાર છે. ભારતીય રાષ્ટ્રીય રાઇફલ સંઘના અધ્યક્ષ તથા આંતરરાષ્ટ્રીય રાઇફલ મહાસંઘના નાયબ અધ્યક્ષ દ્વારા કહેવામાં આવ્યુ છે કે કોરોના વાયરસના કારણે આ વિશ્વ કપને સ્થગિત કરવાનો નિર્ણય કરવાની ફરજ પડી છે. ઇન્ડિયન પ્રિમિયર લીગને પણ થોડાક સમય માટે મોકુક કરવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આઇપીએલની શરૂઆત ૨૯મી માર્ચના દિવસે થઇ રહી છે. વિશ્વમાં સૌથી અમીર ક્રિકેટ લીગ તરીકે આને જોવામાં આવે છે. આના આયોજનને લઇને પણ હવે શંકા જોવા મળી રહી



હાલમાં પેરિસ મેરાથોન, વર્લ્ડ કપ શુટિંગ સહિતના સ્પર્ધા રદ થઇ ચુકી છે : આઇસીસી ચેલેન્જ લીગ પણ સ્થગિત કરવાનો નિર્ણય કરાયો

છે. બીસીસીઆઇના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ નિર્ધારિત સમય મુજબ આયોજન કરવા અને કેન્દ્ર સરકારના તમામ નિયમોને પાળવાની વાત કરી હોવા છતાં ક્રિકેટરો વાંધો ઉઠાવે તેવી શક્યતા છે. કોરોના વાયરસના કારણે હાલમાં તો ટોકિયા ઓલિમ્પિકના આયોજન પણ પણ ખતરો તોળાઇ રહ્યો છે. હાલમાં તો તમામની નજર આઇપીએલ યોજાશે કે કેમ તેના પર કેન્દ્રિત થઇ ગઇ છે. જેમાં ભારત અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમના ખેલાડી ભાગ લેતા રહે છે. આઇપીએલની પ્રથમ મેચ ૨૯મી માર્ચના દિવસે ગયા વર્ષના ચેમ્પિયનમુંબઇ ઇન્ડિયન અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે રમાનારી મેચ સાથે થનાર છે. આઇપીએલ હવે એક ગ્લોબલ સ્પર્ધા બની ચુકી છે. જેમાં ખેલાડી, સપોર્ટ સ્ટાફ, વહીવટી અધિકારીઓ પણ મોટી સંખ્યામાં ભાગ લઇ રહ્યા છે. પ્રસારણ સેવાના લોકો દુનિયાભરમાંથી પહોંચે છે. ભારતમાં કોરોના વાયરસની અસર એટલી દેખાઇ રહી નથી પરંતુ આઇપીએલને લઇને અત્યારથી જ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલમાં દુનિયાભરમાં અનેક સ્પર્ધા રદ કરવામાં આવી ચુકી છે. કોરોના વાયરસના કારણે જ પેરિસ મેરાથોનને પણ સ્થગિત કરી દેવામાં આવી છે. પાંચમી એપ્રિલના દિવસે તેનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. નવી તારીખની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. ગાંગુલીએ કહ્યુ છે કે આઇપીએલ દરમિયાન તમામ કાયદા કાનુન અને દિશા નિર્દેશોને પાળવામાં આવનાર છે. કેટલીક સ્પર્ધાઓને પહેલાથી જ ટાળી દેવામાં આવી છે. જેમાં ચીનમાં નોનજિંગમાં ૧૩મી માર્ચથી યોજાનાર વર્લ્ડ એથલેટિક્સ સ્પર્ધાને વર્ષ ૨૦૨૧ સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉત્તર કોરિયા દ્વારા પણ એપ્રિલમાં આયોજિત ઐતિહાસિક પ્યોગયાંગ મેરાથોનને રદ કરવાનો નિર્ણય કર્યો છે. દક્ષિણ કોરિયાના પાટનગર શિયોલમાં આયોજિત શિયોલ મેરેથોનને પણ રદ કરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. પેરિસ હાફ મેરાથોન પણ રદ કરવામાં આવી ચુકી છે. ફ્રાન્સ સરકારે એવી તમામ સ્પર્ધાને પ્રતિબંધિત કરી દીધી છે જેમાં પાંચ હજાર કરતા વધારે લોકો પહોંચે છે. આ તમામ પગલા કોરોના વાયરસના કારણે લેવામાં આવી રહ્યા છે. જર્મનીમાં પણ જર્મન ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપને પણ રદ કરવામાં આવી ચુકી છે. આનુ આયોજન ત્રીજી માર્ચથી કરવામાં આવ્યુ હતુ. વિયેતનામ અને પોલીશ ઓપન બેડમિન્ટનને પણ સુરક્ષાના કારણોસર રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સ્કોટલેન્ડ અને ઇટાલી વચ્ચે યોજાનાર મહિલા રગ્બી સ્પર્ધાને ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આયરલેન્ડ અને ઇટાલી વચ્ચે યોજાનાર મેચને પણ રદ કરી દેવામાં આવી છે. અન્ય સ્પર્ધા જેમ કે સંયુક્ત અરબ અમિરાત ખાતેની સાયકલિંગ સ્પર્ધા, દક્ષિણ કોરિયાની બેઝબોલ સ્પર્ધા, તેમજ દક્ષિણ કોરિયાાની ટેબલ ટેનિસ સ્પર્ધા રદ કરવામાં આવી છે.

ઉડ્ડયન સેક્ટરમાં નવા પ્રાણ ફુંકવા માટે પગલા જરૂરી છે કારણ કે...

મંદી વચ્ચે ઉડ્ડયન સેક્ટર કટોકટીમાં

આર્થિક મંદીના માહોલમાં હાલના સમય મોટા ભાગના સેક્ટરમાં જોરદાર કટોકટી જારી છે. ઉડ્ડયન સેક્ટરમાં હાલમાં એક પછી એક નવી સમસ્યા આવી રહી છે. એરલાઇન્સ માટે તેમની ફ્લાઇટ ઓપરેશનમાં પણ રાખવા સામે પણ પડકારો આવી રહ્યા છે. જો અભ્યાસ કરવામાં આવે તો જાણી શકાય છે કે આ ક્ષેત્રમાં મંદી માટે કેટલાક નક્કર કારણો રહેલા છે. હાલમાં ઉડાણો મુશ્કેલ બની રહી છે. દેશમાં પૂર્ણ એવિએશન સેક્ટર છેલ્લા કેટલાક સમયથી ભારે સંકટમાં છે. સંકટમાંથી બહાર નિકળી જવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં તેમાં કોઇને કોઇ હિસ્સેદારી ની હાલત કફોડી બની રહી છે. વિજય માલ્યાની કિંગ ફિશર પહેલાથી જ ડુબી ચુકી છે અને બંધ પણ થઇ ચુકી છે પરંતુ હાલના સમયમાં ઇન્ડિગો, સ્પાઇસ જેટ અને ગોએરની હાલત પણ કફોડી બનેલી છે. સરકારી એર ઇન્ડિયાની હાલત પણ સારી નથી તમામ નાની મોટી એરલાઇન્સ નાણાંકીય મોરચા પર મુશ્કેલીનો સામનો કરી રહી છે. એર ઇન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સેદારી વેચવા માટેની તૈયારી સરકાર દ્વારા દર્શાવવામાં આવી ચુકી છે. આમાં કેટલીક શરતો રાખવામાં આવી છે. અગાઉ હિસ્સેદારીને વેચવા માટેના પ્રયાસમાં સફળતા મળી ન હતી. ૪૦થી ૪૨.૫ ટકા માર્કેટ હિસ્સેદારી ધરાવનાર ઇન્ડિગોની વાત કરવામાં આવે તો તેના શુદ્ધ નફામાં ઘટાડો થયો છે. જ્યારે આ ત્રિમાસિક ગાળામાં સ્પાઇસ જેટના શુદ્ધ નફામાં મોટો ઘટાડો થયો છે. સ્થિતી એ છે કે ક્ષેત્રીય એરપોર્ટ વિકસિત કરવામાં આવ્યા બાદ બે વર્ષ પહેલા જ લોંચ કરવામાં આવેલી ઉડાણ સ્કીમ હેઠળ ટેન્ડર ભરનાર છ એરલાઇન્સ પોતાના ઓપરેશન બંધ કરી ચુકી છે. આની કિંમત યાત્રીઓને



વિમાની ટિકિટના દર ઓછા રાખવાની મજબુરી, ફ્યુઅલ અને પાર્કિંગ ચાર્જ , લીઝના વધતા ખર્ચના કારણે સંતુલન જાળવવાની બાબત જટિલ

ચુકવવાની ફરજ પડી રહી છે. આના કારણે યાત્રીઓને ફ્લાઇટ કેન્સિલેશન અને વધારી દેવામાં આવેલી ટિકિટની કિંમતોચુકવવાની ફરજ પડી છે. એવિએશન સેક્ટરની અનિયમતત્તાના કારણે સરકારની હાલત પણ કફોડી બની રહી છે. અત્રે નોંધનીય છે કે ભારતમાં હજુ સુધી ઉડ્ડયન ક્ષેત્ર અથવા તો એવિએશન સેક્ટર સરકારી પૈસા પર આગળ વધતા કેટલીક તકલીફો આવતી રહી છે. હજ અંગેની સબસિડી હોય કે પછી સરકારી વિમાની યાત્રા કરનાર લોકોના બિલની ચુકવણી કરવાની બાબત હોય તમામ મોરચે કેટલીક સમસ્યા આવતી રહી છે. જ્યારે સરકારો આના ખર્ચને લઇને સાવધાન થઇ ત્યારે અને કાનગી વમાની કંપનીઓની દરમિયાનગીરીથી વિમાની યાત્રી પણ સામાન્ય રીતે આમાં આવવા લાગી ગયા છે. આ વિશાળ ગ્રાહક વર્ગને આકર્ષિત કરવા માટે ટિકિટના દર ઓછા રાખવાની ફરજ પડી હતી. આવી સ્થિતીમાં ફ્યુઅલ, પાર્કિંગ અને લીઝના વધતા જતા ખર્ચની વચ્ચે સંતુલન જાળવવા માટેની બાબત મુશ્કેલરૂપ બની ગઇ છે. ઉડ્ડયન સેક્ટરની સામે જે તકલીફો આવી રહી છે તે દિશામાં વધારે પ્રયાસ કરવાની જરૂર છે. કારણ કે સમસ્યા હજુ વધી શકે છે. બોઇંગ ૭૩૭ વિમાન બંધ કરવામાં આવ્યા બાદ પણ કેટલીક સમસ્યા ઉભી થઇ ગઇ છે. આ સમસ્યાને પણ લાંબા ગાળે તો દુર કરી લેવામાં આવનાર છે પરંતુ આ સેક્ટરના ફેલાવા માટેના પડકારો હજુ અકબંધ રહેનાર છે.ઉડ્ડયન સેક્ટરની સ્થિતીને સરળ કરવા માટે જુદા જુદા પગલા લેવામાં આવે તે જરૂરી છે. ઉડ્ડયન સેક્ટરમાં કટોકટી માટે વિવિધ પરિબળોને જવાબદાર ગણવામાં આવે છે. જેમાં મેનેજમેન્ટની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે. એરલાઇન્સ વચ્ચે ગળા કાપ સ્પર્ધા પણ ચાલી રહી છે. લો કોસ્ટ મારફતે કેટલીક એરલાઇન્સો યાત્રીઓને પ્રભાવિત કરવાના વર્ષોથી પ્રભાવિત કરી રહી છે. સરકાર પણ ઉડ્ડયન સેક્ટરની સમસ્યા કઇ રીતે દુર થાય તે દિશામાં સંબંધિત વિભાગોના લોકો સાથે બેસીને આગળ વધે તે જરૂરી છે.

વિતેલા વર્ષોમાં કિંગ ફિશરની હાલત ખુબ ખરાબ થયા બાદ તેને બંધ કરવાની ફરજ પડી હતી. આ ઉપરાંત જેટ સામે પણ આવી જ સમસ્યા આવી હતી. એર ઇન્ડિયાને વેચવાના પ્રયાસ ઘણા સમયથી ચાલી રહ્યા છે. પહેલા ૭૫ ટકા અને હવે ૧૦૦ ટકા હિસ્સેદારી વેચવા માટેની તૈયારી કરવામાં આવી છે.


યશ બેંકના સંકટથી દેશમાં ભારે હાહાકાર મચી ગયો પરંતુ...

સરકારી બેંકોની હાલત હાલ કફોડી

યશ બેંક પરેશાનીમાં આવી ગયા બાદ તેના ખાતેદારોની ઉંઘ હરામ થઇ ગઇ છે. ખરાબ હાલતના સમાચાર અને બેંક ડુબી જશે તેવા હેવાલ વચ્ચે ખાતેદારો બેંકની શાખાઓ અને એટીએમ પણ ઉમટી પડ્યા હતા. ચિંતાતુર તમામ લોકો દેખાયા હતા. એટીએમમાંથી પૈસા નિકળી રહ્યા નથી. શાખાઓ પર ખળભળાટ મચેલો છે. ત્યાં પણ પૈસા આપવામાં આવી રહ્યા નથી. અન્ય કોઇ ગતિવિધી થઇ રહી નથી. ગ્રાહકોને તેમના પૈસા ડુબી જવાની દહેશત સતાવી રહી છે. શેરબજારમાં તેની માઠી અસર થઇ છે. થોડાક સમય પહેલા પીએમસી બેંક દેવાળુ ફુંકી ગયા બાદ તેની યાદ યશ બેંકના લોકોમાં તાજી થઇ હતી. આ બેંકના લોકોએ પૈસા મેળવી લેવા માટે દેખાવો કર્યા હતા. જેમાં એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. જો કે સ્થિતી પહેલા જેવી ન થાય તે માટે રિઝર્વ બેંક અને મોદી સરકાર આ વખતે તૈયાર દેખાઇ રહી છે. રિઝર્વ બેંકે યશ બેંકનુ સંચાલન પોતાના હાથમાં લઇ લીધુ છે. આના કારણે મહિનામાં ૫૦ હજાર રૂપિયા સુધી ઉપાડની મર્યાદા મુકી દેવામાં આવી છે. જ્યારે મોદી સરકારે પણ ભારતીય સ્ટેટ બેંક અને અન્ય નાણાંકીય સંસ્થાઓને યશ બેંકને ખરીદી લેવા માટે આગળ વધવાની મંજુરી આપી દીધી છે. બીજી બાજુ યશ બેંકની સ્થિતી છલ્લા ત્રણ ચાર વર્ષથી સતત બગડી રહી હતી. બેકે જે લોકોના લોન આપી હતી તે પોતે મુશ્કેલીમાં છે. કેટલીક કંપનીઓ તો દેવાળુ ફુંકી ચુકી છે. પૈસા પરત આવવાનો સિલસિલો તુટ્યો ત્યારે બેંકની હાલત બગડવા લાગી ગઇ હતી. નુકસાનથી બચવા માટે યશ બેંકે નાણાં એકત્રિત કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જેના કારણે તેની રેટિંગ ખરાબ થઇ હતી. રોકાણકારો, જમા કરનાર લોકોએ તેમના પૈસા પાછા ખેંચી લેવાની શરૂઆત કરી દીધી હતી. બેંક મેનેજમેન્ટે તમામ બાબતો છુપાવી હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં યશ બેંકે આશરે ૩૨૭૭ કરોડ રૂપિયાના એનપીએને પોતાના ખાતામાં ન દર્શાવતા તેની હાલત વધારે ખરાબ થઇ હતી. રિઝર્વ બેંકને પણ અંધારામાં રાખવામાં આવી હતી. બેંકને ટુંક સમયમાં જંગી રોકાણ મળનાર છે તેવી વાત કરવામાં આવી હતી. જો કે મેનેજમેન્ટની પાસે નાણાં માટે કોઇ નક્કર આયોજન ન હતુ. હાલત તો હાલમાં તમામ સરકારી બેંકોના ખરાબ છે. કેટલીક મોટી નોન બેકિંગ ફાયનાન્સિયલ સંસ્થાઓ તો એક ઝટકામાં ડુંબી ગઇ છે. આ ભારતીય અર્થવ્યવસ્થા માટે સારી બાબત નથી. સમસ્યાની જડ કેટલીક હદ સુધી ઉદ્યોગો પણ છે. વેપારીની સુસ્તી પણ રહેલી છે. જો કે લોન લઇ લીધા બાદ પરત નહીં આપવાની બિમારી અમારી જુની બિમારી છે. આના પર રોક એ વખતે જ મુકાશે જ્યારે બેંકોની લોનને ઘરની ખેંતી સમજનાર લોકો પર અંકુશ મુકી શકાશે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસને ગતિ આપવા માટે કેટલાક ઉદ્યોગોને આંખ બંધ કરીને લોન આપવામા આવી છે. જેમાં કેટલાક ભાગેડુ જાહેર કરવામા આવી ચુક્યા છે. આ ઉપરાંત પણ કેટલીક બેંકોએ કેટલીક યોજના હેઠળ પર જંગી લોન આપી છે. જેની વાપસીની કોઇ ગેરંટી નથી. હવે યશ બેંકના ખાતેદારોને તેમની જમા રકમ પરત મળે તે સરકારની પ્રથમ પ્રાથમિકતા રહે તે જરૂરી છે. બેકિંગ ક્ષેત્રમાં લોકોનો વિશ્વાસ અકબંધ રહે તેવા પ્રયાસ જરૂરી છે. જો સામાન્ય વ્યક્તિના વિશ્વાસ અર્થતંત્ર પરથી ઉઠી જશે તો તેને પરત સ્થાપિત કરવામાં ખુબ સમય લાગી શકે છે. દેશભરમાં યશ બેંકની ૧૦૦૦ કરતા વધારે શાખા છે. અને ૧૮૦૦ એટીએમ છે. કોઇ સમય તમામ લોકોના મનમાં રહેલી યશ બેંક હવે ડુબી જવાના આરે છે. યશ બેંકને સરેરાશ કરતા વધારે નાણાં આપવા માટે પણ ઓળખવામાં આવે છે. સરકાર તરફથી યશ બેંકને બચાવી લેવા માટે એક યોજના તૈયાર કરવામાં આવી ચુકી છે. જેમાં ભારતીય સ્ટેટ બેંકનુ નામ આગળ કરવમાં આવ્યું છે. સરકાર એસબીઆઇના નેતૃત્વમાં બનાવવામાં આવેલા કન્સોર્ટિયમ મારફતે યશ બેંકમાં હિસ્સેદારીને ખરીદવા માટે વિચારણા કરી રહી છે. આ યશ બેંકના પ્રમોટરોની બેંકમાં હિસ્સેદારી ૮.૩૩ ટકા છે. જ્યારે એમએફ અને વિદેશી મુડીરોકાણકારી પાસે ૩૧મી ડિસેમ્બર સુધી ક્રમશઃ ૫.૦૯ ટકા અને ૧૫.૧૭ ટકાની હિસ્સેદારી રહેલી છે. યશ બેંકમાં સ્થિતિ હાલ નહી સુધરે.અશોક કપુરે તેમના મિત્ર રાણા કપુરની સાથે મળીને ૨૦૦૪માં યશ બેંકની શરૂઆત કરી હતી. જોકે, મુંબઇ ત્રાસવાદી હુમલામાં અશોક કપુરના મોત બાદ અશોક કપુરની પત્ની મધુ કપુર અને રાણા કપૂર વચ્ચે બેંકની માલિકીના હકને લઈને લડાઈ શરૂ થઈ હતી. આ લડાઈ ખુબ તીવ્ર બની હતી. મધુ પોતાની પુત્રી માટે બોર્ડમાં જગ્યા ઈચ્છતી હતી. સ્થાપના ચાર વર્ષ બાદ જ પરિવારમાં ખેંચતાણના લીધે બેંકની હાલત ખરાબ થવા લાગી હતી અને આજે આ સ્થિતિ થઈ છે. મામલો કોર્ટમાં પણ પહોંચી ગયો હતો.

થોડાક સમય પહેલા દેવાળુ ફુંકી ચુકેલી પીએમસી બેંકની યાદ ફરીએકવાર તાજી થઈ : ભારતીય અર્થવ્યવસ્થા માટે ચિંતાજનક બાબત

ફિલ્મી ગપસપ...



હોળી અને ધૂળેટી પાર્ટી બોલિવૂડમાં શરૂ થઈ ગઈ છે. અને આ પાર્ટીમાં પતિ નિક જોનાસ સાથે મસ્તી કરવા મુંબઈ આવી પહોંચી હતી પ્રિયંકા ચોપરા. પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે મુંબઈમાં એક હોળી પાર્ટીને સાથે માણી છે. આ પાર્ટીમાં તેમણે કેટલી મસ્તી કરી છે તેની તસવીરો તેમણે પોતે તેમના સોશિયલ મીડિયા પર મૂકી છે.

હું 'ગિલ્ટી'માં મારા કેરેક્ટર જેવી બિલકુલ નથી : કિઆરા અડવાણી

મુંબઈ

ફિલ્મ 'કબીર સિંઘ'ની શરમાળ પ્રીતિના કેરેક્ટરથી ઓડિયન્સનાં દિલ ધબકાવનારી કિઆરા અડવાણી રિસન્ટલી ફોટોગ્રાફર ડબ્બૂ રત્નાનીના કેલેન્ડર માટે કરવામાં આવેલા બોલ્ડ ફોટોશૂટના કારણે ચર્ચામાં રહી હતી. તે નેટફ્લિક્સની ફિલ્મ 'ગિલ્ટી' માટે પણ ન્યૂઝમાં છે. ખાસ વાત એ છે કે, આ ફિલ્મમાં કિઆરા એક બિન્દાસ્ત મોડર્ન ગર્લના રોલમાં છે. કિઆરા અનુસાર 'ગિલ્ટી'માં તેનું કેરેક્ટર તેના રિયલ લાઈફ સ્વભાવથી સાવ અલગ છે. એટલા માટે તેને આ કેરેક્ટરને પ્લે કરવાની ખૂબ મજા આવી હતી. તે કહે છે કે, 'હું 'ગિલ્ટી'માં મારા કેરેક્ટર



જેવી બિલકુલ જ નથી અને પોતાને ભૂલાવીને એક નવી ઓળખ લાવવામાં જ મજા છે. અહીં ફક્ત લુકની વાત નથી. મારું કેરેક્ટર જે રીતે વિચારે છે, તેના જે એક્સપિરિયન્સીસ રહ્યા છે, એ મારાથી અલગ છે.

આ ફિલ્મમાં તેનો ડાયલોગ કહે છે કે, 'હર કિસી મેં કોઈ ન કોઈ કમી હોતી હૈ.' એટલે અમે કિઆરાને પૂછ્યું કે, તમારામાં કોઈ ખામી હતી તો એના જવાબમાં તે કહે છે કે, 'મારી નબળાઈ એ હતી કે, હું પહેલાં ખૂબ શરમાળ હતી. હું હંમેશાથી એક્ટ્રેસ બનવા ઈચ્છતી હતી, પરંતુ સ્કૂલમાં એટલી બધી શરમાળ હતી કે, કોઈને કહેતી પણ નહોતી કે, મારે એક્ટ્રેસ બનવું છે. ફક્ત મારા પરિવારને ખ્યાલ હતો. કેમ કે, તેઓ મારી નૌટંકી જોતા રહેતા હતા. હું દરેક વીકેન્ડમાં હિન્દી ફિલ્મ્સ જોતી રહેતી હતી. એ પછી સ્કૂલના છેલ્લાં વર્ષમાં મેં વિચાર્યું કે, હું એક્ટ્રેસ કેવી રીતે બનીશ? કેમ કે, મેં સ્કૂલમાં એક પણ નાટકમાં પાર્ટિસિપેટ નહોતું કર્યું. બસ ત્યારે મેં નક્કી કર્યું કે, હું સ્ટેજ પર પરફોર્મ કરીશ. બસ ત્યારે મેં મારા શરમાળ સ્વભાવને ઓવરકમ કર્યો હતો. બાકી તો હું ખૂબ શરમાળ હતી.'

પ્રિયંકા ચોપરા મારા કરતા સિનિયર અભિનેત્રી છે: સોફી ટર્નર

મુંબઈ

ફિલ્મ ગેમ ઓફ થ્રોન્સની અભિનેત્રી સોફી ટર્નરે તેની ભાભી અને બોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાની યુ.એસ.માં એક મુલાકાતમાં પ્રશંસા કરી હતી. તેણે જોનાસ પરિવારનો ભાગ હોવાનું અને તેની ભાભી પ્રિયંકા અને ડેનિયલ જોનાસને બે 'બિલ્ટ-ઈન ગર્લફ્રેન્ડ' ગણાવી હતી. પ્રિયંકા વિશે વાત કરતા સોફીએ કહ્યું હતું કે તેણે ઘણી વાર પોતાને યાદ કરાવવું પડશે કે પ્રિયંકા ખૂબ જ સિનિયર અભિનેત્રી છે. આ અંગે ખુલાસો કરતાં તેણે કહ્યું કે, 'પ્રિયંકા સાથે મારો સંબંધ ખાસ છે. મને પોતાને યાદ કરાવવું પડશે કે તેણે બોલિવૂડમાં ૨૦ વર્ષની કારકિર્દી લીધી હતી.

આમિર ખાને તેની આગામી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'નું ચંદીગઢનું શૂટિંગ પૂરું કરી લીધું છે. હવે ફિલ્મનું આગામી શૂટિંગ શેડ્યૂઅલ અમૃતસરમાં હશે. આ ફિલ્મમાં આમિર ખાન સાથે કરીના કપૂર પણ લીડ રોલમાં છે. ફિલ્મમાં આમિર દાઢીધારી પંજાબી અને ક્લીન શેવ

આમિર ખાને 'લાલ સિંહ ચઢ્ઢા'નું ચંદીગઢ શેડ્યૂઅલનું શૂટિંગ પૂરું કર્યું



મુંબઈ

લુકમાં દેખાશે. આમિર ખાન ભારતભરમાં ફરીને શૂટિંગ કરી રહ્યો છે કારણકે મેકર્સ ફિલ્મને રિયલ લોકેશન પર શૂટ કરીને ઓથેન્ટિક બનાવવા ઈચ્છે છે. અગાઉ ફિલ્મનું શૂટિંગ હિમાચલ પ્રદેશમાં થયું હતું. આ ફિલ્મમાં મોના સિંહ પણ સામેલ છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર રેપ અપના ફોટો શેર કર્યા હતા.

'લાલ સિંહ ચઢ્ઢા' હોલિવૂડ ફિલ્મ 'ફોરેસ્ટ ગમ્પ'નું ઓફિશિયલ અડેપ્ટેશન છે. ફિલ્મના ડિરેક્ટર 'સિક્રેટ સુપરસ્ટાર' ફેમ ડિરેક્ટર અદ્વૈત ચંદન છે. આ ફિલ્મને અલગ-અલગ ભાષામાં એક્ટિંગ કરી ચૂકેલા એક્ટર અતુલ કુલકર્ણીએ લખી છે. ફિલ્મને વાયાકોમ અને આમિર ખાન પ્રોડક્શન સાથે પ્રોડ્યૂસ કરી રહ્યું છે. આ ફિલ્મમાં આમિર અને કરીનાની સાથે સાઉથ સ્ટાર વિજય સેતુપતિ પણ સામેલ છે. આ ફિલ્મ તેમની બોલિવૂડ ડેબ્યુ ફિલ્મ છે. આ ફિલ્મ ક્રિસમસ પર રિલીઝ થવાની છે.

એક્ટર્સને અંગત જીવનમાંથી પ્રેરણા મળે છે : ઈરફાન ખાન

મુંબઈ

બોલિવૂડ એક્ટર ઈરફાન ખાને કહ્યું હતું કે છેલ્લાં બે વર્ષથી તબિયતને લઈ ચાલી રહેલાં સંઘર્ષે તેમને વધુ સંવેદનશીલ બનાવી દીધા છે. આગામી ફિલ્મ 'અંગ્રેજી મીડિયમ'ના એક પ્રમોશનલ ઈન્ટરવ્યૂમાં ઈરફાને ઈમોશનલ થઈને કહ્યું હતું કે જ્યારે જીવનના અનુભવ ઝડપથી બદલાતા હોય તો એક્ટર પર પણ બદલાવનું દબાણ હોય છે. એક્ટર્સને તેમના અંગત જીવનમાંથી પ્રેરણા મળતી હોય છે. ઈરફાને આગળ કહ્યું હતું, આખી જિંદગી હું આ ફિલ્મના ક્રૂ મેમ્બર્સનો આભાર માનીશ. મને ખ્યાલ નહોતો કે આવા વાતાવરણમાં હું શૂટિંગ કરી શકીશ કે નહીં? જોકે, સિનેમેટોગ્રાફર અનિલ મહેતાએ આ વાતને સરળ



બનાવી દીધી હતી. કદાચ હું વધુ સંવેદનશીલ બની ગયો છું. કારણ કે, મેં મારી આસપાસના નાનામાં નાના ઈશારા પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. ઈરફાને વધુમાં કહ્યું હતું, પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સર્વશ્રેષ્ઠ શૂટિંગનો અનુભવ સંભવ છે. પછી તે મારું સ્વાસ્થ્ય હોય કે મૌસમ. અમે ક્યારેક ઉદયપુરમાં ૪૮ ડિગ્રીમાં શૂટિંગ કરતા હતાં તો ક્યારેક લંડનની ૨ ડિગ્રી ઠંડીમાં. જોકે, તમામ જગ્યાએ પોઝિટિવ વાઈબ્સ હતાં.

'બાગી-૩'એ પહેલા જ દિવસે કરી ૧૭.૫૦ કરોડની કમાણી

મુંબઈ

બોલિવૂડમાં ટાઈગર શ્રોફની જે ફિલ્મને લઈને દર્શકોમાં ખૂબ જ ઉત્સાહ હતો તે બાગી-૩ શુક્રવારે રીલિઝ થઈ ગઈ છે. ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂરની આ ફિલ્મની મિક્સ રીવ્યૂ મળ્યા હતા. આ ફિલ્મમાં ટાઈગર શ્રોફને સૌથી વધુ પસંદ કરવામાં આવી રહ્યો છે. કારણ કે તેણે ઈમોશનથી લઈને રોમાન્સથી ભરેલા તમામ સીન્સમાં દમદાર પ્રફોર્મન્સ આપ્યું છે. અને કદાચ આ જ કારણ છે કે ટાઈગર શ્રોફના ફેન્સે પહેલા દિવસે આ ફિલ્મને સહર્ષ સ્વીકારી છે. અને બોક્સ ઓફિસ પર સારી કમાણી કરાવી છે. ટાઈગર શ્રોફની બાગી ૩ પહેલા દિવસે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરીને તે સાબિત કરી દીધુ કે એક્શન ફિલ્મોને દર્શકો સૌથી વધુ પસંદ કરે છે. બોક્સ ઓફિસ ઈન્ડિયા ડોટ કોમ વેબસાઈટ મુજબ ટાઈગર શ્રોફની ફિલ્મ બાગી ૩ પહેલા દિવસે ૧૭થી ૧૮ કરોડની કમાણી કરી છે.

હોલી પાર્ટીમાં પ્રેમના રંગમાં રંગાયા કેટરિના-વિક્કી

મુંબઈ

દર વર્ષે હોળીના તહેવાર પર અંબાણી પરિવાર શાનદાર પાર્ટીનું આયોજન કરે છે. આ વખતે પણ આવું જ કંઈક બન્યુ. ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની દિકરી ઈશા અંબાણીએ પાર્ટીનું આયોજન કર્યુ હતું જેમાં બોલીવુડની અનેક હસ્તિઓ સામેલ થઈ હતી. હોલી મિલન પાર્ટીમાં પ્રિયંકા ચોપરા પતિ નિક જોનાસ સાથે સામેલ થઈ હતી. આ ઉપરાંત જેક્લીન ફર્નાન્ડીસ, રાજકુમાર રાવ અને ડાયના પેન્ટી સહિત અનેક સ્ટાર્સ નજરે આવ્યા. આ વચ્ચે બી ટાઉનના બે સ્ટાર્સ વિક્કી કૌશલ અને કેટરિના કૈફે સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કર્યુ. તેમનો હોળી રમતો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ગોસિપ ગલીઓમાં વિક્કી કૌશલ અને કેટરિના કૈફ વચ્ચે લાંબા સમયથી અફેરની ખબરો ચાલી રહી છે. પાર્ટીની અંદરની તસવીરો અને વિડીયો સામે આવ્યા છે જેમાં વિક્કી કૌશલ, કેટરીના કૈફને રંગ લગાવતા નજરે આવી રહ્યો છે. બંને હોળીના રંગમાં રંગાયેલા નજરે આવી રહ્યાં છે. અંબાની પાર્ટીમાં વિક્કી કૌશલ અને કેટરિના કૈફ લગભગ એકસાથે પહોંચ્યા. બંને સાથે ડાન્સ કરતાં નજરે આવ્યા. વિક્કી અને કેટરિના વચ્ચે ઘટતું અંતર તેમના અફેરની ખબરોને વધુ હવા આપતુ નજરે આવી રહ્યું છે.

રમત જગત વિશેષ

ભારતનાં પૂર્વ બેટ્સમેન વસીમ ઝાફરે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસ લીધો

ન્યુ દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ બેટ્સમેન વસીમ ઝાફરે શનિવારે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. ૪૨ વર્ષીય ઝાફરે ૩૧ ટેસ્ટ મેચમાં ૩૪.૧૧ના અંદાજથી કુલ ૧૯૪૪ રન બનાવ્યા, જેમાં ૫ સદી અને ૧૧ અર્ધસદી ફટકારી હતી. તેમનો સર્વોચ્ચ સ્કોર ૨૧૨ રન રહ્યો છે. આ રીતે ૨ દાયકાથી સતત રમી રહેલ ઝાફરના શાનદાર કરિયરનો અંત થઈ ગયો છે.

ઝાફરે પોતાના પોતાના નિવેદનમાં કહ્યું કે, સૌથી પહેલા તો હું અલ્લાહનો આભાર કરીશ કે તેણે મને આ શાનદાર રમત રમવા માટે પ્રતિભા આપી. હું મારા પરિવારજનો, મારા માતાપિતા અને ભાઈઓનો આભાર વ્યક્ત કરવા માંગુ છું, જેઓએ મને આ રમત રમવા માટે પ્રોત્સાહિત કર્યા. હું મારી પત્નીનો આભાર વ્યક્ત કરવા માંગીશ, જેણે મારું ઘર વસાવવા અને મારા બાળકો માટે ઈંગ્લેન્ડની આરામદાયક જિંદગી છોડી દીધી. મારા તમામ પ્રશિક્ષકોનો વિશેષ આભાર. સિલેક્શન કર્તાઓનો ભારે હૃદયથી આભાર વ્યક્ત કરું છું, જેઓએ મારા પર ભરોસો વ્યક્ત કર્યો.

આ સલામી બેટ્સમેન કેટલાક એવા ભારતીય બેટ્સમેનમાં સામેલ છે, જેઓએ વેસ્ટ ઈન્ડીઝમાં ડબલ શતક લગાવી હતી. તેમણે



કેરેબિયન ટીમની વિરુદ્ધ સેન્ટ લૂસિયામાં ૨૧૨ રનની પારી રમી હતી.

જાફેર ૨૦૦૬માં દક્ષિણ આફ્રિકાની વિરુદ્ધ ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હુતં. તેમણે પોતાની પહેલી એકદિવસીય આંતરરાષ્ટ્રીય મેચ ૨૦૦૬માં રમી હતી. જાફર માત્ર બે વનડે રમ્યા હતા, જેમાં દસ રન બનાવ્યા હતા. જોકે, ઘરેલુ ક્રિકેટ, ખાસ કરીને રણજી ટ્રોફીમાં તેમના પ્રદર્શન માટે યાદ કરવામાં આવે છે.

આજે સૌરાષ્ટ્ર-બંગાળ વચ્ચે રણજી ટ્રોફીની ફાઇનલ

બંગાળની ટીમ ૧૪મી વખત ફાઇનલમાં, ૧૯૩૮ અને ૧૯૯૦માં વિજેતા બની હતી

રાજકોટ

સૌરાષ્ટ્ર અને બંગાળની ટીમ આજે રાજકોટના ખંઢેરી સ્ટેડિયમ ખાતે રણજી ટ્રોફી ૨૦૧૯-૨૦ની ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે. બંગાળની ટીમ ૧૪મી વખત ફાઇનલમાં રમશે, તે અગાઉ ૧૩માંથી ૨ વખત વિજેતા રહી છે, જ્યારે ૧૧ વાર રનરઅપ તરીકે ટીમે સંતોષ માનવો પડ્યો હતો. બીજી તરફ, સૌરાષ્ટ્રની ટીમ ૭મી વાર ફાઇનલમાં મેદાને ઉતરશે. આ તેમની આઠ સીઝનમાં ચોથી ફાઇનલ છે. ગયા વર્ષે જયદેવ ઉનડકટના નેતૃત્વમાં જ ટીમ રનરઅપ બની હતી. સૌરાષ્ટ્ર જુના નામ (નવાનગર અને વેસ્ટર્ન ઈન્ડિયા) સાથે રમતા ૩ વાર ફાઇનલ રમ્યું છે અને તેમાંથી બે વાર બાજી મારવામાં સફળ રહ્યું છે.

બંગાળ પહેલીવાર રણજી ૧૯૩૮-૩૯માં સાઉથર્ન પંજાબ સામે જીત્યું હતું. જ્યારે છેલ્લે ૧૯૯૦ના દિલ્હી સામે જીત્યું હતું. ત્યારે અત્યારના કોચ અરુણ લાલે ૮ ઈનિંગ્સમાં ૧૦૭.૫૦ની એવરેજથી ૬૪૫ રન કર્યા હતા. તેમજ તે સૌરવ ગાંગુલીની ડેબ્યુ રણજી સીઝન હતી.

બંને ટીમ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ ખાતે ૨૦૧૨-૧૩માં રમ્યા હતા. ત્યારે જયદેવ શાહની ટીમે મનોજ તિવારીની ટીમને ૨૭૦ રને હરાવી હતી. અત્યારના ઘણા પ્લેયર્સ જેમકે તિવારી, રિદ્ધીમાન સાહ, શેલ્ડન જેક્સન, અર્પિત વસાવડા અને જયદેવ ઉનડકટ એ મેચનો ભાગ હતા. રવિન્દ્ર જાડેજાએ તે મેચમાં ૭૦ અને ૬૮ રનની ઈનિંગ્સ રમી હતી, તેમજ બોલિંગમાં બંને દાવમાં ૪-૪ વિકેટ લીધી હતી. જોકે તે આ ફાઈનલમાં રમવાનો નથી. બીજા ગ્રાઉન્ડ્સ પર થયેલા બંને ટીમ વચ્ચેના અન્ય ત્રણેય મુકાબલા ડ્રો રહ્યા હતા.

ફાઇનલમાં પિચ પહેલા બે-ત્રણ દિવસ બેટ્સમેન ફેન્ડલી રહે તેવી સંભાવના છે. હોમ ટીમ એડવાન્ટેજ લેવા સૌરાષ્ટ્ર પિચ પર બંગાળના ફાસ્ટર્સ માટે બિલકુલ ઘાસ છોડશે નહીં. ચોથા અને પાંચમા દિવસથી સ્પિનર્સ મેચમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ફર્સ્ટ ઈનિંગ્સ લીડ નિર્ણાયક રીતે વિનર ડિક્લેર કરે તેવું પણ બની શકે છે.

એથ્લીટ હિમા દાસની નાયબ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે નિયુક્તિ




ગુવાહાટી

આસામમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જાણીતી એથ્લીટ – રનર હિમા દાસને નાયબ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ (ડીએસપી) તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના નાણાં પ્રધાન હિમંત વિશ્વ શર્મા રાજ્ય વિધાનસભામાં રાજ્યનું બજેટ રજૂ કરતી વખતે આ જાહેરાત કરી હતી. હિમા દાસ જકાર્તા એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતી લાવી હતી.

આસામ સરકારે અગાઉ જાહેરાત કરી હતી કે તે રાજ્યના જે કોઈ પણ ખેલાડી ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ કે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતશે એમને ગ્રેડ-૧ ઓફિસરના રૂપમાં નિયુક્ત કરશે. એને પગલે જ હિમા દાસને પોલીસ અધિકારીપદની ઓફર કરાઈ છે.

હિમા દાસ આ વર્ષે નિર્ધારિત ટોકિયો ઓલિમ્પિક્સમાં પણ ભારતને મેડલ અપાવશે એવી આશા રખાય છે. એણે પોતાની કેટેગરી બદલી છે અને હવે તે ૪૦૦ મીટરને બદલે ૨૦૦ મીટરમાં દોડવાની છે. ૨૦૦ મીટરની રેસમાં તેનો શ્રેષ્ઠ સમય નોંધાયો છે ૨૩.૧૦ સેકંડનો.

આ સમાચાર વિશે હિમા દાસે ટ્વીટ કરીને પોતાના પ્રત્યાઘાત આપ્યા છે. એણે આસામના મુખ્ય પ્રધાન સર્બનંદા સોનોવાલ અને હિમંત વિશ્વ શર્માનો આભાર માન્યો છે. એણે વધુમાં લખ્યું છે સરકારના આ નિર્ણયથી મેડલ જીતનાર રમતવીરોને પ્રોત્સાહન મળશે.



આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગ્રેટ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩ હજારથી વધુ યુવતીઓ સામેલ થઈ હતી. મહિલા સશક્તિકરણને લઈ આયોજીત થયેલી આ ગ્રેટ રન સુરતના ઈન્ડોર સ્ટેડિયમથી કેબલ બ્રિજ થઈ ફરી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સમાપ્ત થઈ હતી. આ ગ્રેટ રન ૨ પ્રકારમાં રાખવામાં આવી હતી. જેમાં ૮ કિલોમીટર અને ૪ કિલોમીટરનો સમાવેશ થાય છે. સવારે મજુરાના ધારાસભ્ય હર્ષ સંઘવી દ્વારા આ ગ્રેટ રનને લીલીઝંડી બતાવવામાં આવી હતી.

બ્રાઝિલના પૂર્વ સ્ટાર ફૂટબોલર રોનાલ્ડિનિઓની પૈરાગ્વેમાં ધરપકડ

અસુનસિયાન

બ્રાઝિલના પૂર્વ સ્ટાર ફૂટબોલર રોનાલ્ડિનિયો અને તેમના ભાઈની પૈરાગ્વેમાં નકલી પાસપોર્ટ રાખવાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. બુધવારે તેઓને અસુનસિયાનની એક હોટલમાંથી પકડી લેવામાં આવ્યા હતા. તેઓ અહીં એક બુક લોન્ચના કાર્યક્રમમાં સામેલ થવાના ઉદેશથી આવ્યા હતા.

આ સંદર્ભે પૈરાગ્વે સરકારે ટ્વીટ કરી હતી કે, એટર્ની જનરલના કાર્યાલય તરફથી રોનાલ્ડિનિયો અને એમના ભાઈ રોબર્ટો જિ અસિસ મરિરો વિરુદ્ધ વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યો છે. એમની પર સાર્વજનિક દસ્તાવેજોમાં ખોટા માહિતી આપવાના આરોપ છે.

આ પહેલા અસુનસિયાન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તપાસ દરમિયાન અધિકારીઓએ રોનાલ્ડિનિયો અને એમના ભાઈનો પાસપોર્ટ નકલી હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જે પછી કાર્યવાહી કરતા બુધવારે તેઓને હોટલમાંથી ઝડપી લેવામાં આવ્યા હતા.

ધુળેટી : ગુસ્સાને એક દિવસ માટે દરિયાંમાં ફેંકી દેવાની જરૂર છે....

બાળપણવાળી હોળી મસ્તીથી રમો



મિત્રો સાથે નારાજગીને ભુલી જઈને ભવ્ય રંગમાં ડુબી જવાની જરૂર છે : મેળજોળના રંગ દરેક રંગ કરતા વધારે પાકા અને ઘેરા હોય છે

રંગોના તહેવાર હોળી અને ધુળેટીની ઉજવણી હવે પરંપરાગતરીતે કરવામાં આવનાર છે. મનના તોફાની બાળકને ફરી જગાવીને રંગોમાં ડુબી જવાનો સમય આવી ગયો છે. વિતેલો સમય ક્યારેય પરત ફરતો નથી પરંતુ પોતાની અંદર છુપાયેલી બાળપણની યાદોને તાજી કરવાનો સમય આવી ગયો છે. આમ કરીને હવે માસુમ રંગ ચોક્સપણે વિખેરી શકીએ છીએ. જાતિ અને અન્ય બાબતોને લઈને કોઈ વિખવાદ ન થાય તે પણ જરૂરી છે. હોળીના પર્વ પર ટેન્સન, ગુસ્સા અને અન્ય રીતે બદરંગ ન કરવામાં આવે તે જરૂરી છે. હોળીની ઉજવણી કરવા આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ખુબ જોરદાર ઉત્સાહમાં લોકો આવી ગયા છે. જો મિત્રોથી કોઇ રીતે નારાજગી છે તો આને દુર કરવામાં આવે તે જરૂરી છે. જો મિત્રોથી નારાજગી છે તો મિત્રતાના એ દોરમાં જતા રહેવાની જરૂર છે જ્યારે મિત્રોથી નારાજગી હોવા છતાં પોતાના મિત્રોને મેદાનની દુર ઉભા રહીને પણ જોતા રહેતા હતા. જ્યારે તે તમારી બાજુ જુએ ત્યારે આસમાન પર જોવા લાગી જતા હતા. તેનો બોલ આપની તરફ આવવાની સ્થિતીમાં તરત જ તેને ઉઠાવીને તેના ઇશારામાં આપી દેતા હતા. જ્યારે નારાજ મિત્રો એકાએક બોલાવતા હતા ત્યારે તમામ મિત્રો ફરી ભેગા થઇ જતા હતા. વિતેલા વર્ષોની નારાજગીને દુર કરવાનો સમય આવી ગયો છે. જો કોઇ પણ કારણસર નારાજગી છે તો કોઇ પણ વાત કર્યા બાદ હોળી પર રંગોમાં રંગી જવાનો સમય છે. માફીની સાથે એ તિલકથ પણ ગળે લગાવી શકાય છે. નાનાને મનાવી રહ્યા છો તો ગળે લગાવીને રંગોનો વરસાદ રી દેવામાં આવે તો તમામ તકલીફ દુર થઇ જાય છે. કેટલાક લોકો હોળી રમવામાં માનતા નથી આવા લોકો બીજા લોકોને હોળી રમતા જોઇને ખુશ થાય છે. પરંતુ જો કોઇ વ્યક્તિએ છુપાઇ ગયેલા લોકોને પકડી પાડીને કલર લગાવી દે છે તો અથવા તો હોળી રમવા માટે બોલાવી લે છે તો તેમનાથી નારાજ થવાની કોઇ જરૂર નથી. જેમ તેમ બોલીને તેમને ભગાડી દેવાની ભુલ ક્યારેય કરવી જોઇએ નહીં. બાળપણ, મોટી વય, કિશોર હોવાની બાબત જેવા માપદંડને થોડાક સમય સુધી ભુલી જવાની જરૂર છે. આપની પાસે ગંભીર રહેવા માટે તો સમગ્ર વર્ષના ૩૬૫ દિવસો છે. એ દિવસ માટે આપને આપના મિત્રો રંગવા માટે આવે તો નારાજગી વ્યક્ત કરવાના બદલે મોજ મસ્તી સાથે મેદાનમાં ઉતરી જવામાં આવે તે જરૂરી છે. એ દિવસો આપના ચહેરાને રંગથી રંગાયેલા જોવા માટે ઇચ્છુક હોય છે. જેથી દરેક વ્યક્તિને જોઇએ કે એક દિવસ એટલે કે ધુળેટીના પર્વ પર એક દિવસ માટે પોતાના બાળપણને ફરી લાવવામાં આવે. બાળપણવાળી હોળી પૂર્ણ મસ્તી સાથે રમવાનો સમય આવી ગયો છે. રંગ ન રમો તો પણ લોકોને અને મિત્રોને ગળે લગાવો તે જરૂરી છે. આ મેળજોળના રંગ દરેક રંગ કરતા વધારે ઘેરા હોય છે. જેથી આને ગળે મળીને પણ મનાવી શકાય છે. તહેવાર પર વધારે પડતા કામના કારણે મહિલાઓ તો ખુબ થાકી જાય છે .આવી સ્થિતીને મહિલાઓને પણ પુરતી મદદ કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે મહિલાઓ વધારે પડતી થાકી જતી હોવાના કારણે તહેવારના પૂર્ણ લાભ અને મસ્તીના રંગ માણી શકતી નથી. આ વખતે મહિલાઓને પણ જોઇએ કે તે પોતાને નાની બાળકીની જેમ સમજીને પોતાને તૈયાર કરી લે. કારણ કે વર્ષમાં આ તહેવાર એક વખત આવે છે. ભોજનની પ્લેટ આપના રંગથી રંગાઇ જાય તો પણ ચિંતા કરવાની કોઇ જરૂર નથી. કારણ કે આ તહેવાર ઉજવણી કરવા માટે છે. બાળકોની સાથે સાથે મોટી વયના લોકો પણ હોળી અને ધુળેટીના દિવસે જોરદાર મોજમસ્તી સાથે ઉજવણી કરવામાં આવે તે જરૂરી છે .નારાજ થયેલા લોકોને પણ માસુમિયતથી મનાવી લેવામાં આવે તે જરૂરી છે. આ તહેવારને હિન્દુ ,મુસ્લિમ વચ્ચે પારસ્પરિક સંબંધ સ્થાપિત કરવા માટેનો છે.

હોળી આવતાની સાથે જ તન અને મન બંને રંગીન બની જાય છે...



હોળીને સ્વસ્થ અને સુરક્ષિત બનાવો

હોળીના તહેવાર આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. હોળી આવતાની સાથે જ તન અને મન બંને રંગીન બની જાય છે. હોળીના પ્રસંગે રંગોનુ ખાસ મહત્વ રહેલુ છે. આ ઉપરાંત આ તહેવાર પર ખાવા પિવાથી લઇને મોજ મસ્તીની ખુબ તૈયારી કરવામાં આવે છે. જેથી કહી શકાય છે કે રંગો વગર અને ખાવાની ચીજ વસ્તુઓની મસ્તી વગર હોળીની કલ્પના કરવી મુશ્કેલ છે. બીજી બાજુ સૌથી મોટો પ્રશ્ન એ થાય છે કે સ્વસ્થ અને સુરક્ષિત હોળી કઇ રીતે ઉજવવામાં આવે. કારણ કે આધુનિક સમયમાં અનેક પ્રકારના કેમિકલના ખતરનાક રંગ હોય છે. જે નુકસાન કરી શકે છે. હોળીના રંગમાં ભંગ ન પડે તે માટે આના માટે પણ નિષ્ણાંતો કેટલીક ટિપ્પસ આપે છે. હેલ્થ ટિપ્પસ આપતા જાણકાર નિષ્ણાંતો કહે છે કે બજારમાં જુદા જુદા પ્રકારના રંગ બિરંગી કલર આવી ગયા છે. આવી સ્થિતીમાં સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના ખતરનાક રંગથી બચવાની જરૂર હોય છે. હોળીમાં માત્ર નેચરલ રંગનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આની સાથે સાથે નેચરલ રંગોથી રમતી વેળા પણ કેટલીક સાવધાની રાખવાની જરૂર હોય છે. હોળી પર રંગ રમતી વેળા જ્યારે રંગ હાથમાં લાગેલા હોય ત્યારે હાથથી આંખને સ્પર્શ કરવામાં ન આવે તે જરૂરી છે. પરંતુ સામાન્ય રીતે આંખ પર રંગ લાગી જાય છે. રંગ આંખમાં જતી રહેવાની સ્થિતીમાં પાણીથી આંખને બરોબર સાફ કરી લેવામાં આવે ત જરૂરી છે. આંખન તાજા પાણીથી ધોઈ નાંખવાની જરૂર હોય છે. જ્યાં સુધી સંપૂર્ણ રંગ ઉતરી ન જાય ત્યાં સુધી આંખને ધોઇ કાઢવામાં આવે તે જરૂરી છે. હોળી રમતી વેળા પહેલા શરીર પર ક્રિમ અને તેલ લગાવવાની સ્થિતીમાં ફાયદો રહે છે. સાથે સાથે એવા કપડા પહેરી લેવા જોઇએ જે શરીરને વધુને વધુ કવર કરી લે છે. આ ઉપરાંત રંગોની વાળ પર સીધી અસર થાય છે જેથી વાળની સુરક્ષા રાખવામાં આવે તે પણ જરૂરી છે. હોળીમાં રંગ રમી લીધા બાદ રંગ છોડાવવા માટે કેમિકલ વાળા સાબુ અને અન્ય પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે જે સ્કીનને વધારે નુકસાન કરી નાંખે છે. જેથી નોર્મલ સાબુનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હોળીમાં મિઠાઇનો ક્રેઝ તો સૌથી વધારે જોવા મળે છે. જેથી બજારમાં મિઠાઇની બોલબાલા વધી જાય છે. બજારમાં ઉપલબ્ધ મિઠાઇમાં પણ કેમિકલનો ખુબ ઉપયોગ કરવામાં આવે છે જેથી આવી સ્થિતીમાં ઘરમાં બનેલી મિઠાઇનો વધારે ઉપયોગ કરવામાં આવે તે જરૂરી હોય છે. આ ઉપરાંત હોળીના દિવસે ભાંગ અને શરાબનુ વેચાણ પણ હવે સમયની સાથે વધવા લાગ્યુ છે. જેથી આવી ચીજવસ્તુઓથી બચવામાં આવે તે જરૂરી છે. કારણ કે આના કારણે બ્લડજ પ્રેશર વધી જવાનો ખતરો રહે છે. હોળી રમતી વેળા મોમાં પણ કલર જવાનો ખતરો રહે છે. જ્યારે પણ મોમાં રંગ જાય ત્યારે પાણીનો પુરતો ઉપયોગ કરીને તેને દુર કરવામાં આવે તે જરૂરી હોય છે. કેટલીક વખત રંગોના તહેવારની ઉજવણી કરતી વેળા રંગ કાનમાં જતો રહે છે. આ બાબતને અમે ગંભીરતાથી લેતા નથી. જો આવુ થાય તો સરસિયાનુ તેલ હળવા પ્રમાણમાં ગરમ કરીને કાનમાં નાંખવાથી ફાયદો થાય છે.

તહેવાર પર ખાવા પિવાને લઇને પણ ખુબ તૈયારી કરવામાં આવે છે : રંગ અને ખાવા પિવા તેમજ મસ્તી વગર હોળીની કલ્પના ન કરી શકાય

મહિલા દિવસ પર સાહસી મહિલાઓને દેશ સેલ્યુટ કરે છે....

મહિલાઓએ વર્ધીમાં ચાર ચાંદ લગાવ્યા



મહિલાઓ આજે ભારતીય સશસ્ત્ર દળના તમામ વર્ગમાં રોલ અદા કરી રહી છે : મહિલાઓએ તેમની કુશળતા-તાકાતનો પરિચય આપ્યો છે

દર વર્ષે આઠમી માર્ચના દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજે દુનિયાની જ નહીં બલ્કે ભારતીય મહિલાઓની કુશળતા અને તેમની તાકાતને દેશના તમામ લોકો સ્વીકારી ચુક્યા છે. આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં પુરૂષની સાથે એક સમાન રીતે આગળ વધી રહી છે. કોઇ પણ ક્ષેત્રમાં મહિલાઓ હવે પાછળ રહી નથી. આઠમી માર્ચના દિવસે તમામ સાહસી, બહાદુર મહિલાઓને જ યાદ કરવામાં આવતી નથી બલ્કે મહિલાઓની ઘરમાં રહેલી ભૂમિકાને પણ યાદ કરવામાં આવે છે. મહિલાઓ તેમના સમર્પણ ભાવ અને કર્તવ્યના કારણે ખાસ સ્થાન ધરાવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોય અને અમે દેશની આઠ બહાદુર મહિલાઓને યાદ ન કરીએ તે કેમ બની શકે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે અમે આજે ફેબ્રુઆરી ૨૦૧૬થી વાતની શરૂઆત કરવા જઇ રહ્યા છીએ. એ વખતે દેશના તાત્કાલીન પ્રમુખ પ્રણવ મુખર્જીએ જાહેરાત કરી હતી કે મહિલાઓને ભારતીય સશસ્ત્ર દળના તમામ વર્ગમાં કોમ્બેટ રોલ અથવા તો યુદ્ધ લડવાની કુશળતાના ક્ષેત્રમાં પણ સામેલ કરવામાં આવનાર છે. આ જાહેરાત પુરૂષ સમક્ષ મહિલાઓને લાવવાની દિશામાં એક મોટુ પગલુ હતુ. મહિલાઓ આ પહેલા સેનામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકી નથી તેમ આ વાત નથી. આ પહેલા પણ સેનામાં ભારતીય મહિલાઓ નિર્ણાયક ભૂમિકા અદા કરી ચુકી છે. આજે અમે એવી ૧૦ મહિલાઓની વાત કરી રહ્યા છીએ જે વર્ધીની શાન અને દેશની આનબાનમાં ચાર ચાંદ લગાવી ચુકી છે. સૌથી પહેલા અમે પુનિતા અરોડાની વાત કરી રહ્યા છીએ. લાહોરના પંજાબી પરિવારમાં જન્મેલી પુનિતા જ્યારે ૧૨ વર્ષની હતી ત્યારે વિભાજનના ગાળામા દરમિયાન તેમના પરિવારના સભ્યો યુપીના સહારનપુરમાં સ્થાયી થઇ ગયાહતા. લેફ્ટિ. જનરલપુનિતા અરોડા ભારતીય સશસ્ત્ર દળમાં બીજી સૌથી મોટી રેન્ક લેફ્ટી, જનરલને હાંસલ કરનાર દેશની પ્રથમ મહિલા છે. તેઓ ભા રતીય નૌ સેનામાં પ્રથમ વાઇસ એડમિરલ પણ છે. આ પહેલા તેઓએ વર્ષ ૨૦૦૪માં સશસ્ત્ર દળ મેડિકલ કોલેજના કમાન્ડેન્ટ તરીકે હતા. તેઓ સશસ્ત્ર દળમાં એડિશનલ મહાનિર્દેશક તરીકે પણ રહ્યા છે. ત્યારબાદ તેઓ સેનાથી નૌસેનામાં જતા રહ્યાહતા. કારણ કે એએફએમએસમાં અધિકારીઓને જરૂરિયાતના આધાર પર એક સેવાથી બીજી સેવામાં જવાની મંજુરી રહે છે. આવી જ રીતે પદ્માવતિ બંદોપાધ્યાય પણ સેનામાં ઉલ્લેખનીય સેવા આપી ચુક્યા છે. આંધ્રપ્રદેશના તિરુપતિમાં જન્મેલ પદ્માવતિ ભારતીય વાયુ સેનામાં પ્રથમ મહિલા એર માર્શલ તરીકે રહ્યા છે. તેઓએ ૧૯૬૮માં વાયુ સેના જોઇન કરી હતી. વર્ષ ૧૯૭૮માં તેઓએ ડિફન્સ સર્વિસ સ્ટાફ કોલેજ કોર્સ પૂર્ણ કરવામાં સફળતા મેળવી હતી. આવુ કરનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી બની ગયા હતા. એટલુ જ નહીં બલ્કે એવિએશન મેડિસીન નિષ્ણાંત બનનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી બની ગયા હતા. સાથે સાથે એર વાઇસ માર્શલના હોદ્દા પર પહોંચનાર પ્રથમ મહિલા તરીકે રહી છે. બંદોપાધ્યાયને વર્ષ ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન સંઘર્ષના ગાળા દરમિયાન ઉલ્લેખનીય સેવા આપવા બદલ વિશિષ્ઠ સેવા ચન્દ્રકથી સન્માનિત કરવામાં આવી હતી. મિતાલી મધુમિતા પણ તેમની વીરતા માટે સેના ચન્દ્રક જીતી ચુક્યા છે. વર્ષ ૨૦૧૧માં વીરાતા ચન્દ્રકથી તેમનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ મેડલ સૈનિકોને જમ્મુ કાશ્મીરમાં પૂર્વોત્તરમાં સાહીસ કામ માટે આપવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૧૦માં કાબુલ નજીક ભારતીય દુતાવાસ પર આત્મઘાતી હુમલો થયો ત્યારે તેઓ સૌથી પહેલા પહોંચી ગયા હતા. મધુમિતાએ ૧૯ અધિકારીઓ ત્યાંથી સુરક્ષિત કાઢ્યા હતા. પ્રિજ્ઞા ઝિંગાન પણ ઉલ્લેનીય સેવા આપી ચુક્યા છે. વર્ષ ૧૯૯૨માં તેઓએ સેના પ્રમુખને પત્ર લખીને સેનામાં મહિલાઓની ભરતીને લઇને અપીલ કરી હતી. પ્રિયાની સાથે ૨૪ નવી મહિલાઓ પણ સામેલ થઇ હતી. દિવ્યા અજિત કુમારે માત્ર ૨૧ વર્ષની નાની વયમાં બેસ્ટ ઓલ રાઉન્ડ કૈડેટનુ સન્માન મેળવ્યુ છે. આ સ્પર્ધામાં ૨૪૪ સાથીઓને હાર આપી હતી. વર્ષ ૨૦૧૫માં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ૧૫૪ મહિલા અધિકારીઓ અને કેડેટોની એક ટીમનુ તેમના દ્વારા નેતૃત્વ કરવામાં આવ્યુ હતુ. નિવેદિતા ચૌધરી ભારતીય વાયુ સેનાની એવી પ્રથમ મહિલા બની હતી જેમને માઉન્ટ એવરેસ્ટ સર કરવામાં સફળતા મેળવી હતી. આ સિદ્ધી હાંસલ કરનાર તેઓ રાજસ્થાનના પ્રથમ મહિલવા અધિકારી છે. ઓક્ટબર ૨૦૦૯માં નિવેદિતા અધિકારી તરીકે આગરામાં સ્કવાડ્રનમાં સામેલ થયા હતા. અંજના ભાદુરિયા પણ ભારતીય સેનામાં ઉલ્લેખનીય ભૂમિકા અદા કરી ચુક્યા છે. અંજના ભારતીય સેનામાં સુવર્ણ ચન્દ્રક જીતનાર પ્રથમ મહિલા છે. અંજનાએ ૧૦ વર્ષ સુધી ભારતીય સેનામાં સેવા આપીહતી. આવી જ રીતે પ્રિયા સેમવાલ પણ ઉલ્લેખનીય સેવા આપી ચુક્યા છે. એક કાઉન્ટર ઇન્સરજન્સી ઓપરેશનમાં તેમના પતિ નાઇક અમિત શર્મા શહીદ થયા બાદ સૈન્ય અધિકારીની પત્નિ તરીકે સેનામાં સેવા આપનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી છે. તેમના પતિ નાકિ અમિત શર્મા ૧૪ રાજપુત રેજિમેન્ટમાં સેવા આપી રહ્યા હતા. ૨૦૧૨માં અરૂણાચલમાં તેમના પતિ શહીદ થયા હતા. ત્યારબાદ તેઓ સેનામાં જોડાયા હતા.

મહિલાઓ માટે નિયમો-કાનુન તો ઘણા બન્યા પરંતુ

મહિલાઓ સામે હિંસા જારી

**સરકારે મહિલાઓની સુરક્ષા માટે નિયમો અને કાયદાઓ તો ખુબ બનાવ્યા છે પરંતુ મહિલાઓની સામે અત્યાચાર અને હિંસાના બનાવોમાં કોઇ કમી આવી નથી. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં ૧ પતી ૪૯ વર્ષની વયની ૭૦ ટકા મહિલાઓ કોઇને કોઇ પ્રકારની કોઇ સમય હિંસાનો શિકાર થઇ છે. જેમાં કામકાજી મહિલાઓ અને સ્થાનિક મહિલાઓ પણ સામેલ રહી છે. દેશભરમાં મહિલાઓ પર થઇ રહેલા અત્યાચારના આંકડામમાં કોઇ ઘટાડો થઇ રહ્યો નથી. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં સ્થિતી સારી રહેલી નથી. દેશભરમાં મહિલાઓ પર થનાર અત્યાચારના આશરે ૧.૫ લાખ મામલા વાર્ષિક દાખલ કરવામાં આવે છે. જ્યારે તેના અનેક ગણા મામલા દબાઇ જાય છે. સ્થાનિક હિંસા અધિનિયમ દેશના પ્રથમ કાનુન તરીકે છે જે મહિલાઓને તેમના ઘરમાં સન્માનપૂર્વક રહેવાના અધિકારની ખાતરી આપે છે. આ કાનુનમાં મહિલાઓને માત્ર શારરિક હિંસાથી જ નહીં બલ્કે માનસિક અને આર્થિક તેમજ યૌન હિંસાતી બચવા માટેના અધિકાર પણ ઉપલબ્ધ કરાવે છે. ભારતમાં મહિલા અને પુરૂષની તુલના કરવામાં આવે તો પણ સ્થિતી વધારે સારી ગણી શકાય નહીં. મહિલા અને પુરૂષના વૈશ્વિક સરેરાશ હિંસાના આંકડા પર નજર કરવામાં આવે તો વૈશ્વિક સરેરાશ ૯૯૦ની તુલનામાં ભારતમાં ૯૪૧ કેસ રહેલા છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છેકે છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલાઓની સામે અપરાધના મામલામાં બે ગણા થઇ ગયા છે. છેલ્લા દશકના આંકડા મુજબ ભારતમાં દરેક કલાકમાં મહિલાઓની સામે અપરાધના ૨૬ કેસ દાખલ કરવામાં આવે છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છે કે મહિલાઓ પ્રત્યે કરવામાં આવતી ક્રુરતાના આંકડામાં વધારો થઇ રહ્યો છે. મહિલાઓનુ કામ હવે માત્ર ઘર ચલાવવા સુધી મર્યાદિત નથી. બલ્કે દરેક ક્ષેત્રમાં પોતાની હાજરી નોંધાવવા માટેનુ પણ છે. પરિવાર હોય કે પછી કારોબાર હોય દરેક ક્ષેત્રમાં મહિલાઓ સાબિતી કરી ચુકી છે કે તે દરેક એ કામ કરી શકે છે જે હજુ સુધી માત્ર પુરૂષો કરતા રહ્યા છે. શિક્ષિત હોવાની સાથે સાથે મહિલાઓની સમજમાં વધારો થયો છે. મહિલાઓમાં હવે આત્મનિર્ભર બનવા માટે વિચારધારા મજબુત બની રહી છે. શિક્ષણ મળવાના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસમાં વધારો થયો છે.

ટી-૨૦ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા ભારતને ૮૫ રને હરાવ્યું

મહિલા વર્લ્ડકપઃ ભારતને હરાવી ઓસ્ટ્રેલિયા પાંચમી વાર ચેમ્પિયન બન્યુ

ઓસ્ટ્રેલિયાના ૧૮૫ રનના લક્ષ્યાંક સામે ભારત માત્ર ૯૯ રનમાં જ ઓલઆઉટ,તમામ બેટ્સમેનો ફલોપ

મેલબર્ન

આઇસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ જીતવાનું સપનું ટીમ ઈન્ડિયા માટે ફરી અધુરું રહી ગયું છે. ઑસ્ટ્રેલિયા એ ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓએ બેટિંગમાં કૌવત દર્શાવતા ૨૦ ઓવરના અંતે ૪ વિકેટ ગુમાવીને ૧૮૪ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. ૧૮૫ રનનો ટાર્ગેટનો પીછો કરવા ઊતરેલી ભારતીય ટીમ દબાણમાં હોય તેવું લાગી રહ્યું હતું. ભારતે ૩૦ રનમાં જ ૪ વિકેટ ગુમાવી દેતાં પ્રેશરમાં આવી ગઈ હતી અને આ નુકસાન તેમને મેચ



હાર સુધી લઈ ગયું હતું. ભારતની આખી ટીમ ૧૯.૧ ઓવરમાં ૯૯ રને ઓલઆઉટ થઈ જતાં ઑસ્ટ્રેલિયા રને ફાઇનલ મેચ જીતીને પાંચમી વાર ચેમ્પિયન બની છે.

ઑસ્ટ્રેલિયાએ ૧૮૫ રનનો વિશાળ ટાર્ગેટ આપતાં ટીમ ઈન્ડિયા દબાણમાં આવી ગઈ હોય એ રીતે મેદાનમાં ઉતરી. ભારતની શરૂઆત સારી ન રહી શેફાલી વર્મા માત્ર બે રન કરીને આઉટ થઈ. ગઈ. ત્યારબાદ જેમિમા કોઈ ખાતું ખોલાયા વગર જ પેવેલિયન પરત ફરી. ભારતની ઇનિંગ થોડી સુધરે તે પહેલાં જ ૧૮ રનના સ્કોરે સ્મૃતિ મંધાના (૧૧) રને આઉટ થઈ ગઈ. ભારતનો સ્કોર ૩૦ રને પહોંચ્યો ત્યારે કેપ્ટન હરમનપ્રિત કૌર (૪) જોનાસનનો શિકાર બની ગઈ. ટીમ ઈન્ડિયા તરફથી સૌથી વધુ સ્કોર દિપ્તી શર્માએ કર્યો હતો. દિપ્તી ૩૩ રનના સ્કોરે નિકોલા કૈરીની ઓવરમાં તેને જ કેચ આપી દેતાં ભારત હારના આરે આવી ગયું.

ઑસ્ટ્રેલિયા માટે બેથ મૂનીએ સૌથી વધુ ૭૮ રન ફટકાર્યા જ્યારે એલિસા હિલીએ ૩૯ બોલમાં ૭૫ રન ફટકાર્યા. એલિસા હિલીને રાધા યાદવે વેદા કૃષ્ણામૂર્તિના હાથે કેચ આઉટ કરાવી. ભારત માટે દિપ્તી શર્માએ ૪ ઓવરમાં ૩૮ રન આપીને ૨ વિકેટ ઝડપી. ત્યારબાદ મેગ લેનિંગ (૧૬) અને એશલે ગાર્ડનર (૨) રન બનાવીને આઉટ થઈ ગઈ. દિપ્તીએ કેપ્ટન મેગ લેનિંગને (૧૬)ને શિખા પાંડેના હાથે કેચ આઉટ કરાવી. ત્યારબાદ એશલે ગાર્ડનારે તાનિયા ભાટિયાએ સ્ટમ્પ આઉટ કરી.

આ પહેલા ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને ભારતને બોલિંગ આપી. ભારતને પોતાની પ્લેઇંગ ઇલેવનમાં કોઈ ફેરફાર નથી કર્યો. ભારતીય ટીમ પહેલીવાર ટી-૨૦ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી છે. હવે ખિતાબ માટે તેમની સામે એક એવી ટીમ છે જે ચાર વાર ચેમ્પિયન રહી ચૂકી છે. ભારતીય ટીમ આ પહેલા ત્રણ વાર ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૮માં સેમીફાઇનલમાં પહોંચી હતી.

ઈટાલીમાં કોરોના વાયરસને લઈને કર્ફ્યૂની સ્થિતિ, જાહેર સ્થળો બંધ કરાયા

ચીન બાદ ઈટલીમાં સૌથી વધુ ૨૩૩ના મોત, વિશ્વમાં કુલ ૩૫૫૯ લોકોના મોત

બીજિંગ/રોમ

ચીનમાં કોરનાવાઈરસનો પ્રભાવ ઘટી રહ્યો છે. અહીં શનિવારે માત્ર ૨૭ લોકોના મોત થયા છે. જ્યારે સંક્રમણના ૪૧ મામલાઓ પ્રકાશમાં આવ્યા છે. તમામ મામલાઓ દેશના સૌથી વધુ પ્રભાવિત હુબેઈ પ્રાંતના છે. જ્યારે ચીન બાદ સૌથી વધુ ઈટલીમાં ૨૩૩ લોકોના મોત થયા છે. જ્યારે ૫૮૮૩ લોકોમાં સંક્રમણની પુષ્ટિ થઈ ચૂકી છે.

ઈટાલીમાં કોરોના વાયરસનું જોખમ વધી રહ્યું હોવાથી સરકારે કર્ફ્યૂ લાગુ કરી જાહેર સ્થળો બંધ કરવા આદેશ આપ્યો છે. સરકારે સિનેમા, થીયેટર અને મ્યુઝિયમ સહિતના સ્થળો બંધ રાખવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન જ્યુસેપ કોન્ટેએ જાહેરાનામા પર હસ્તાક્ષર કરીને તેને તાત્કાલિક અમલમાં લાવવા જણાવ્યું છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના જણાવ્યા મુજબ, ચીનની બહાર ૨૧,૧૧૪ લોકો સંક્રમિત થયા છે અને ૪૧૩ લોકોના મોત થયા છે. ચીનના હેલ્થ કમીશને રવિવારે કહ્યું કે શનિવારે હોસ્પિટલમાંથી ૧૬૬૦ લોકોને રજા મળી છે. અહીં અત્યાર સુધીમાં ૫૭,૦૬૫ નાગરીકો ઠીક થઈ ચૂક્યા છે. ચીનમાં સૌથી વધુ હુબેઈ પ્રાંતમાં ૬૭૭૦૭ લોકો સંક્રમિત થયા છે. અહીંના વુહાન શહેર કોરોનાવાઈરસનું કેન્દ્ર રહ્યું છે.

આપણે અનાથોની નવી દુનિયા ઉભી કરી રહ્યા છે

દિલ્હી હિંસા બાદ યમરાજ પણ રાજીનામું આપી દેશેઃ શિવસેના

મુંબઈ

શિવસેનાએ પોતાના મુખપત્રમાં સામનામાં દિલ્હી હિંસા અંગે કડક શબ્દોમાં લખ્યું છે કે, આવી બર્બરતાના સાક્ષી બન્યા બાદ યમરાજ પણ રાજીનામું આપી દીશે.

શિવસેનાએ સામનામાં લખ્યું છે કે, દિલ્હી હિંસાના દ્રશ્યો હદયદ્રાવક છે. મોતનું અમાનવીય તાંડવ જોઈને યમરાજ પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દેશે. હિન્દુ અને મુસ્લિમોના બાળકો અનાથ થઈ ગયા છે. આપણે અનાથોની નવી દુનિયા ઉભી કરી રહ્યા છે. મુદ્દસર ખાનના દિકરાની તસવીર સમગ્ર દુનિયાના સમાચારપત્રોમાં છપાઈ છે.

સામનાના સંપાદકીયમાં લખ્યું છે કે, પિતાના મૃતદેહની સામે ઉભેલા દિકરાની તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. તે લોકો કોણ હતા જેમણે ૫૦ લોકોના જીવ લઈ લીધા? ૫૦તો માત્ર એક આંકડો છે હકીકતમાં તે ૧૦૦ સુધી પણ જઈ શકે છે અને ૫૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જે બાળકોએ તેમના પરિવારના લોકોને ગુમાવ્યા છે તેમની તસવીર જોઈને હજુ પણ લોકો હિન્દુ મુસ્લિમમાં માને છે તો પછી આ માનવતાનું મૃત્યુ છે.

શિવસેનાએ વધુમાં જણાવ્યું કે, દુનિયા હિન્દુત્વ, ધર્મનિરપેક્ષતા, હિન્દુ-મુસ્લિમ અને ખ્રીસ્તી-મુસ્લિમની ચરમ સીમાએ પહોંચી ગઈછે. કોઈપણ ભગવાનને માણસની મદદની જરૂર નથી. એટલુંજ નહીં આવા સંકટના સમયે સરકાર પણ પોતાના દરવાજા બંધ કરી દે છે.

યૂઝરે વડાપ્રધાન મોદીના ટ્વિટર એકાઉન્ટનો પાસવર્ડ માંગ્યો,મળ્યો મજેદાર જવાબ

ન્યુ દિલ્હી

મહિલા દિવસના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચન પ્રમાણે પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ એ મહિલાઓને સોંપી દીધું છે, જેમની કહાની દુનિયા માટે પ્રેરણા સ્ત્રોત છે. આ સિલસિલામાં પીએમ મોદીના ટ્વિટર એકાઉન્ટ માટે જાણીતી મહિલાઓ સંભાળી રહી છે.

પીએમ મોદીએ મહિલા દિવસની શુભકામનાઓ પાઠવતા કહ્યું કે નારી શક્તિના જજબાને તેમનું નમન છે. પીએમે કહ્યું કે જેમકે મેં થોડાંક દિવસ પહેલાં કહ્યું હતું હવે સાઈન ઓફ કરી રહ્યો છું. આજે દિવસભર સાત મહિલાઓ પોતાની સફળતાની કહાની, પોતાના જીવનની કામયાબી યાત્રા અંગે મારા સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી બતાવશે.

ત્યારબાદ ચેન્નાઈના સ્નેહા મોહનદાસે પીએમ મોદીના ટ્વિટર એકાઉન્ટને સંભાળ્યું. સ્નેહા મોહનદાસ ચેન્નાઈમાં ફૂડ બેંક ચલાવે છ. તેના દ્વારા તેઓ ગરીબોને જમાડે છે. તેમણે પીએમ મોદીના એકાઉન્ટથી ટ્વીટ કરતાં કહ્યું કે મને મારા કામથી ખૂબ જ સંતુષ્ટિ મળી છે. તેમણે કહ્યું કે હું તમામ દેશવાસીઓને ખાસ કરીને મહિલાઓને અપીલ કરતાં કહ્યું કે તેઓ આગળ આવે અને મારી સાથે જોડાઓ.

આ દરમ્યાન પીએમ નરેન્દ્ર મોદીનું ટ્વિટર સંભાળી રહેલા સ્નાહેને એક યુઝરે પૂછયું કે તેઓ પીએમના ટ્વિટર એકાઉન્ટનો પાસવર્ડ જણાવી દો. વિક્રાંત ભદૌરિયા નામના શખ્સે સ્નેહા મોહનદાસે કહ્યું કે પ્લીઝ પાસવર્ડ બતાવી દો. તેના જવાબમાં પીએમનું ટ્વિટર એકાઉન્ટ સંભાળી રહેલા સ્નેહા મોહનદાસે કહ્યું, "New India... લોગ ઈન તો કરીને જુઓ." સ્નેહા મોહનદાસનો આ જવાબ ટ્વિટર પર વાયરલ થઈ રહ્યો છે.

ઉ.પ્રદેશમાં તોફાનીઓના ફોટાવાળા હોર્ડિંગ લગાડવા મામલે હાઈકોર્ટની યોગી સરકારને ફટકાર

લખનૌ

સીએએના વિરોધમાં યુપીમાં હિંસા કરનારાઓના ફોટા સાથેના હોર્ડિંગો જાહેરમાં લગાડવા બદલ હાઈકોર્ટે યુપી સરકારનો ખુલાસો માંગ્યો છે.

હાઈકોર્ટમાં યોગી સરકારની આ કાર્યવાહી સામે થયેલી પિટિશન બાદ હાઈકોર્ટે લખનૌના પોલિસ કમિશ્નર અને કલેક્ટરને કોર્ટ સમક્ષ હાજર રહેવાનો હુકમ કરીને ખુલાસો માંગ્યો છે કે, કઈ જોગવાઈ હેઠળ આ પ્રકારના હોર્ડિંગ લગાડવામાં આવી રહ્યા છે. હાઈકોર્ટનુ માનવુ છે કે, કોઈ પણ વ્યક્તિની સંમતિ વીના તેના ફોટોગ્રાફ વાળા હોર્ડિંગ લગાડવા એ રાઈટ ટુ પ્રાઈવસીનુ ઉલ્લંઘન છે.

યુપી સરકારે તોફાનીઓને સરકારે જાહેર સંપત્તિને થયેલુ નુકસાન ભરપાઈ કરવા માટે નોટિસો તો આપી જ છે પણ સાથે સાથે તેમની તસવીરો સાથેના હોર્ડિંગો પણ જાહેરમાં લગાડવાનુ શરુ કર્યુ છે.

રાજધાની લખનૌથી તેની શરુઆત થઈ છે. જેમાં સંખ્યાબંધ સ્થળોએ ૫૩ તોફાનીઓની તસવીર સાથેના હોર્ડિંગ લગાવવામાં આવ્યા છે. સીએએ સામે થયેલા હિંસક દેખાવો દરમિયાન ૧.૬૧ કરોડની સંપત્તિનુ નુકસાન થયુ છે.

પીડીપીના પૂર્વ નેતા અલ્તાફ બુખારીએ નવી રાજકીય 'અપની પાર્ટી' બનાવી

શ્રીનગર

પીડીપીના પૂર્વ નેતા સૈયદ અલ્તાફ બુખારીએ 'અપની પાર્ટી' નામથી એક નવા રાજકીય પક્ષની રચના કરી છે. બુખારીનું કહેવું છે કે તેમની પાર્ટીનો એકમાત્ર એજન્ડા જમ્મૂ કાશ્મીરનો વિકાસ છે. આ પાર્ટીમાં ૩૦થી વધુ નેતા સામેલ થયા છે.

'અપની પાર્ટી' લોન્ચ પર પૂર્વ મંત્રી સૈયદ અલ્તાફ બુખારીએ કહ્યું, એક અલગ પાર્ટી હશે, પાર્ટી જે એક પરિવારથી નહી ચાલે. એક પાર્ટી જ્યાં પુરા પ્રતિબંધ હશે, જે પણ પાર્ટીના અધ્યક્ષ બનશે તે બેથી વધુ વાર અધ્યક્ષ બની શકાશે નહી.

તેમણે કહ્યું કે અપની પાર્ટી રાજ્યના લોકોના આત્મસન્માન અને સન્માનની રક્ષા કરવી, કાશ્મીરી પંડિતોની ગરિમાપૂર્ણ વાપસી, યુવાઓ અને મહિલાઓના સશક્તિકરણની માંગ કરશે. કલમ ૩૭૦ અને ૩૫ એ અંગે પૂછવામાં આવેલા પ્રશ્ન પર તેમણે કહ્યું કે આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં છે એટલા માટે તેના પર ટિપ્પણી કરવી યોગ્ય નથી.

બુખારીએ જમ્મૂ કાશ્મીરના ત્રણ પૂર્વ સીએમ સહિત અન્ય નેતાઓની ધરપકડ પર કહ્યું કે લોકતંત્રમાં નેતાઓને નજરબંધ રાખવું યોગ્ય નથી. તમને જણાવી દઈએ કે કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ કરવા અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વહેંચ્યા બાદથી ઘણા નેતા નેતા નજરબંધ છે જેમાં ફારૂક અબ્દુલ્લા, ઉમર અબ્દુલ્લા અને મહબૂબા મુફ્તી પણ સામેલ છે.

પેઇન્ટિંગ મુદ્દે ભાજપ-કોંગ્રેસ આમને-સામને

યસ બેંકના સ્થાપક રાણા કપૂરે પ્રિયંકા ગાંધી પાસેથી ૨ કરોડનું પેઇન્ટિંગ ખરીદ્યું હતુ

મુંબઈ

યસ બેંકમાં લાખો લોકોના રુપિયા અટવાઈ ગયા છે ત્યારે બેંકના સ્થાપક રાણા કપૂર તરફ આંગળી ચિંધાઈ રહી છે.

બેંકની હાલત માટે ભાજપ અને કોંગ્રેસ એક બીજા પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે ત્યારે એવી સ્ફોટક વિગતો સપાટી પર આવી છે કે બેંકના સ્થાપક રાણા કપૂરે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીનુ એક પેઈન્ટિંગ બે કરોડ રુપિયામાં ખરીદ્યુ હતુ.

એક ચેનલે કરેલા ઘટસ્ફોટ પ્રમાણે આઈટી વિભાગ પણ હવે ઈડીની સાથે સાથે આ વાતની તપાસ કરી રહ્યો છે. જોકે હજી ખબર નથી પડી કે રાણા કપૂરે કયા ઈરાદે આ પેઈન્ટિંગ ખરીદ્યુ છે.

ભાજપે તરત જ આ મુદ્દે પ્રત્યાઘાત આપતા કહ્યુ છે કે, ભારતમાં દરેક આર્થિક કૌભાંડના તાર ગાંધી પરિવાર સાથે જોડાયેલા હોય છે. જેમ કે વિજય માલ્યા સોનિયા ગાંધીની ફ્લાઈટની ટિકિટ અપગ્રેડ કરતા હતા. મનમોહનસિંહ અને ચિદમ્બરમ સુધી માલ્યાની પહોંચ હતી.નિરવના જ્વેલરી કલેક્શનનુ ઉદઘાટન રાહુલ ગાંધીએ જ કર્યુ હતુ. આશ્ચર્યની વાત એ છે કે, કોંગ્રેસે પણ આ વાતનો સ્વીકાર કરીને કહ્યુછેકે, એનાથી શુંસાબિત થાય છે. પ્રિયંકા ગાંધીએ કોઈ વસ્તુ વેચી હોય અને જો કોઈએ ખરીદી હોય તો ખરીદનારને જોવામાં નથી આવતો..તેનાથી આ બેંકના પતન સાથે પ્રિયંકા ગાંધીની કોઈ લિંક નથી.

યોગી સરકાર ખૂદને બંધારણથી ઉપર સમજે છેઃ પ્રિયંકા ગાંધી

લખનૌમાં તોફાની તત્વોના પોસ્ટર જાહેરમાં લગાવવા મુદ્દે અલાહાબાદ હાઈકોર્ટે યોગી સરકારને ફટકાર લગાવ્યા બાદ પ્રિયંકા ગાંધીએ ફરી એક વખત ભાજપ પર નિશાન સાધ્યું છે. પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરી યોગી સરકાર પર આકરા પ્રહારો કર્યા. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ઉત્તર પ્રદેશ સરકારના વડા અને તેમના અધિકારીઓ પોતાને બંધારણથી ઉપર સમજે છે. ઉત્તર પ્રદેશની ભાજપ સરકારનું વલણ એવું છે કે સરકારના વડા અને તેના નક્શે કદમ પર ચાલનારા અધિકારી પોતાને બાબાસાહેબ આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણથી ઉપર સમજે છે.

યસ બેંકના ખાતાધારકો અન્ય બેંકના એટીએમમાંથી પૈસા ઉપાડી શકશે

મુંબઈ

સંકટમાં ફસાયેલી યસ બેંકના ગ્રાહકો માટે સારા સમાચાર છે. હવે તેઓ રૂપિયા ઉપાડવા માટે પોતાના એટીએમ અને ડેબિટ કાર્ડ નો ઉપયોગ કરી શકે છે. ખાસ વાત એ છે કે પહેલાની જેમ યસ બેંકના ગ્રાહકો કાર્ડથી યસ બેંકની સાથોસાથ બીજા એટીએમથી પણ રૂપિયા ઉપાડી શકે છે. ગુરુવાર મોડી રાત્રે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકની તમામ સર્વિસ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. તમામ ઓનલાઈન સર્વિસ સસ્પેન્ડ કરી દીધા હતા. જેથી દેશભરમાં બેંકોની બહાર લોકોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.

દિલ્હી હિંસા મામલે પોલીસે કુલ ૬૯૦ કેસ દાખલ કરી ૨૨૦૦ લોકોની અટકાયત કરી

ન્યુ દિલ્હી

દિલ્હીહિંસા મામલે પોલીસે અત્યાર સુધીમાં કુલ ૬૯૦ કેસ દાખલ કર્યા છે. જ્યારે કે અંદાજે ૨ હજાર ૨૦૦ લોકોની અટકાયત અથવા તો ધરપકડ કરી છે. દિલ્હી હિંસા મામલે અત્યાર સુધીમાં કુલ ૫૩ લોકોના મોત થયા છે. જ્યારે કે અંદાજે ૨૦૦ લોકો ઘાયલ થયા છે. ત્યારે આ મામલે પોલીસ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ કુલ પૈકી ૪૮ કેસ આર્મ્સ એક્ટ હેઠળ દાખલ કરવામાં આવ્યા છે.

જ્યારે બીજી તરફ જોઈએ તો પોલીસે દિલ્હી હિંસા દરમ્યાન મૌજપુરમાં પોલીસ કર્મચારી પર બંદૂક તાકનારા શાહરૂખને વધુ ૩ દિવસો માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યો છે. આરોપી શાહરૂખે પોલીસ કોન્સ્ટેબલ દીપક દહિયા પર બંદૂક તાકી હતી. અને તે દરમિયાન પોલીસ સામે બંદૂક તાકવાનાં ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં બહોળા પ્રમાણમાં વાયરલ થઈ હતી. આ ઘટના બાદ આરોપી શાહરૂખ ઘણા સમયથી છુપાતો ફરતો હતો. અને તેને ઝડપવા માટે પોલીસે એડી ચોટીનું જોર લગાવ્યું હતું.

ત્યાર બાદ પોલીસને ઉત્તર પ્રદેશના શામલીમાંથી દિલ્હી હિંસાનો આરોપી શાહરૂખની ધરપકડ કરી હતી. તો ગોકુલપુરીમાં દિલબર સિંહ નેગીની હત્યાના આરોપી એવા શાહનવાઝની પણ પોલીસે ધરપકડ કરી અને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ઝારખંડમાં ભૂખને કારણે વ્યક્તિનું મોત...!!

બોકારો

ઝારખંડના બોકારોમાં એક ૪૨ વર્ષના વ્યક્તિનું ભોજન ના મળતા મોત થઈ ગયુ. મૃતકનું નામ ભૂખલ ઘાસી હતું. ભૂખલના પરિવારનો દાવો છે કે તેના ઘરમાં કેટલાક દિવસથી ભોજન નહતું. ખાવાનું ના મળતા ભૂખલનું મોત થઈ ગયુ. બીજી તરફ બોકારોના તંત્ર કઈક અલગ જ દાવો કરી રહ્યા છે. તંત્રનું કહેવુ છે કે ભૂખલનું મોત ભૂખથી નહી પણ બીમારીથી થયુ છે. તે કેટલાક મહિનાથી બીમાર હતો.

ભૂખલ ઘાસીના પરિવાર પાસે ના તો રેશન કાર્ડ હતું અને ના તો આયુષ્યમાન કાર્ડ. મૃતકના પત્ની રેખા દેવીએ જણાવ્યુ કે કેટલાક દિવસથી તેમના ઘરમાં ભોજન માટે કઈ નહતું. પત્નીના દાવાને ખોટો ગણાવતા બોકારો જિલ્લાના કમિશનર મુકેશ કુમારે કહ્યુ, "ભૂખલ એનિમિયાથી પીડિત હતો અને ડોકટરોની દેખરેખ હેઠળ હતો. તે બેંગલુરૂમાં કામ કરતો હતો અને બીમાર પડ્યા બાદ ૬ મહિના પહેલા જ અહી પરત ફર્યો હતો, ભૂખલનું મોત બીમારીથી થયુ છે, ભૂખલનો પુરો પરિવાર એનિમિયાથી પીડિત છે.

ટૂંકમાં

યસ બેંક સંકટ પહેલા પાનાથી ચાલુ

પૂછપરછ શરૂ કરી હતી.

તેણે સવાર સુધી પૂછપરછ ચાલુ રાખી હતી અને શનિવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ તેને વધુ તપાસ માટે બાલાર્ડ એસ્ટેટની એજન્સીની પ્રાદેશિક ઓફિસમાં લઈ ગયો હતો. આ પછી સવારે ૩ વાગ્યે તેની ધરપકડ કરવામાં આવી હતી.

ઈડીના અધિકારીઓએ તેની ત્રણ પુત્રીની મુંબઈ અને દિલ્હી અને પ્રભાદેવીમાં યસ બેંકના મુખ્ય મથકની પણ તપાસ કરી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પુત્રીઓના નિવેદનો નોંધવામાં આવશે અને કપૂર પરિવારના આર્થિક વ્યવહારની પણ તપાસ કરવામાં આવશે.

ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વધાવન પણ આરકેડબલ્યુ ડેવલપર્સના પ્રમોટર્સમાંના એક છે. ઈડીએ જાન્યુઆરીમાં વધાવનની અન્ય મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી, જેમાં ડ્રગ તસ્કર ઈકબાલ મિર્ચી વિરુદ્ધ તપાસ ચાલી રહી હતી. વધવન હાલમાં જામીન પર બહાર આવ્યો છે.

યૂ ટર્ન પહેલા પાનાથી ચાલુ

સુવિધાજનક છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ઈવીએમ સાથે વીવીપીએટીમાં મતદાતાઓનો વિશ્વાસ વધ્યો છે. અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શકતા વધી છે. સમિતિએ એ પણ કહ્યું છે કે સુપ્રીમકોર્ટે બેલેટ પેપર સિસ્ટમ પર ચૂંટણીની માંગની અરજીને ફગાવી દીધી છે ઈવીએમ અને વીવીપીએટીથી ચૂંટણી પ્રક્રિયાનો સ્વીકાર કર્યો છે.

મે મહિનાના પહેલા પાનાથી ચાલુ

છે. આ માટે સરકાર અર્થતંત્ર અને માનવ મૂડીને વધારાવ માટે મેક ઈન ઈન્ડિયા જેવા કાર્યક્રમ ચલાવી રહી છે. વર્ષ ૨૦૨૫ સુધી એરસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદનોના ક્ષેત્રમાં ૨૬ અબજ ડોલરના કારોબારનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

કોરોના પહેલા પાનાથી ચાલુ

આપણે તેના પર કાબૂ મેળવવો પડશે.

ગવર્નરે કહ્યું કે, ન્યૂયોર્ક શહેરમાં મામલાની સંખ્યા પથી ૧૧ સુધી બમણી થઈ ગઈ. તેમણે કહ્યું ઈમરજન્સીની સ્થિતિ રાજ્યને વધારે કર્મચારીઓ નિયુક્ત કરવાની અનુમતિ આપે છે કારણ કે સ્થાનિક સ્વાસ્થ્ય વિભાગ આ વાયરસથી સંક્રમિત લોકોની વધતી સંખ્યાથી પરેશાન છે.

સહેલી સેતુ અભિયાનથી મહિલા સમાનતા અને સશક્તિકરણ



રાજ પ્રજાપતિ, ગાંધીનગર
૯૪૨૮૬૬૧૧૬૬

આંતરાષ્ટ્રીય મહિલા દિવસે અનેક પ્રકારે મહિલાઓના ઉત્કર્ષ અને વિકાસ માટેના પ્રેરણાત્મક કાર્યક્રમો થાય છે પ્રવચનો અને ભાષણો થાય છે ઠેર ઠેર મહિલા સંસ્થાઓ અને મહિલા મંડળો સક્રિય છે મહિલાઓ શિક્ષિત અને આધુનિક બની છે જમાના સાથે સમાનતાથી કદમ મિલાવી રહી છે બીજી તરફ વાસ્તવિકતા એવી છે કે મહિલા અત્યાચારો અને બળાત્કારોની ઘટનાઓ સતત વધતી જાય છે છુટાછેડા અને ઘરેલું હિંસાઓની ઘટનાઓ પણ વધી છે મહિલાઓની પાયાની સમસ્યાઓનું સચોટ નિવારણ કરવાની નિયમિત વ્યવસ્થાઓ વિશે કોઈ અભિયાનનો અભાવ છે.

સમાજ વ્યવસ્થાઓ, ધર્મ વ્યવસ્થાઓ, અર્થ વ્યવસ્થાઓ, પરીવાર વ્યવસ્થાઓમાં અત્રાતત્ર સર્વત્ર મહિલાઓ કેન્દ્રમાં છે સમાજ અને પરીવારની તંદુરસ્તી અને સમૃધ્ધિનો મુળ આધાર મહિલા સશક્તિકરણ છે જયાં સુધી મહિલાઓમાં સમાનતા અને સમર્થતા નિર્માણ નહીં થાય ત્યાં સુધી મહિલા વર્ગની અસમાનતાઓ દુર નહીં થાય ત્યાં સુધી મહિલાનું ખરા અર્થમાં સશક્તિકરણ સફળ થશે નહીં.

સમાજના આર્થિક સમુધ્ધ પરીવારોની મહિલાઓ, શિક્ષિત મહિલાઓ, ઉચ્ચ પદાધિકારી મહિલાઓ, જાહેર જીવનમાં સેવારત આગેવાન મહિલાઓ, ઉદ્યોગકાર મહિલાઓ વગેરે ઉચ્ચ વર્ગની મહિઆઓનો આસપાસની ગરીબ મહિલાઓ, પીડીત મહિલાઓ, મજુર વર્ગની મહિલાઓ વચ્ચે સંપર્ક અને સંબધો નથી, સમાજમાં શ્રીમંત મહિલાઓ, મધ્યમવર્ગીય મહિલાઓ અને ગરીબ મહિલાઓ વચ્ચે સંબધોનો સેતું અને સહેલીભાવનો અભાવ છે આ ત્રણ પ્રકારના મહિલા વર્ગોની મહિલાઓ વચ્ચે સંબધોનો અને સહેલીપણાનો સેતું રચવાથી પાયાનું સશક્તિકરણ શરૂ કરી શકાશે.

શ્રીમંત મહિલાઓના કપડા, ગાડીઓ અને બંગલાઓ હોય છે ગરીબ મહિલાઓના ઝુપડાંઓ, ચાલીઓ અને છાપરાવાળા ઘર હોય છે આ ભેદ ઉભો થવામાં આર્થિક ગરીબી જવાબદાર છે આ ખરેખર ગરીબી નથી પરંતુ સંબંધોના સેતું વિના ઉભી થયેલી ગેરસમજણો છે બધાના ભાગ્ય અને પ્રારબ્ધ જુદા હોય શકે પણ સ્ત્રીશક્તિઓ સમાન હોય છે એટલે સમૃધ્ધ અને ગરીબ મહિલાઓ વચ્ચે મધ્યમ વર્ગની મહિલાઓ દ્વારા એક સેતું નિર્માણ થાય તો મહિલાઓનો ખરો વિકાસ અને સશક્તિકરણ શરૂ કરી શકાશે.

સમુધ્ધ પરીવારની મહિલાઓના વોર્ડરોબ, કબાટોમાં ૫૦-૧૦૦ થી ૨૦૦-૩૦૦ સાડીઓ ખરીદાયેલી પડી હોય છે ૫૦-૧૦૦ જેવા સંખ્યાબંધ ડ્રેસ, શુંગારની ચીજો હોય છે મધ્યમ વર્ગની મહિલાઓ પાસે પણ અનેક સાડીઓ અને કપડાંઓ હોય છે હજારો રૂપીયાના કપડાંઓથી કબાટો અને પેટીઓ ભરેલી પડી હોય છે આ કપડાઓ અને અનેક ચીજો એવી છે જેનો વપરાશ પ્રસંગોપાત થતો હોય છે હજારો રૂપીયાના કપડાંઓ અને ચીજો ખરીદાયા પછી એકાદ- બે વાર ઉપયોગ થયા બાદ વણવપરાયેલી પડી રહેતી હોય છે.

બીજી તરફ સમૃધ્ધ મહિલાઓની આસપાસના વિસ્તારોમાં રહેતી અનેક ગરીબ મહિલાઓ પાસે પુરતાં કપડાં હોતા નથી, જીવન જરૂરીયાતની ચીજો હોતી નથી, ગરીબ મહિલાઓના ઘરોમાં સારા વાસણો હોતા નથી, સારા ચપ્પલ કે શૃંગારની ચીજ વસ્તુઓ હોતી નથી તેથી ગરીબ મહિલાઓ શ્રીમંત અને મધ્યમ વર્ગની મહિલાઓ સાથે ઉભા રહી શકતા નથી કે ગરીબ મહિલાઓ અને શ્રીમંત મહિલાઓ વચ્ચે સહેલીભાવનો સેતું બનતો નથી, ગરીબ મહિલાઓ અને શ્રીમંત મહિલાઓ વચ્ચે ફ્રેન્ડશીપ નહીં થવાનું કારણ માત્ર સારા કપડા અને શૃંગાર હોય છે, પર્સમાં પૈસા નથી તો ચલાવી શકાશે પણ ગરીબાઈનો દેખાવ ગરીબી અને અમીરીની માનસીક દિવાલ રચે છે.

સુખી, સમૃધ્ધ પરીવારની મહિલાઓ પાસે ઘણા સારા કપડાં, શૃગારની સામગ્રીઓ પડતર પડી રહેતી હોય છે આ ચીજો પાછળ હજારો રૂપીયા ખર્ચાયા હોય છે જેટલા રૂપીયા ખર્ચાયા હોય તે મુજબ તેનો વપરાશ નથી થતો, આવી વપરાશ વિના પડતર પડી રહેતી સાડીઓ, ડ્રેસ, ચપ્પલ, નાના મોટા વાસણો, કાચના વાસણો, વગેરે બંગલાઓ અને ફ્લેટમાં ઉપયોગ વિના પડયુ રહે છે આ બધી વસ્તુઓ આસપાસની ગરીબ અને જરૂરીયાતમંદ મહિલાઓને ભેંટ આપી દેવામાં આવે અને તેના માટે મધ્યમ વર્ગની બહેનો સખી મંડળોની રચના કરીને શ્રીમંતો બહેનો પાસેથી એકઠું કરીને ગરીબ બહેનો સુધી પહોંચાડવાનો સેતું બનાવે તો ગરીબ મહિલાઓને સારા કપડા અને થોડી સારી ઘરવખરી અને નાની મોટી ઘરેલું વપરાશની ચીજોનો ખર્ચ બચી જશે અને તે બચતના કારણે તેના ગરીબ ઘરની બીજી જવાબદારીઓ સરળતાથી નિભાવી શકશે, પુરતું અનાજ ખરીદવાની સક્ષમતા કેળવી શકશે.

ગરીબ હોય કે શ્રીમંત પ્રત્યેક સ્ત્રીઓમાં અનેક કુદરતી શક્તિઓ છે પૈસાના ભેદ મિટાવીએ તો મહિલાઓ સમાજને સશકત અને સમૃધ્ધ બનાવી દેશે, ગરીબ મહિલાઓમાં પણ પુષ્કળ શક્તિઓ હોય છે તેનો એમનો વિકાસ થતો નથી કારણ કે તેનો દેખાવ અને કપડાં, મેકઅપ વિનાનો ગેટઅપ વગેરે તે ગરીબ મહિલાના મનમાં સતત લાચારી, નાનપ અને નિર્બળતાનો ભાવ ઉત્પન્ન કરે છે, ફકત ગરીબ મહિલાઓએ સારા કપડા પહેરેલા ના હોવાથી શ્રીમત મહિલાઓ તેઓને બોલાવતા નથી કે તેની સાથે મિત્રતા રાખતા નથી, અમીરી અને ગરીબી તો નસીબની વાત છે પણ સુખી સમૃધ્ધ પૈસાદર પરીવારોની મહિલાઓ અમીરાત નિભાવીને આસપાસની ગરીબ મહિલાઓને સારા કપડાં પહેરાવીને પોતાની સહેલી બનાવી શકે છે, સારા કપડાં પહેરવાની ફરજ પડશે તો બાકી આપોઆપ ગરીબ મહિલાઓમાં બીજી નવી પ્રસંન્નતાઓ પેદા થશે.

શ્રીમંતો ગરીબ લોકોને મફતમાં કંઈક પણ દાન કે ભેંટ આપે તો લેનાર ગરીબને નાનપતાનો ભાવ ઉત્પન્ન થાય છે ખરા અર્થમાં મહિલા સમાનતા અને સશક્તિકરણ કરવું હોય તો માનસીક સમાનતા ઉભી કરવી પડશે, અમીર મહિલાઓ ગરીબ મહિલાઓને કપડાં, વાસણો, સાબું, ટુથપેસ્ટ, બ્રશ, ચપ્પલ, શૃંગારની ચીજો ભેંટમાં આપે તો એ ગરીબ બહેનોને જવાબદારીઓને પણ સમજાવે, અમીર બહેનો દ્વારા ગરીબ બહેનોને ભેંટ આપવામાં આવે એના બદલામાં વિસ્તારની સ્વચ્છતાંની જવાબદારીઓ ગરીબ બહેનોએ નિભાવવાની જવાબદારી સોંપી જોઈએ, ગરીબ બહેનોને સહેલી બનાવીને તેને વિસ્તારની પડતર જગ્યાઓમાં ફુલછોડ, ઝાડ વાવેતર અને ઉછેરની જવાબદારીઓ પણ સમજાવીને, સોંપવી જોઈએ જેથી ગરીબ બહેનોને પણ મફત લીધાનો નાનપનો ભાવ રહેશે નહીં અને અ રહેણાંક વિસ્તાર ઉપવન જોવો બની જશે.

અમીરો અને મધ્યમ વર્ગના ઘરોમાં કામવાળી બહેનો, સફાઇ કામદાર બહેનો આવતી હશે, આસપાસની ઝુપંડપટીઓમાં બહેનો ફકત સારા કપડા અને સારો શૃંગાર ના હોવાને કારણે છુપાયેલી પડી રહે છે અથવા મેલાઘેલી પ્રવૃતીઓમાં જીવનનો કિંમતી સમય વેડફી રહી છે, આ શક્તિઓને મોડી ફાયા કરીને જબરદસ્ત સશક્તિકરણ નિર્માણ કરી શકાશે.

મહિલા સમાનતા અને સ સશક્તિકરણ માટે સૌથી પહેલા અમીરી અને ગરીબીની માનસીકતા દુર કરવી આવશ્યક છે, મધ્યમ વર્ગની શિક્ષિત બહેનો દ્વારા સમૃધ્ધ બહેનો પાસેથી સારા કપડા, શૃંગારની વસ્તુઓ, નાના મોટા વાસણો, ન્હાવાના સાબુ, લાલી લીપસ્ટીક વગેરે એકઠા કરીને નજીકના સ્થાનીક વિસ્તારની ગરીબ બહેનોને આપવા અને ગરીબ બહેનોને વિસ્તારની જાહેરસેવાઓની જવાબદારીઓ સોંપવાના કાર્યક્રમો અને અને શકય હોય તો શહેર વિસ્તારની સોસાયટીઓ. મહોલ્લાઓ, પોળોમાં, તેમજ ગામડાઓમાં નિયમિત રીતે મહિલા સેતું કાર્યક્રમો કરવામાં આવે અને આ કાર્યક્રમો માટે મહિલા મંડળો, મહિલા સંગઠનો, મહિલા સમાજા સેવીકાઓ દ્વારા અભિયાન ચલાવાય તો શ્રીમંત મહિલાશક્તિ અને ગરીબ મહિલાશક્તિની ફ્રેન્ડશીપથી આપોઆપ મહિલા સમાનતા અને વાસ્તવિક મહિલા સશક્તિકરણ નિર્માણ થશે.

સહેલી સેતુ અભિયાનથી મહિલા સમાનતા અને સશક્તિકરણ સામજીક ઉતરદાયિત્વ છે તેને સાથે આથે મહિલાઓને રાજકીય અને આર્થિક ક્ષેત્રોમાં પણા સમાનતા મળવી જોઈએ, દેશની જનસંખ્યામાં પુરૂષો જેટલી મહિલાઓ છે દેશમાં રાજકીય ક્ષેત્રે અડધા મતદારો મહિલાઓ છે તો દેશની રાજનીતિ અને જનપ્રતિનિધિત્વના જાહેરસેવાઓમાં મહિલાઓને સમાનતા આપવા માટે અડધું પ્રતિનિધિત્વ આરક્ષણ મળવું જોઈએ, સમાન સતાઓ અને સમાન જવાબદારીઓ વિના સશક્તિકરણ શકય નથી, રસોડાથી સંસદ સુધી મહિલાઓને સમાનતા મળશે ત્યારે ભારતની મહિલાઓ સંપુર્ણ સમૃધ્ધ અને શક્તિશાળી બનશે.

આપણા સૌના ઘર પરીવારની દિકરીઓ, બહેનો અને માતાઓને ઘરની જવાબદારીઓની સાથે સામાજીક અને રાજકીય જવાબદારીઓમાં સમાનતા આપવામાં આવશે, સતાઓ અને ફરજ આપવામાં આવશે ત્યારે ભારત ખરા અર્થમાં સમુધ્ધ અને શક્તિશાળી બનશે, માં સુખી તો સંસાર સુખી એ કુદરતનો કાયદો આપણે નિભાવવો પડશે.

સરપંચથી સંસદની દરેક જગ્યાએ મહિલાઓને સંવૈધાનીક સમાનતા અને જવાબદારી મહિલા મતદારોનો અધિકાર છે મહિલાઓને ખરા અર્થમાં સાચી સ્વતંત્રતા, સમર્થતા અને સશક્તિકરણ આપવું હોય તો દેશમાં અડધા મતદારો મહિલાઓ હોવાથી જાહેર સતાઓના રાજકીય અને સામાજીક હોદાઓની સતાઓના દરેક સ્થાન ઉપર મહિલાઓને સમાનતાથી પદ અને સતાઓ આપવી એજ ખરી અને સંવૈધાનીક મહિલા સમાનતા અને મહિલા સશક્તિકરણ છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન: શંકરસિંહ વાઘેલાએ મહિલાઓ માટે ઉત્કર્ષ કામ કરેલા

ગાંધીનગર

આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષે ૮મી માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.

શંકરસિંહ વાઘેલા ×બાપુ× એ તેમના મુખ્યમંત્રી કાળ દરમ્યાન ખૂબ ઓછા સમય માં ×મહિલા ઉત્કર્ષ× માટે ઘણાં કામ કર્યા.

સ્ત્રી દાક્ષિણ્યની ઉદાત્ત ભાવના ઉજાગર કરવા ક્રાંતિકારી પગલારૂપે મહિલાઓને માટે સરકારી, અર્ધસરકારી અને સરકારી સહાય મેળવતી સંસ્થાઓમાં ૩૦% અનામત નોકરીની જાહેરાત.

૩૩% મહિલાઓને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, પંચાયતોમાં અનામતની જોગવાઈ અને ૩૦ % સરકારી નોકરીઓમાં અનામતની પ્રથાનો સમન્વય: રાજ્યની ૬૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો જ્યાં મહિલા સરપંચ હોય ત્યાં વહીવટકર્તા તલાટી પદે મહિલા અને ૬૧ જેટલી તાલુકા પંચાયતોમાં મહિલા પ્રમુખસ્થાને હોય ત્યાં વિકાસ અધિકારી તરીકે મહિલાઓને મૂકવાની વિચારણા.

- ગુમચર પોલીસ શાખામાં મહિલા એકમ શરૂ કરવાનો નિર્ણય.
- મહિલાઓ માટેના માર્ગદર્શન કેન્દ્રો માટે રૂ. ૧ કરોડનું સહાયક વાર્ષિક અનુદાન.
- ' મહિલા સુરક્ષા સમિતિ' પુનઃ કાર્યાન્વિત કરાઈ અને ત્રસ્ત



મહિલાઓના પ્રશ્નો તાકીદે હાથ ધરાયા.

- મહિલાઓ અંગેનાં ગુનાઓની તપાસ વિશ્વસનીય અને ઝડપી બનાવવા મહિલા પોલીસ કેડરની ખાસ ભરતી.
- જુનાગઢમાં નવું અલગ મહિલા પોલીસ મથક કાર્યાન્વિત.
- ×અપની બેટી - અપના ધન સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગો, અનુસૂચિત જાતિ વર્ગો માટેની યોજના : પુત્રીના જન્મ સમયે માતાને રૂ. ૫૦૦ ની સહાય તથા પુત્રીને રૂ. ૨૫૦૦ના ઈન્દિરા વિકાસ પત્રો.
- અનુસૂચિત જાતિની મહિલાઓને સીવણ મશીન ખરીદવા રૂ.૨૫૦૦ની માનવ ગરિમા યોજના હેઠળ સહાય.
- ૧૦ લાખ સગર્ભા બહેનોને સલામત પ્રસુતિની કીટ્સ.
- શિક્ષકોની બદલી પર પ્રતિબંધ મુક્યો. માત્ર વિધવા શિક્ષિકાઓ તથા પતિ-પત્ની અલગ સ્થળ પર કામ કરતા હોય તેમને છુટ.
- વિધવા પેન્શનમાં વધારો કર્યો. અને બે નાના બાળકો હોય તેમને પણ રૂ.૧૪૦ આપવાનો નિર્ણય કર્યો.
- કન્યા કેળવણીમાં ગ્રાન્ટ માટે પ્રાધાન્ય.
- ટીમરૂ પાન વીણીને રોજી કમાતી આદિવાસી બહેનોની રોજી રૂ. ૨૮ થી વધારીને રૂ. ૩૫ કરવાની વાજબી માંગણીનો તત્કાલ સ્વીકાર.
- આદિવાસી મહિલાઓ માટે વિનામૂલ્યે વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ.
- કચ્છના પરંપરાગત હસ્તકલા ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા ચાર નિગમો - ખાદી ગ્રામોદ્યોગ, ગ્રીમકો , હસ્તકલા અને હાથસાળ વિકાસ નિગમને × રાહત કામગીરી × માટે મહિલા શ્રમજીવીઓને રોજગારી આપવા રૂ.૧૬૦ લાખની ગ્રાન્ટ.

નિત્યાનંદ આશ્રમ કેસઃ બાળકોને બિભત્સ વીડિયો બતાવ્યાનો આરોપ

અમદાવાદ

અમદાવાદમાં વિવાદિત નિત્યાનંદ આશ્રમ કેસમાં હવે નવો વળાંક સામે આવ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં પોલીસ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સામે ફરિયાદ નોંધવામાં આવી છે. માહિતી મુજબ આ ફરિયાદ અમદાવાદ ગ્રામ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓ સામે નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ વિવાદિત નિત્યાનંદ આશ્રમ કેસ હેઠળ હવે અમદાવાદ ગ્રામ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીમના સભ્યો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તપાસમાં આશ્રમના બાળકોને બિભત્સ વીડિયો બતાવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. માહિતી પ્રમાણે સાધક ગિરીશ તુરલાપતિએ ગ્રામ્ય કોર્ટમાં ફરિયાદ કરી છે.

સાધકે જણાવ્યું કે ચાઈલ્ડ વેલ્ફેર કમિટીએ તટસ્થ તપાસ નથી કરી. ઉપરાંત, બાળકો અને સ્થાનિક રહેવાસીઓને માનસિક ત્રાસ આપ્યાનો આરોપ પણ લગાવ્યો છે. આ ફરિયાદ વિવેકાનંદ નગર પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે હવે તમામ લોકો સામે ફરિયાદ નોંધી કાર્યવાહી કરવા કોર્ટનો આદેશ છે. ST/SC સેલના DySP પી.ડી. મનવર આ કેસની વધુ તપાસ કરશે અને એક મહિનામાં તપાસ કરી રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

વસ્ત્રાલ રિંગ રોડ પર ટેમ્પોએ ટક્કર મારતા મહિલાનું ઘટનાસ્થળે જ મોત

અમદાવાદ

રવિવારની સવાર અમદાવાદની મહિલા માટે મોત બનીને આવી હતી. ટેમ્પો ચાલકે મહિલાને અડફેટે લીધી હતી જેમાં ઘટના સ્થળે જ મહિલાનું મોત થતા અરેરાટી ફેલાઈ ગઈ હતી

અમદાવાદના વસ્ત્રાલ રિંગ રોડ પર અકસ્માતમાં મહિલાનું મોત થયુ છે. ટેમ્પો ચાલકે ટક્કર મારતા મહિલાનું મોત નિપજ્યું.

મળતી માહિતી મુજબ મહિલા રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે ટેમ્પો ચાલકે મહિલાને અડફેટે લીધી હતી. અકસ્માતમાં મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું. અકસ્માતમાં મહિલાનો હાથ છુટો પડ્યો હતો. અકસ્માત બાદ ટેમ્પો ચાલકે ઘટનાસ્થળથી ફરાર થયો હતો. આ ઘટનાની જાણ થતા પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે.

નરોડા ગામ રમખાણ કેસનો ચૂકાદો ફરી પાછો ઠેલાયો, જજની થઈ બદલી

અમદાવાદ

વર્ષ ૨૦૦૨માં ગોધરા કાંડ બાદ રાજ્યમાં ફાટી નીકળેલા તોફાનોમાં ચર્ચાસ્પદ નરોડા સામૂહિક હત્યાકાંડના ૧૮ વર્ષ બાદ અને કેસ શરું થયાના ૧૧ વર્ષ બાદ પણ હજુ સુધી ચુકાદો આવ્યો નથી. ત્યારે ફરી એકવાર આ કેસના ચૂકાદાની તારીખ આગળ વધી છે આ વખતે તેનું કારણ જ્જ જજ એમ.કે. દવેનું ટ્રાન્સફર છે.

પ્રિન્સિપલ સેશન જજ એમ. કે. દવે આ કેસમાં અંતિમ આરોપી ગુજરાતના પૂર્વ પ્રધાન માયા કોડાણી તરફથી ફાઈનલ દલીલો સાંભળી રહ્યા હતા ત્યારે જ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમના ટ્રાન્સફરનો ઓર્ડર આવ્યો છે. જજ દવેનું ટ્રાન્સફર વલસાડ જિલ્લામાં કરવામાં આવ્યું છે તેમની જગ્યાએ ભાવનગરના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ એસ. કે. બક્ષીને અમદાવાદ ટ્રાન્સફર કરાયા છે. મહત્વનું છે કે શુક્રવારે ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યના ૪૦ જેટલા જિલ્લા અને સેશન જજના ટ્રાન્સફર ઓર્ડર કરાયા છે.

જોકે જ્જ જજ દવેના ટ્રાન્સફર સાથે હવે તમામ પક્ષકારોના વકીલોએ ફરીથી પોતાની દલીલો રજૂ કરવી પડશે. ત્યારબાદ નવા જજ તમામ જૂની દલીલો અને પૂરાવાનો અભ્યાસ કરીને પછી પોતાનો અંતિમ ચૂકાદો આપી શકશે. આ પહેલા કેસની શરુઆત પૂર્વ પ્રિન્સિપલ સિટિ સેશન જજ પી.બી. દેસાઈની સમક્ષ થઈ હતી. જે બાદ તેઓ નિવૃત્ત થતા તેમની જગ્યાએ નવા આવેલા પ્રિન્સિપલ સેશન જજ દવે સક્ષમ ફરિયાદી પક્ષ ફરીથી પોતાની તમામ દલીલો રજૂ કરવી પડી હતી.

જોકે કેસની અંતિમ દલીલ શરું થઈ ત્યારે જ ગુજરાત હાઈકોર્ટે આ કેસના નવા પ્રીસાઈડિંગ ઓફિસર અને સિવિલ કોર્ટમાં નવા પ્રિન્સિપલ જજની નિમણૂંકનો આદેશ કરી દીધો છે.

ભાવનગરના અલંગને ૭૧૫ કરોડના ખર્ચે વધુ વિકસિત કરવામાં આવશે

ભાવનગર

એશિયાનું સૌથી મોટું શિપબ્રેકીંગ યાર્ડ કે જે જહાજોનું કબ્રસ્તાન માનવામાં આવે છે. અલંગના શિપબ્રેકીંગ ઉદ્યોગને વધુ વેગ આપવા રાજ્ય સરકારે બજેટમાં રૂ.૭૧૫ કરોડની ફાળવણી કરી છે. આ જંગી રકમની ફાળવણીથી અલંગ આગામી દિવસોમાં વિકાસની હરણફાળ ભરી હરીફ દેશોને ટક્કર આપવા તૈયાર થશે. જેમાં અલંગમાં જે પ્લોટમાં હાલ શિપ કટિંગ કરવામાં આવી રહ્યાં છે, તે પ્લોટ નાના છે તેને ૧૦૦ મીટરના કરવામાં આવશે. જેથી આ પ્લોટમાં એકથી વધુ શિપ કટિંગ માટે બીચીંગ કરી શકાશે. જ્યારે હાલ સલામતી અને પર્યાવરણલક્ષી કામગીરી અંગે ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે અને જેમાં હોંગકોંગ કન્વેન્શન મુજબ નિયમોનું પાલન કરી આધુનિક ટેકનોલોજી દ્વારા શિપ કટિંગની કામગીરી કરવામાં આવે તે માટે ૭૫ જેટલા પ્લોટનું આધુનિકરણ જેમાં આધુનિક મશીનરી અને મુવેબલ કેઈનથી સજ્જ કરવામાં આવશે. આજ દિન સુધી અલંગમાં માત્ર કાર્ગો-પેસેન્જર શીપ જ ભંગાણ માટે આવતા હતા, પરંતુ હવે જ્યારે વોરશીપ અને રીસર્ચ વેસલ્સ જેવા જહાજો પણ ભંગાણ માટે આવશે. પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ શિપબ્રેકીંગ વ્યવસાય મોટા પાયે છે, પરંતુ તે અલંગને ટક્કર આપવા સક્ષમ નથી, ત્યારે હોંગકોંગ કન્વેન્શનનું અમલીકરણ અને રાજ્ય સરકારની અલંગને વધુ વિકસિત કરવાની નીતિ આગામી દિવસોમાં અલંગ ઉદ્યોગને વધુ મજબૂત બનાવશે.

નળકાંઠા વિસ્તારના અંતરિયાળ કમીજલા ગામે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટ સુરેન્દ્રનગર પ્રેરિત અને નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેનના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટ સુરેન્દ્રનગર પ્રેરિત અને નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેન ના સહયોગથી વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારના અંતરિયાળ ગામ કમીજલા શેઠ શ્રી એમ.જે.શાહપુરવાલા હાઈસ્કુલ ખાતે ૮ માર્ચ રવિવારના રોજ નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. કમીજલા ખાતે ભાણ સાહેબની જગ્યાના મહંત જાનકીદાસ બાપુ, સૌરાષ્ટ્ર પ્રાંત કાર્યવાહ કિશોરભાઈ મુંગલપરા, ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટના પ્રમુખ મનહરસિંહ ઝાલા, એન.એમ.ઓ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ.ચંદ્રભાનુ ત્રિપાઠી, ગામના સરપંચ ગોવિંદભાઈ વાંટીયાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને સર્વરોગ નિદાન કેમ્પનું શુભારંભ કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટના મંત્રી ડૉ.મહેશભાઈ ચૌહાણ દ્વારા ટ્રસ્ટની કામગીરીની સમજ આપવામાં આવી અને જાનકીદાસ બાપુ દ્વારા આશિર્વચન પાઠવવામાં આવ્યા હતા. સર્વરોગ નિદાન કેમ્પમાં હાડકાનો વિભાગ, જનરલ અને પ્લાસ્ટિક સર્જન, ફિઝિશિયન અને ઈસીજી વિભાગ, આંખ વિભાગ, સ્ત્રી રોગ, બાળ રોગ, માનસિક રોગ, દાંત રોગ, ચામડીના રોગ, નાક કાન ગળાનો વિભાગ, યોગ સારવાર, વજન બીપી નોંધણી, હોમિયોપેથી વિભાગ, આયુર્વેદ વિભાગ, વ્યસનમુક્તિ વિભાગ સહીત દવા વિભાગનો દર્દીઓએ નિઃશુલ્ક લાભ લીધો હતો. રજીસ્ટ્રેશનના સ્થળ પર જ સૌને ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું અને હાથ ધોવાની રીત અંગે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોરોના વાઈરસથી બચવાના ઉપાયો અંગે પપેટ શો દ્વારા આરોગ્ય વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી હતી. દર્દીઓ માટે ચા-પાણી તથા અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનો ૮૦૯ દર્દીઓએ લાભ લીધો હતો. સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવવા માટે સ્થાનિક લોકો સહીત વિવિધ સંસ્થાઓ, સંગઠનો, સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

કોરોના ઈફેક્ટઃ વડતાલ સ્વામિનારાયણ મંદિરમાં ઉજવાતો ભવ્ય રંગોત્સવ રદ

ખેડા

સ્વામિનારાયણ સંપ્રદાયનાં આચાર્ય પરંપરાનાં બે મુખ્ય મંદિરો કહેવાતા એવાં બે મંદિરોમાંના કાલુપુર અને વડતાલ ધામમાં દર વર્ષે હોળીને લઇ ભગવાન સ્વામિનારાયણની પરંપરા અનુસાર અહીં ભવ્ય રંગોત્સવનું આયોજન થતું હોય છે. ત્યારે સોમવારનાં રોજ તારીખ ૯/૩/૨૦૨૦નાં રોજ આયોજન કરવામાં આવેલ ભવ્ય રંગોત્સવને લઇને આ વખતે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં હાલમાં સમગ્ર વિશ્વમાં અને ભારતમાં પણ કોરોના વાયરસે પગપેસારો કરી દીધો છે. ત્યારે કોરોના વાયરસને ધ્યાનમાં રાખી આ વખતે વડતાલ ધામ ઉજવવામાં આવતા રંગોત્સવને રદ કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે ભગવાનનાં દર્શન તો રાબેતા મુજબ ચાલુ જ રહેશે.

બીજી બાજુ વડતાલ મંદિર ઉપરાંત કહેવાતા જૂના આચાર્ય એવાં અજેન્દ્રપ્રસાદજીનાં ઘરે પણ કરવામાં આવતી રંગોત્સવની ઉજવણી આ વખતે રદ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે, વડતાલમાં દર વર્ષે ઉજવાતા આ ભવ્ય રંગોત્સવમાં અંદાજીત એક લાખ કરતાં પણ વધુ હરિભકતો અહીં દર્શનાર્થે અને આ રંગોત્સવનો લાભ લેવા આવતા હોય છે.

બીએપીએસના પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજના અસ્થિનું ઘેલો નદીમાં વિસર્જન કરાયું

બોટાદ

બીએપીએસના પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજના અસ્થિનું આજે ગઢડામાં આવેલી ઘેલો નદીમાં શાસ્ત્રોક વિધિ સાથે વિસર્જન કરાયું. બીએપીએસના વડા મહંતસ્વામીએ ધાર્મિક વિધિ સાથે અસ્થિનું વિસર્જન કર્યું. ૧૩ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ પ્રમુખ સ્વામી મહારાજ અક્ષર નિવાસ પામ્યા હતા.

ગઢડામાં આવેલી ઘેલો નદીમાં પુરખોતમ ઘાટમાં પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજના અસ્થિનું વિસર્જન કરવામાં આવ્યું. કહેવાય છે કે ભગવાન સ્વામિનારાયણ પોતે ગઢડા ઘેલો નદીમાં સ્નાન કરતા હતાં. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘેલો નદીને ઉન્મત્ત ગંગાનું સ્થાન અપાયું છે.

આ ઉપરાંત હાલ સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસનો હાહાકાર મચ્યો છે જેને લઈને વિશ્વમાંથી કોરોના વાઈરસ સમી જાય તે માટે મહંતસ્વામી દ્વારા પ્રાર્થના પણ કરવામાં આવી. મોટી સંખ્યાં હાજર હરિભક્તોએ અસ્થિ વિસર્જનના દર્શનનો લાભ લીધો.

રાજપથ ક્લબમાં ટ્રેનરના ભાઈએ ફ્લોર ઈન્ચાર્જને ગનથી ઉડાવી દેવાની ધમકી આપી

અમદાવાદ

એસજી હાઈવે પર આવેલી રાજપથ કલબમાં હેલ્થ ક્લબના ફ્લોર ઈન્ચાર્જને લાઈસન્સ વાળી ગનથી ઉડાવી દેવાની ટ્રેનરના ભાઈએ ધમકી આપી હોવાની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. કલબમાં ફ્લોર પર ચાર ટ્રેનરો ઉભા રહી અને ગ્રૂપ ડિસ્કશન કરતા હતા જે બાબતે ઠપકો આપતા ધમકી આપી હોવાને લઇ પોલીસે તપાસ શરૂ કરી છે.

મણિનગરમાં રહેતા અને રાજપથ ક્લબમાં હેલ્થ ક્લબના ફ્લોર ઈન્ચાર્જ પવન ભાવસારએ તેના ચાર ટ્રેનર અક્ષય, રશ્મિ, તનના ફ્લોર પર ગ્રૂપ ડિસ્કશન ન કરવા માટે ઓફિસમાં બોલાવી ક્લબના નિયમો ન તોડવા જણાવ્યું હતું. બે દિવસ પહેલા પવનના ફોન પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે અક્ષય મારો નાનો ભાઈ છે જો તેને રાજપથ કલબની નોકરીમાંથી કાઢ્યો તો મારી લાઈસન્સવાળી ગનથી ઉડાવી દઈશ. વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સાળંગપુર હોસ્ટેલમાં ધો.૧૨ના વિદ્યાર્થીએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યુ

સાળંગપુર

બરવાળાના સાળંગપુર ગામે હોસ્ટેલમાં રહેતા ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવને લઈ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને મૃતકને પીએમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરી હતી.સાળંગપુર ગામે આવેલી શ્રી બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના ગુરુકુળની હોસ્ટેલમાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ હોસ્ટેલના રૂમમાં ગળાફાસો ખાઈ આપઘાત લેતા ભારે તર્કવિતર્ક જોવા મળી રહ્યા છે. આ બનાવને લઈ મૃતકના પરિવારજનોએ સઘન તપાસની માંગ કરી છે, જેથી પોલીસે તમામ પુરાવા લઈ આગળની તપાસ હાથ ધરી છે. યોગેશભાઈ પટેલને પરિવારમાં બે પુત્ર છે જેમાં અક્ષર ઉ.વર્ષ ૧૭સૌથી મોટો પુત્ર અને તેનાથી નાનો જેનિલ છે તેની ઉમર ૧૬ વર્ષછે. અને તે ધોળકા ખાતે ૧૧ સાયન્સમાં અભ્યાસ કરે છે.

ધો.૧૦અને ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલુ થતી હોવાથી આ ગુરૂકૂળ સંસ્થા દ્વારા દરેક વિદ્યાર્થીઓને તેમના પરિવાર સાથે સવારે વાત કરાવવામાં આવી હતી ત્યારે આ વિદ્યાર્થી અક્ષરે ટેલિફોન દ્વારા તેના પપ્પા સાથે છેલ્લીવાર વાત કરી હતી.

પ્રદૂષણ-ટ્રાફિક સમસ્યાને નિવારવા માટે એએમસીએ ઈ-બાઈકની ભેટ આપી

અમદાવાદ

અમદાવાદમાં દિલ્હીની જેમ વધી રહેલા પ્રદૂષણને અટકાવવા માટે મનપાએ અનોખી રીત અપનાવી છે. અમદાવાદીઓને ઈ બાઈકની ભેટ આપી છે.

અમદાવાદમાં વધી રહેલા પ્રદૂષણ અને ટ્રાફિક સમસ્યાને નિવારવા માટે એએમસી દ્વારા માય બાઈક બાદ હવે ઈ-બાઈક શરૂ કરવામાં આવી છે. અમદાવાદીઓને હવે ઈ-બાઈકની ભેટ આપવામાં આવી છે. લો-ગાર્ડન હેપી સ્ટ્રીટ પ્લાઝા ખાતે ઈ-બાઈકને લીલીઝંડી અપાઈ હતી.

માય બાઈકની જેમ ઈ બાઈક શરૂ કરવામાં આવી. જેના માટે એક મીનિટનો ૧.૫૦ રૂપિયો ચૂકવવો પડશે. હાલ ૨૫૦ જેટલી ઈ-બાઈક શરૂ કરવામાં આવી છે.

ઈ બાઈક માટે ૩૦ ચાર્જિંગ પોઈન્ટ રાખવામાં આવ્યા છે. એક ચાર્જિંગ પોઈન્ટમાં ત્રણ કેબીન મળી ૧૨ બેટરી એક સાથે ચાર્જ થશે. એક બેટરી ફૂલ ચાર્જિંગ માટે ૪ કલાકનો સમય લાગી શકે છે. એક વાર ચાર્જ કર્યા બાદ ઈ-બાઈક ૬૦ કિલો મીટર ચાલશે. ૨૫ કિમીની ઝડપે ઈ-બાઈક દોડી શકશે. ૧૨૦ કિલો વજનની કેપીસીટી ઈ-બાઈકની રહેશે.

અમદાવાદ એરપોર્ટ પર બેગમાં બોમ્બ છે કહેનાર કર્ણાટકના વ્યક્તિની ધરપકડ

અમદાવાદ

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પર સ્ટાફ હાજર હતો ત્યારે એક શખ્સ લગેજ સ્કેનિંગ માટે આવ્યો હતો. લોકો લાઈનમાં ઉભા હતા પણ તે લાઈન બહાર હતો. જેથી સીઆઈએસએફના જવાને તેને લાઈનમાં ઉભા રહેવા કહ્યું હતું. પણ આ પેસેન્જરે જવાનને દમ મારવા માટે થોડી વાર રહીને લાઈનમાં નહિ ઉભો રહે કેમકે બેગમાં બોમ્બ છે તેમ કહેતા જ પહેલા તેનો સામાન ચેક કરાયો હતો.

આ શખ્સે સીઆઈએસએફના જવાનોને કહ્યું હતું કે, 'હું લાઈનમાં નહીં ઉભો રહું મારી બેગમાં બોમ્બ છે.' સુરક્ષા સ્ટાફે તેના સામાનનું તુરંત ચેકીંગ કર્યું હતું પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. એરપોર્ટ પર અફવા ફેલાવનાર આ પેસેન્જર સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરદાર વલ્લભભાઈ ડોમેસ્ટીક એરપોર્ટના ટર્મિનલ ૧ ના એક્સરે મશીન ૩ પર એરલાઈન્સના સ્ટાફ અને સીઆઈએસએફના જવાનો હાજર હતા. ત્યારે સાંજે સીઆઈએસએફના કપિલકુમાર વર્મા નામના અધિકારી ત્યાં એક મહિલા કર્મી પાસે આવ્યા હતા.

તેમણે જણાવ્યું કે સાંજે ઉપડનારી એર એશિયની ફલાઈટમાં એક શખ્સ જતો હતો. તે પહેલા તેને બેગ સ્કેન કરવા માટે લાઈનમાં ઉભા રહેવા કહ્યું હતું. પણ આ શખ્સે લાઈનમાં ન ઉભા રહેવા એક તરકીબ અપનાવી હતી. પણ તેને આ તરકીબ ભારે પડી હતી.

ગુજરાતમાં સેનાની જાસૂસી કાંડ...!!

કચ્છમાં પાકિસ્તાન માટે જાસૂસી કરવારના આરોપમાં ૪ની ધરપકડ



નલિયાના મુથાળા એરબેઝમાં ફોટો અને વીડિયો પાડતા એરફોર્સના અધિકારીઓએ ઝડપી પાડ્યા હતા

કચ્છ

પાકિસ્તાનના ઈશારે સેનાના ઠેકાણાની માહિતી આપવાના આરોપમાં કચ્છ પશ્ચિમ પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી છે. કચ્છમાં આવેલા નલિયાના એરબેઝની જાણકારી અને તેના ફોટોગ્રાફ્સ પાકિસ્તાનને સપ્લાય કરવાના આરોપમાં આ ચાર શખ્સો ઝડપાયા છે. પોલીસે ઝડપેલા ચારેય શખ્સો કચ્છના અબડાસા તાલુકાના રહેવાસી છે. જેમાંથી એક સગીર છે.

કચ્છ પશ્ચિમ પોલીસે આ મામલે અબડાસા તાલુકાના મંજલના રહેવાસી રફીક મામદ આજમ ઉં.વ ૨૩ રહે રેલડિયા, અબ્બાસ દાઉદ પઢીયાર ઉ.વ. ૧૮ રહેવાસી નુંધાતળ અબડાસા અનને અરબાઝ ઈસ્માઈલ સુમરા ઉ.વ. ૨૦ રહે બુકેરા ફળીયું નલીયાની ધરપકડ કરી છે. આ ઉપરાંત એક સગીર આરોપી પણ ઝડપાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ ચારેય શખ્સો વિરુદ્ધ નલીયા એરફોર્સના અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે કેટલાક સંદીગ્ધો નલીયા એરફોર્સ બેઝની શંકાસ્પદ ફોટોગ્રાફી કરી રહ્યા છે. આ ફરિયાદના આધારે કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે.

ઝડપાયેલા ચારે આરોપીઓ વિરુદ્ધ પોલીસે આઈ.પી.સી.ની કલમ ૧૨૩, ૧૨૦ બી, તથા ઓફિશિયલ સિક્રેટ એક્ટ ૧૯૨૩ની કલમ ૩ અને ૯ મુજબ ફરિયાદ દાખલ કરી છે. આ ચારેય યુવાનોએ ગદ્દારી કરી હોવાનો આરોપ છે. કચ્છ પશ્ચિમ પોલીસને પૂછપરછ દરમિયાન મળેલી માહિતી મુજબ આ આરોપીઓ નલીયા એરફોર્સની તસવીરો અને માહિતી પહોંચાડતા હતા.

પોલીસને અત્યારસુધી પ્રાપ્ત માહિતી મુજબ આ ચારેય શખ્સો એક સુનિયોજિત ચેઈન દ્વારા પાકિસ્તાની જાસૂસી સંસ્થાને માહિતી પહોંચાડી રહ્યા હતા અને તેના બદલામાં હવાલાના મારફતે પૈસા મેળવી રહ્યા હતા. ચારેય શખ્સો યુવાન છે અને તેમાંથી એક લબરમૂંછિયો છે.

બોલો...બોર્ડ પરીક્ષામાં પેપર કેમ ન બતાવ્યું કહી વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીને માર માર્યો

અમદાવાદ

બોર્ડની પરીક્ષા શરૂ થતાં જ કેટલાક વિદ્યાર્થીઓ પેપરમાં ચોરી કરવા માટે અવનવા કીમિયા અપનાવતા હોય છે. શહેરનાં કૃષ્ણનગર વિસ્તારમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને પેપર ન બતાવતા મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. આ ઘટનામાં પોલીસ ફરિયાદ દાખલ થઈ છે.

નિકોલ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ આપી છે કે, શનિવારે તેઓ તેમના ઘરે હતાં ત્યારે તેમના પુત્રનો ફોન આવ્યો હતો અને સીએમ ઠાકર સ્કુલ ખાતે તેનો ઝઘડો થયો હોવાની જાણ કરતાં જ ફરિયાદી તાત્કાલિક ત્યાં પહોચ્યાં હતાં. જ્યાં તેમના પુત્રએ તેમને જણાવ્યું હતું કે, આજે શાળામાં જ્યારે તે વિજ્ઞાનનું પેપર લખી રહ્યો હતો ત્યારે તેની બાજુમાં બેઠેલા વિદ્યાર્થી તેને પેપર બતાવવા માટે કહ્યું હતું. ફરિયાદીનાં પુત્રએ આ વિદ્યાર્થીને પેપર બતાવવાની ના પાડતા જ તેણે તેની સાથે ઝઘડો કર્યો હતો.

ક્લાસમાં હાજર શિક્ષકને આ બાબતની જાણ થતાં જ શિક્ષકએ વિદ્યાર્થીને ઠપકો આપ્યો હતો. જેથી આ વિદ્યાર્થીએ ફરિયાદીનાં પુત્રને ધમકી આપી હતી કે, પેપર પુરુ થાય પછી બહાર નીકળ પછી તારી વાત છે.

પેપર પૂર્ણ થયા બાદ ફરિયાદીનો પુત્ર આદિશ્વર કેનાલની બાજુમાં ખોડીયાર માતાના મંદીર પાસે ઉભો હતો. તે દરમિયાન આ વિદ્યાર્થી ત્યાં આવ્યો હતો અને પેપર કેમ બતાવ્યું નહીં. તેમજ શિક્ષક જોડે મને કેમ ઠપકો અપાવ્યો કહીને ફરિયાદીનાં પુત્ર સાથે ઝઘડો કરીને તેને માર માર્યો હતો. એટલું જ નહીં, આ વિદ્યાર્થીએ ચપ્પુ કાઢીને તેને મારી નાંખવાની પણ ધમકી આપી હતી. ફરિયાદીનો પુત્ર ત્યાંથી ભાગી જઈને સમગ્ર ઘટનાની જાણ તેના પિતાને કરી હતી. હાલમાં પોલીસ દ્વારા આ સમગ્ર મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

મોવડી મંડળ સાથે ચર્ચા બાદ ડેપ્યૂટી મ્યુ.કમિ. સામે પગલાં લેવાશેઃ મેયર

અમદાવાદ

મેયર ફજી કમિશનરના વિવાદ બાદ બિજલ પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે મોવડી મંડળ સાથે ચર્ચા બાદ ડેપ્યૂટી મ્યુ.કમિશ્નર સામે પગલાં લેવાશે. મેયરે જણાવ્યું કે કમિશનર વ્યસ્ત હોવાથી આવેદન ન સ્વીકારી શક્યા. કોંગ્રેસનું આવેદન ન સ્વીકારવા મામલે મેયર નારાજ થયા છે. એમ લાગી રહ્યું છે.

આપણે જણાવી દઈએ કે અમદાવાદના ઢોરવાડામાં ૯૬ ગાયો ગૂમ થવા મુદ્દે વિપક્ષ આવેદન પત્ર આપવા પહોંચ્યું હતું. કમિશનર ઓફિસે પાસે પહોંચેલાં વિપક્ષને કોઈ જવાબ ન મળતાં તે મેયર પાસે પહોંચ્યા હતા. ત્યાર બાદ મેયરે કમિશનર વિજય નહેરાને ફોન લગાવ્યો હતો. પણ નહેરાએ તો મેયરનો પણ ફોન ન ઉપાડ્યો. જ્યારે ડે. કમિશનરે મેયરને આવેદન પત્ર સ્વીકારવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. આ મામલે મેયર બિજલ પટેલનો પારો ચઢી ગયો હતો. અને આ મામલે તેઓએ પક્ષનાં મોવડી મંડળને ફરિયાદ પણ કરી દીધી હતી.

વિપક્ષની સામે કમિશનરે ફોન ન ઉપાડતાં મેયરે ડે.કમિશનર આર્જવ શાહને ફોન લગાડ્યો હતો. આર્જવ શાહે ફોન ઉપાડતાં મેયરે તેઓને વિપક્ષનું આવેદન પત્ર સ્વીકાર જણાવ્યું હતું. પણ આર્જવ શાહે ફોન પર જ મેયરને ચોખ્ખી ના પાડી દીધી કે હું આવેદન પત્ર નહીં સ્વીકારું. મેયરે કહ્યું, મારી જવાબદારી છે તમે આવેદન પત્ર સ્વીકારો. જેના જવાબમાં આર્જવ શાહે કહ્યું કે, કમિશનરે આવેદન પત્ર સ્વીકારવાની ના પાડી છે. કમિશનર મીટિંગમાં છે ત્યાં આવેદન પત્ર આપવા જાવ. આવો જવાબ સાંભળી મેયર બિજલ પટેલ સ્તબ્ધ થઈ ગયા હતા.

નગર પ્રા.શાળા સમિતિ દ્વારા વિવિધ ઝોનમાં વાલી દિવસની ઉજવણી

૧૦૦ ટકા હાજરી વાળા વિદ્યાર્થીઓ એ વાલીઓનું સન્માન

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત શાળાઓના વિધાર્થીઓના સર્વાગીણ વિકાસ થાય તેમની આંતરિક પ્રતિભાને મોટું પ્લેટફોર્મ મળે તે હેતુથી તા-૨૮૦૨૨૦૨૦ થી ૦૫/૦૩/૨૦૨૦ દરમિયાન વિવિધ ઝોનમાં વાલીદિનની ઉજવણી કરવામાં આવી હતી.

દરેક ઝોનમાં સૌ-પ્રથમ સર્વધર્મ પ્રાર્થના,ત્યારબાદ સુરત શહેરનાં જે-તે વિસ્તારના સુરત મહાનગર પાલિકાના પદાધિકારીશ્રીઓ, નગરસેવકો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ ઉપસ્થિતિ રહી માં સરસ્વતીને વંદન, દીપપ્રાગટય વિધિ રાખવામાં આવેલ હતી.નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સંચાલિત શાળાઓમાં ચાલતી બાલવાડીનાં બાળકો દ્વારા માતૃ-પિતૃ વંદનાની સુંદર કૃતિ રજુ કરાઈ હતી. પ્રત્યેક ઝોનમાં ધો-૮ માં સૌથી વધુ ગુણ મેળવનાર તથા ધો-૧ થી ૮ માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતની શાળાઓમાં ૧૦૦% હાજરીવાળા વિધાર્થીઓને વાલી સાથે મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતા.વધુમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત છેલ્લા પાંચ વર્ષથી ખાનગી શાળામાંથી સરકારી શાળામાં સૌથી વધુ પ્રવેશ મેળવનાર શિક્ષણ સમિતિ તરીકે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ તરફથી એવોર્ડ પ્રાપ્ત કરે છે તે જ માતે ઝોન કક્ષાએ સૌથી વધુ વિધાર્થી ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ આપતી હોય તે શાળાને વિશેષ પ્રશિસ્ત આમંત્રિક મહેમાનો દ્વારા આપી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતનાં આચાર્યશ્રી તથા શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.સાત ઝોનમાં વાલીદિન દરમિયાન શ્રી વિમલભાઈ દેસાઈ, શાસનાધિકારી દ્વારા અહેવાલ પ્રસ્તુતિ કરવામાં આવેલી હતી અને વાલીઓને પોતાના બાળકોને દર શનિવારે શાળાઓમાં લેવામાં આવતી એકમ કસોટીમાં ફરજીયાત હાજર રાખે,નિયમિત શાળાએ મોકલે તે માટે ભારપૂર્વક આગ્રહ કરવામાં આવેલ હતો. પ્રાસંગોચિત પ્રવચન શૈક્ષણિક અને સાંસ્કૃતિક સમિતિના કન્વીનર શ્રી પરિમલ ચાસીયા દ્વારા કરવામાં આવેલ હતું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના માન.અધ્યક્ષશ્રી હસમુખ પટેલ દ્વારા વિવિધ ક્ષેત્રે સફળ થયેલા અને સમિતિનો ગૌરવ વધારનાર તથા સુંદર કૃતિઓ રજુ કરનાર બાળ કલાકારોને બિરદાવીને પ્રોત્સાહિત કર્યા હતા. ફીટ ઈન્ડિયા થીમ પર રજુ થયેલ કૃતિ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. મોટી સંખ્યામાં વાલી, વિધાર્થીઓ હાજર રહેલ હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શૈક્ષણિક સાંસ્કૃતિ અને આયોજન સમિતિ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.દરેક ઝોનમાં આભારવિધિ જે-તે ઝોનમાં નિરીક્ષકશ્રી દ્વારા કરવામાં આવી હતી.વાલી-વિધાર્થીશિક્ષકો દ્વારા પણ સામૂહિક કૃતિ કરી એક પરિવારની ભાવના જોવા મળી હતી. કાર્યક્રમના અંતે સૌ બાળકોવાલીઓને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરાઈ હતી.

તાપી પોલીસ સલાહકાર સમિતિની કરાયેલી રચના

વ્યારા

રાજય સરકારે તાજેતરમાં કલેક્ટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં તાપી જિલ્લા પોલિસ સલાહકાર સમિતીની રચના કરી છે. જેમાં ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા પોલિસ વડા અને અન્ય સભ્યોમાં જિલ્લા ગ્રામરક્ષક દળના મહિલા અધિકારી, એસ.ટી.નિગમના વિભાગીય નિયામક, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી તથા નાયબ પોલિસ અધિકારીની સરકારી સભ્યોમાં જ્યારે અલ્પેશભાઈ દવે-પત્રકાર, નિતીનભાઈ શાહ-વાહનવ્યવહાર, ભરતભાઈ ઢોડીયા-સુધરાઈ, રાજુબાપુ મોહિત-ગૃહરક્ષક દળ, કમલેશભાઈ ગામીત- ગ્રામરક્ષક દળ, સુશ્રી અનિતાબેન પાટીલ-સામાજિક કાર્યકર, સુશ્રી સુનિતાબેન ઉપાધ્યાય-સામાજિક કાર્યકર, પીટુભાઈ દુબે-ગ્રાહક સુરક્ષા અને વિક્રમભાઈ તરસાડીયા-નશાબંધી મંડળની બિનસરકારી સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

ભટારના ફ્લેટમાંથી રોકડા દોઢ લાખ ચોરાયા

સુરત

ભટાર રોડ આશીર્વાદ પેલેસ ફ્લેટ નં.જે/૧૦૨૧માંથી અજાણ્યા ચોર યુવકે રોકડા રૂપિયા દોઢ લાખની ચોરી કરી હતી. ફ્લેટ માલિક સંજય શ્રીપાલ જૈને ખટોદરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફુટેજ કબજે કરી આરોપી ચોરની શોધખોળ હાથ ધરી છે. આ બનાવ તા.પમીના રોજ બપોરે દોઢેક વાગ્યાના સુમારે બન્યો હતો.

અજાણ્યા મૃતક અંગે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ડહેલી ફાટક પાસે થાંભલા નં.૧૫૮/૧ થી ૧૫૭/૨૯ની વચ્ચે એક વ્યકિત જયપુર બાંદ્રા ટ્રેનમાંથી પડી ગયો હતો અને તેના શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું મૃત્યુ થયું હતું. જેના વાલીવારસોની તપાસ કરતાં તે મળી આવ્યા નથી. મૃતકની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષ, રંગે ઘઉંવર્ણ, ઊંચાઈ પાંચથી સાડાપાંચ ફૂટ, વાળ કાળા, શરીરે કથ્થઈ રંગનું ગંજી, પીળા-ભૂરા જેવા કલરનો ચેકસ શર્ટ, ભૂરા રંગનો જીન્સ, કાળા-સફેદ જેવા રંગનું હાફ બાંયનું જેકેટ તથા કાળા રંગની ટી-શર્ટ પહેરી છે. આ વર્ણનવાળી વ્યક્તિોના જો કોઇ વાલીવારસો હોય તો ભિલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

અમરોલીમાંથી ૧૬ વર્ષીય શિવાની બેન ભીલ ગુમ

સુરત

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૫/૦૩/૨૦૨૦ ના રોજ ઘર નં. ૧૫૮, રિલાયન્સ નગર સોસા., સાયણ રોડ, અમરોલી (મૂળ વતન- ગળથર, તા.મહુવા, જી. ભાવનગર) ખાતે રહેતા પરષોત્તમભાઈ બોધાભાઈ ભીલની ૧૬ વર્ષીય પુત્રી શિવાનીબેનનુ અજાણ્યાઓ દ્વારા અપહરણ થયા હોવાની ફરિયાદ નોંધાય છે. જે શરીરે પાતળા બાંધાના, રંગે ધઉં વર્ણ તથા ઉંચાઈ ૫.૧ ફૂટ છે અને શરીરે લીલા રંગ જેવો વિવેકાનંદ સ્કુલનો ડ્રેસ પહેર્યો છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

વલસાડ જિલ્લામાં સભા સરઘસબંધી ફરમાવાઈ

વલસાડ

આગામી સમયમાં હોળી-ધુળેટી તહેવારો, ચૈત્રી નવરાત્રિ, એસ. એસ. સી., એચ.એસ.સી.ની પરીક્ષાઓ યોજાનાર હોઈ વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.એ.રાજપૂતે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૧૯/૦૩/૨૦૨૦ સુધી અનઅધિકૃત રીતે/ ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવા કે બોલાવવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા, એસટી. બસમાં, રેલવેમાં મુસાફરી કરવા માગતા, મંદિર મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઇડ વ્યકિત તેમજ સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહી. આ આદેશોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

પહેલી એપ્રિલથી 'બીએસ-૫' પ્રકારના વાહનોની નોંધણી કરાશે નહીં

વલસાડ

ભારત સરકારના આદેશ અનુસાર તા.૧/૪/૨૦૨૦થી સમગ્ર દેશમાં બી.એસ.-૫ વાહનોની ઉત્પાદક દ્વારા વેચાણ તથા નોંધણી થઇ શકશે નહી. માર્ચ મહિનાની અંતિમ તારીખોમાં ૨૮ અને ૨૯ના રોજ જાહેર રજા ઉપરાંત ઓવર ટ્રાફિકિંગના કારણે અન્ય સ્લો સર્વર, સર્વર ડાઉન જેવા ટેકનીકલ પ્રશ્નો પણ ઉપસ્થિત થવાની શકયતા રહેલી છે. જે ધ્યાનને રાખી તમામ ડિલરો અને મોટરિંગ પબ્લિકને બી.એસ.-૫ વાહનોની નોંધણી બાકી હોય તો તે સત્વરે કરાવી લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વલસાડ દ્વારા જણાવાયું છે.

અજાણ્યા મૃતક અંગે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના વલવાડા આઇઆરબી ઓફિસની સામે, વાપીથી મુંબઇ જતા ને. હા. નં.૪૮ ઉપર અજાણ્યા વાહન ચાલકે એક પુરુષને અડફટે લેતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ ઉપર મૃત્યુ થયું હતું. મૃતકની ઉંમર આશરે ૪૦ થી ૫૦ વર્ષ, રંગે ઘઉંવર્ણ, માથાના વાળ કાળા-સફેદ અને લાંબા તેમજ દાઢી મૂછ પણ છે. આ મૃતકના વાલીવારસોની તપાસ કરતાં તે મળી આવ્યા નથી, જેથી આ વર્ણનવાળી વ્યક્તિના જો કોઇ વાલીવારસો હોય તો ભિલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઓનલાઈન ફ્રોડને ડામવા પ૩ પોલીસ કર્મીઓની સાઈબર ક્રાઈમમાં નિમણૂંક

સુરત

ઈન્ટરનેટ યુગમાં લોકોને નેટબેંકિંગ-મોબાઈલ બેંકિંગ જેવી સગવડ પ્રાપ્ત થઈ છે, ત્યારે ભેજાબાજો દ્વારા ઓનલાઈન ફ્રોડ કરીને લોકોને ભારે અગવડ પહોંચાડવાની પણ શરૂઆત થઈ ચૂકી છે. સાઈબર ક્રાઈમના વધતા પ્રમાણને ધ્યાનમાં રાખી વડોદરા પોલીસ વિભાગ દ્વારા શહેરના વિવિધ પોલીસ મથક, ટ્રાફિક શાખા અને ડી.સી.બીમાં ફરજ બજાવતાં ૫૩ પોલીસ કર્મીઓની સાઈબર ક્રાઈમમાં નિમણૂંક કરવામાં આવી છે.

ઈન્ટરનેટના યુગમાં નેટબેંકિંગ અને મોબાઈલ બેંકિંગ આજે લોકોની જરૂરીયાત બની ગઈ છે. બેંકની લાંબી લાઈનોમાં ઉભા રહેવાનુ પસંદ ન કરતા ગ્રાહકો હવે મોબાઈલ બેંકિંગ અથવા નેટબેંકિંગ મારફતે આંગળીના ટેરવે પોતાનુ કામ સહેલાઈથી ગમે ત્યાં બેઠા પતાવી શકે છે. ટેકનોલોજીનો જેટલો સદઉપયોગ થઈ રહ્યો છે, તેની સામે કેટલાક ટેકનોલોજી અને ઈન્ટરનેટના જાણકારો સહેલાઈથી રૂપિયા કમાવવા માટે સાઈબર ક્રાઈમ તરફ આગળ વધી રહ્યાં છે. જેથી મોબાઈલ બેંકિંગ અને નેટ બેંકિંગનો વપરાશ ગ્રાહકો સાથે થતી છેતરપિંડીનુ પ્રમાણ વધ્યું છે. ત્યારે સાઈબર ક્રાઈમની ગુનાખોરી ડામવા માટે શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતએ એક મહત્વનો નિર્ણય કર્યો છે.

ટ્રાફિક પોલીસ સાથે ઘર્ષણ કોંગ્રેસ કોર્પોરેટર દિનેશ કાછડિયા ધરણાં પર બેઠા

સુરત

મોટર વ્હીકલ એક્ટની નવી જોગવાઈઓ આવ્યા આવ્યા બાદ ટ્રાફિકમાં જેવી રીતે દંડની રકમ વધારવામાં આવી છે, તેને લઈ સતત ટ્રાફિક પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો જોવા મળે છે ત્યારે ગતરોજ સુરતના અલગ-અલગ વિસ્તારમાં ત્રણ જેટલા ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. જોકે તેમાંથી બે જગ્યા પર તો લોકો પોલીસ સામે રસ્તા પર ઉતરીને ધારણા કરતા પણ જોવા મળ્યા હતા. સુરતમાં એક જ દિવસમાં ટ્રાફિક બ્રિગેડની કથિત દાદાગીરી સામે ઘર્ષણની ત્રણ ઘટના બની હતી જેમાં કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડિયા, પાટીદાર અગ્રણી ધડૂક સાથે પણ માથાકૂટ થઈ હતી. આ કથિત દાદાગીરી સામે કાછડિયા રસ્તા પર ઉતરી અને ધરણા પર બેસી ગયા હતા.

સરકાર દ્વારા નવા મોટર વ્હીકલ એક્ટને લાગુ કર્યા બાદ દંડ ની રકમમાં જે વધારો કરવામાં આવ્યો છે જેને લઈ સતત ટ્રાફિક પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ જોવા મળી રહ્યું છે. ત્યારે સુરત ના અલગ અલગ ત્રણ વિસ્તારમાં લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ જોવા મળ્યો હતું. સુરતના ઉધના વિસ્તારમાં ગાડીને લોકો મારવાના કારણે શરુ થયેલ વિવાદમાં લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ ના દ્રશ્યો જોવા મળ્યા હતા.જોકે પોલીસે ગાડીને લોક માર્યો હોવાની વાતને લઈને ગાડી માલિક સાથે સ્થાનિક લોકો રસ્તા પર ઉતરી આવી હોબાળો મચાવ્યો હતો.

જોકે બીજી ઘટના માં સાંજના સમયે સરથાણા વિસ્તારમાં પાટીદાર આગેવાન રામ ધડૂકની ગાડીને ટ્રાફિક પોલીસે લોક મારતા મામલો બિચકયો હતો અને જોત જોતામાં પાટીદાર આગેવાન રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ધરણા શરૂ કરી નાખ્યા હતા. જોકે પોલીસે નો પાર્કિગ માં ગાડી પાર્ક કરેલ હોવાને લઈને લોક માર્યુ હતું. પોતે દંડ નહિ ભરવો પડે તે માટે આ ગાડી ચાલક હંગામો મચાવી રહિયા વાત પોલીસે કરી હતી.

કોરોના વાયરસના કારણે સુરત ટેક્સટાઈલ માર્કેટમાં હોળીના તમામ કાર્યક્રમો રદ્દ

સુરત

ચીન સહિત સમગ્ર વિશ્વમાં હાહાકાલ ફેલાવનાર કોરોના વાયરસને પગલે સુરત ટેક્સટાઈલ માર્કેટમાં દર વર્ષે કરવામાં આવતા હોળીના આયોજનને રદ્દ કરવામાં આવ્યું છે.

ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓએ જણાવ્યું હતું કે, હોળીના અવસરે ટેક્સટાઈલ માર્કેટમાં ઘણાં રંગારંગ કાર્યક્રમો થાય છે. ટેક્સટાઈલ માર્કેટના કર્મચારીઓ અને વેપારીઓ સાથે મળી ફૂલોથી હોળી રમે છે અને એકસાથે ભોજન કરે છે, ત્યારે આ વર્ષે કોરોના વાયરસના કારણે આ કાર્યક્રમ રદ્દ કરવામાં આવ્યો છે.

અન્ય વેપારીઓએ જણાવ્યું હતું કે, હોળીના એક અઠવાડિયા પહેલાં જ ટેક્સટાઈલ માર્કેટમાં ખૂબ આનંદનો માહોલ હોય છે અને દર વર્ષે ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓ એકઠાં થઈને હોળીના એક અઠવાડિયા પહેલાં જ હોળી મિલન કાર્યક્રમની ઉજવણી શરૂ કરતા હોય છે. પરંતુ આ વર્ષે વાયરસ ન ફેલાય તે માટે તમામ લોકોએ પોતાના પ્રોગ્રામ કેન્સલ કર્યા છે. માત્ર માર્કેટના લોકો વેપારીઓ જ નહીં પરંતુ અગ્રવાલ સમાજ દ્વારા પણ હોળી મિલન કાર્યક્રમનું આયોજન રદ્દ કરવામાં આવ્યું છે. લોકોની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ કાર્યક્રમ રદ્દ કરવામાં આવ્યો છે, પરંતુ તેની નેગેટિવ ઈફેક્ટ પડે કે બહારના વેપારીઓને એવું થશે કે સુરતમાં દર વર્ષે મનાવવામાં આવતો મોટો કાર્યક્રમ રદ્દ કરવામાં આવ્યો છે એટલે ખરેખર કંઈક તો હશે જ.

વલસાડ જિલ્લામાં હથિયારબંધી


વલસાડ

આગામી સમયમાં હોળી-ધુળેટી તહેવારો, ચૈત્રી નવરાત્રિ, એસ.એસ.સી., એચ.એસ.સી.ની પરીક્ષાઓ યોજાનાર હોઈ વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.એ.રાજપૂતે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૧૯/૦૩/૨૦૨૦ સુધી હથિયારબંધીના હુકમ જારી કર્યો છે. જે અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ , છરા, લાકડી કે શારીરિક હિંસા પહોંચાડતી બીજી ચીજો લઈ જવા, સ્ફોટક પદાર્થ લઈ જવા અને અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવા અને જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની કે તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજો કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આ પ્રતિબંધ સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય, જિલ્લા પોલીસ અધિક્ષકે અથવા તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોઇ તેવી વ્યકિતઓને તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ તેમજ સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં. આ હથિયારબંધીના હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

ધો.૧૧ની વિદ્યાર્થીનીએ આઈ હેટ માય લાઈફ લખી જીવન ટૂંકાવ્યુ

સુરત

સુરતમાં ધોરણ ૧૧માં ભણતી એક સગીરા વિદ્યાર્થિનીએ સુસાઈડ નોટમાં 'I HATE MY LIFE' લખીને આપઘાત કરી લીધો હતો. થોડા સમય પહેલાં જ સગીરાના માતા-પિતાના છૂટાછેડા થયા હતા. જેના કારણે સગીરા સતત માનસિક તણાવમાં રહેતી હતી. આ ઘટના અંગે પોલીસ તપાસ કરી રહી છે.



સુરતમાં પલસાણાના બલેશ્વર ગામે સગીરાએ સુસાઈડ નોટને લખીને આપઘાત કર્યો હતો. ઘરે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ સગીરાએ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. આપઘાત પહેલાં સગીરાએ ત્રણ પાનાની સુસાઈડ નોટ લખી હતી. જેમાં પરિવારમાંથી પ્રેમ નહીં મળતો હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

સગીરાએ સુસાઈડ નોટમાં લાલ કલરથી 'I hate my life' લખ્યું હતું. સગીરા પલસાણાની એક શાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી અને થોડા સમય પહેલાં જ તેનાં માતા-પિતાના છૂટાછેડા થયા હતા. માતા-પિતાના છૂટાછેડા બાદ સગીરા પોતાના ભાઈ અને માતા સાથે બલેશ્વરમાં પોતાના મામાના ઘરે રહેતી હતી.

હું મારી લાઈફની દર્દભરી કહાની આ બુકમાં લખું છું. ઉપરવાળાએ મને લાઈફ તો આપી પણ મને લાઈફમાં મારી લાગણીઓને સમજવાવાળું કોઈ ન આપ્યું. મને એક ફેમિલી પણ આપી છે પણ મારી લાઈફમાં કોઈનો પ્રેમ લખ્યો નથી. મારી લાઈફમાં મારા ફેમિલીના લોકોનો પ્રેમ લખ્યો નથી. મને ફક્ત મારા ફેમિલીવાળાઓએ મોંઘા કપડાં અને સારી જગ્યાઓ દેખાડી છે પણ બસ એ લોકો મને પ્રેમ કરવાનું ભૂલી ગયા. મને બસ પ્રેમ સિવાય બીજું કાંઈ નથી જોઈતું. પણ મને લાગે છે કે મારી લાઈફમાં પ્રેમ લખ્યો જ નથી.

કારમાં ૬૯ કોથળામાં ૧૩.૩૦ લાખ રૂપિયાનાં સિક્કા લઈ જતા બેની ધરપકડ

વલસાડ

તમે સોનાની તસ્કરી અને રોકડની હેરફેર અંગે તો સાંભળ્યું હતું. પરંતુ હવે વલસાડના ધરમપુરથી એક ચોંકવનારા સમાચાર સામે આવ્યા છે. માહિતી મુજબ વલસાડના ધરમપુરમાં સ્થાનિક પોલીસે બે શખ્સો સાથે એક કારને ઝડપી પાડી છે જેમાં લાખો રૂપિયાના સિક્કા ઝડપાયા છે.

માહિતી મુજબ ધરમપુરમાં ૨ શખ્સે સાથે એક કાર ઝડપાઈ જેમાં ૧૩.૮૦ લાખ રૂપિયાની ભારતીય ચલણ મળી આવી છે. સ્થાનિક પોલીસે સિક્કા બાબતે પુરાવા રજૂ ન કરી શકતા બંને શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે આ કામ વલસાડના ધરમપુર ચોકડી પાસે ઝડપી. કારમાં બે લોકો ૬૯ કોથળામાં ૧૩.૮૦,૦૦૦ ના ભારતીય ચલણના સિક્કા સુરત લઈ જતા હતા. બંને આરોપી તેમજ સિક્કા ભરેલા કોથળા અને બોલેરો જીપ પોલીસે જપ્ત કરી છે. જો કે, સિક્કાની હેરાફેરી કરવા પાછળનું કારણ હજી પણ અકબંધ છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને પોલીસ તપાસ બાદ જ સમગ્ર હકીકત બહાર આવે એમ છે.

મધ્યપ્રદેશમાં ટ્રક પલટતા આગ લાગી, છોટાઉદેપુરનો ચાલક બળીને ભડથું

વડોદરા

ગુજરાતથી પુટ્ટી ભરી જતી ટ્રક મધ્યપ્રદેશમાં પલટી મારી જતા આગ લાગી ગઈ હતી. જેથી છોટાઉદેપુરનો ટ્રક ચાલક બળીને ભડથું થઈ ગયો હતો. સળગતા ટ્રકના લાઈવ વીડિયો સામે આવ્યા છે.

છોટાઉદેપુરનો મહેમુદ મોહમ્મદ હુસેન ભટ્ટી ટ્રક ચાલકે છે. ગુજરાતથી પુટ્ટી ભરી મધ્યપ્રદેશ જઈ રહ્યો હતો. દરમિયાન મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના કનવાડા પાસે ગત સાંજે પલટી મારી ગઈ હતી. ટ્રકનું ટાયર ફાટતા ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા પલટી મારી હતી. ત્યારબાદ ટ્રકમાં આગ લાગી ગઈ હતી.

પત્રકાર હોય તો શું થયું..? જાવ વિજય રૂપાણીને પૂછો, હું કોઈ થી ગભરાતો નથી : આર્ય,ભરૂચ (DSM)

શુ આ અધિકારી ફરજ પર કોઈ વ્યસનમાં હતા..?કે પછી નોકરી બળજબરી કરતા હશે..? તપાસનો વિષય

- બોઈલ ચોખા માટે ઈન્ટરવ્યૂ લેવા ગયેલા મીડિયા કર્મી સાથે ભરૂચ DSM અને નર્મદાનો ચાર્જ સંભાળતા જિલ્લા પુરવઠા નિગમ મામલતદારનું ખરાબ વર્તન
- રાજપીપળા પુરવઠા ગોડાઉન પર ભરૂચ થી આવેલા ડીએસએમનું મીડિયા કર્મીઓ સાથે ઉદ્ધત વર્તન : સીએમ રૂપાણીને પૂછો કહી ઉડાઉ જવાબ આપ્યા
- મીડિયા કર્મી એ રેશનમાં મળતા બોઈલ ચોખા ક્યારે બંધ થશે તેવો સવાલ કરતા ઉડાઉ જવાબ આપ્યોઃ કહ્યું વિજય રૂપાણીને પૂછો..!!

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



રાજપીપળા ખાતે આવેલા પુરવઠા ગોડાઉન પર શનિવારે સાંજે ભરૂચ થી આવેલા જિલ્લા પુરવઠા નિગમ મામલતદારે મીડિયા કર્મી સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી જે પૂછવું હોય એ સી.એમ રૂપાણીને પૂછો હું કોઈનાથી ગભરાતો નથી તેવો ઉડાઉ જવાબ આપ્યો હતો.

ભરૂચ જિલ્લા પુરવઠા નિગમ મામલતદાર (DSM) આર્ય પાસે હાલ નર્મદા જિલ્લાનો પણ ચાર્જ હોય હોળીના તહેવારમાં રેશનકાર્ડમાં ખાંડ ન મળી હોવા બાબતેના અહેવાલ બાદ DSM આર્ય રાજપીપળા ગોડાઉન ઉપર દોડી આવ્યા હતા, આ બાબતની રાજપીપળાના મીડિયા કર્મીઓને જાણ થતાં એ ત્યાં દોડી ગયા બાદ અમારા રાજપીપળા પ્રતિનિધિએ સવાલ કર્યો કે બે મહિના થી રેશનકાર્ડ પર મળતા બોઈલ ચોખા પક્ષીઓ પણ ખાતા નથી તો આવા ચોખા ગ્રાહકોને કેમ અપાય છે..? એટલું પુછતાજ DSM આર્ય રીતસરના અકળાઈ ઉઠ્યા અને કહ્યું 'પત્રકાર છે તો શું થયું..? હું કોઈનાથી ગભરાતો નથી જે પૂછવું હોય એ વિજય રૂપાણી ને પૂછો સરકાર માંથી અનાજ આવે છે.અને હજુ એક વર્ષ સુધી બોઈલ ચોખા જ મળશે..?! ખાવા હોય તો ખાશે..!! આમ ઉડાઉ જવાબ આપ્યો હતો.

આ અધિકારીની વાત પરથી એમ લાગ્યું કે એ કયાતો કોઈ નસામાં હશે..? અથવા ભરૂચ,નર્મદા જિલ્લાની બેવડી જવાદરી થી કંટાળ્યા હશે અથવા તો ગુજરાત ગારડીયનમાં ખાંડનો અહેવાલ આવવાથી અકળાઈ ઉઠ્યા હશે.ખેર જે હોય એ પરંતુ એક પત્રકાર સાથે ઉદ્ધત વર્તન અને ખુદ સીએમ રૂપાણી થી નહી ડરવાની વાત કરતા અધિકારીની શાન ઠેકાણે લાવવી જરૂરી છે.નહી તો એક કેરી આખા ટોપલને ખરાબ કરે તેવો ઘાટ થઈ શકે.

રાજપીપળા પુરવઠા ગોડાઉન પર ખાંડનો જથ્થો તો આવ્યો પરંતુ ગોડાઉનને તાળા : મોઢામાંથી કોળિયો છીનવાઈ ગયો

શનિવારે રાત્રે જ ખાંડનો જથ્થો રાજપીપળા ગોડાઉન ઉપર આવ્યો પરંતુ ગોડાઉન મેનેજર સહિતનો સ્ટાફ રજાના મુળમાં હોય ગ્રાહકોની હોળી ખાંડ વગર કડવી બની



આદિવાસીઓની દિવાળી સમાન હોળીનો પર્વ હોવા છતાં રેશનકાર્ડ પર ખાંડ મળી નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં રેશનકાર્ડ ઉપર માર્ચ મહિનાની ખાંડનો જથ્થો સમયસર આવ્યો ન હોય સામે હોળી નો પર્વ હોય ખાંડ વગર રેશનકાર્ડ ના ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે ગજગ્રાહ થયો જોકે બાદમાં શનિવારે રાત્રે ખાંડ આવી પરંતુ ગોડાઉન સ્ટાફ રજા ના મૂળ માં ચાલ્યો ગયો અને ગોડાઉનને તાળા લાગતા જીલ્લાના કેટલાય ગ્રાહકોની હોડી ખાંડ વગર કડવી જશે.

રાજપીપળા પુરવઠા ગોડાઉન ઉપર રેશનકાર્ડનું અનાજ આવ્યું પરંતુ માર્ચ મહિનાની ખાંડ છેક શનિવારે રાત્રે આવતા ગોડાઉન સ્ટાફ પણ રજા ના મૂડમાં ગોડાઉનને તાળા મારી ચાલ્યો જતા ખાંડ લઈ આવેલું વાહન ગોડાઉન બહાર સ્ટેન્ડબાય થઈ ગયું જેમાં સસ્તા અનાજની દુકાનો સુધી ખાંડનો જથ્થો ન પહોંચતા ગ્રાહકો હોળીમાં ખાંડ વગર રહ્યા હોય મોઢા નીચેથી કોળિયો છીનવાઈ ગયા જેવો ઘાટ જોવા મળ્યો .જેથી ગરીબ અને મધ્યમ વર્ગના કાર્ડ ધારકોમાં નારાજગી વ્યાપી હતી. સરકાર સમયસર પુરવઠો ન આપતા અને ગોડાઉન સ્ટાફ પણ હોળી ધુળેટી કરવા ચાલ્યો જતા ગરીબ વર્ગના રેશનકાર્ડ પર નભતા પરિવરોની હોળી ખાંડ વગર કડવી સાબિત થઈ હતી.





હોળી ધુળેટીના પર્વ પૂર્વે નાંદોદના ધમણાચા ગામમાંથી વિસ્ફોટક પદાર્થ સાથે SOG એ એકની ધરપકડ કરી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માંથી વારંવાર વિસ્ફોટક પદાર્થ પકડાતા હોય છે અને પોલીસ કાર્યવાહી પણ કરે છે છતાં ગ્રામ્ય વિસ્તારના માંથી વિસ્ફોટક પદાર્થ રાખતા લોકો વારંવાર ઝડપાઇ જાય છે. હાલ હોળી ધુળેટીના તહેવાર ને ધ્યાને લઈ નર્મદા પોલીસ પેટ્રોલિંગ માં હતી ત્યારે બાતમી મળતા SOG પોલીસે નાંદોદ તાલુકાના ધમણાચા ગામમાંથી વિસ્ફોટક પદાર્થ સાથે એકને ઝડપી પાડ્યો હતો.

ધમણાચા ગામના ઝોરા ફળીયામાં રહેતા સુરેશભાઇ મોતીભાઇ વસાવા ગે.કા.વિસ્ફોટક પદાર્થ રાખતો હોવાની એસઓજીને બાતમી મળતા SOG ટીમે તેના ઘરે રેડ કરી ત્યારે ત્યાંથી ૨૨ સે.મી.લંબાઈની જીલેટીન સ્ટીક નંગ - ૦૪ કિ.રૂ.૨૪૦/- તથા (૨) ઈલેકટ્રીક વાયર સેમસંગ કપંનીનો મોબાઈલ કી.રૂ.૫૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂ.૭૪૦/- મળી આવતા એસઓજી એ સુરેશ વસાવા ની વિસ્ફોટક પદાર્થ સાથે ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

ઝઘડિયા ધારાસભ્ય છોટુ વસાવા વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ટિપ્પણી કરનાર બેંક મેનેજર સામે ફરિયાદ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડાના સામાજીક આગેવાન અને નર્મદા જિલ્લા BTPના (ભારતીય ટ્રાયબલ પાર્ટી) પ્રમુખ ચૈતરભાઈ વસાવાએ ડેડીયાપાડાના નાની બેડવાણ ગામના બેંક મેનેજર વિરુદ્ધ સોશિયલ મીડીયા ગ્રુપોમા તથ્ય વિનાનું ખોટુ લખાણ લખી આદીવાસી સમાજને ગુમરાહ મામલે ફરિયાદ નોંધાવી છે.

નર્મદા જિલ્લાના સામાજિક આગેવાન અને નર્મદા જીલ્લા BTP પક્ષના પ્રમુખ ચૈતર વસાવાએ નાની બેડવાણ બેંકમા મેનેજર તરીકે નોકરી કરતા જગદીશ વસાવા વિરુદ્ધ આપેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ જગદીશ વસાવા તેમના મો.નં. દ્વારા અવાર નવાર ભારતીય ટાઇબલ પાર્ટીના સંયોજક તથા ઝગડીયા ધારાસભ્ય છોટુભાઇ વસાવા, ડેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવા તેમજ BTP પક્ષના માણસો વિરૂધ્ધ સોશિયલ મીડીયા ગ્રુપોમા તથ્ય વિનાનું ખોટુ લખાણ લખી આદીવાસી સમાજને ગેરમાર્ગે દોરી ગુમરાહ કરે છે.તેમજ પોતે સરકારી કર્મચારી હોવા છતા કાયદાનુ ઉલ્લંઘમ કરી રાજકીય પક્ષપાત રાખી BJP ને સમર્થન કરી લોકોને BJP ને મત આપવાના હોય તોજ કામ થશે તેમ જણાવી BTP પાર્ટીના ચુટાયેલ પ્રતીનીધીઓની કારકીર્દી બગાડવાના ઈરાદે વોટ્સએપ ગ્રુપમા ખોટી ટીપ્પણી કરી મને તથા BTP પક્ષના કાર્યકરો ની લાગણી દુભાવી છે. ફરિયાદ બાદ ડેડીયાપાડા પોલીસે બેંક મેનેજર વિરુદ્ધ સાઈબર ક્રાઈમ એક્ટ સહિતની કલમો સાથે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરતમાં જ્વેલર્સ માલિકની નજર ચૂકવી ગઠિયો ૩ લાખના દાગીના લઈ ફરાર



સુરત

વરાછા વિસ્તારમાં આવેલી ગોપી ગોલ્ડ જ્વેલર્સમાં માલિકની નજર ચૂકવી ૩.૨૮ લાખના દાગીનાની ચોરી કરી એક ઈસમ ફરાર થઈ ગયો હતો. ચોરી કરનાર ચોર સીસીટીવીમાં કેદ થઈ ગયો છે. સીસીટીવી આધારે જ્વલર્સે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વરાછા વિસ્તારમાં નવી શક્તિ વિજય સોસાયટીમાં લીલતભાઈ ધનજીભાઈ કુચા એલએસ રોડ પર ગોપી ગોલ્ડ જ્વેલ્સ ચલાવે છે. ગત ૨૬ ફેબ્રુઆરીના રોજ એક ઈસમ તેનમની શોપમાં આવ્યો હતો. દરમિયાન નજર ચૂકવીને ૨ લાખના ૨૦ નંગ સોનાની કાનની સર, ૧.૨૮ લાખના ૧૬ નંગ સોનાના નજરીયા લઈને ફરાર થઈ ગયો હતો. સીસીટીવીમાં ચોર ઈસમ કેદ થઈ જતા જ્વેલ્સના માલિકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેથી સીસીટીવી આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નર્મદામાં ટીબી અને કોરોના વાયરસ સામે લડવા અધિકારીઓની મોડી રાત સુધી બેઠક



સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓને ટીબી અને કોરોના વાયરસ સામે રક્ષણ આપવા એકશન પ્લાન

નર્મદા જિલ્લામાંથી ટીબીને મુક્ત કરવા અને કોરોના સામે લડવા અધિકારીઓએ શપથ લીધા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

પીએમ મોદીનું ૨૦૨૫ સુધીમાં ભારત માંથી ટીબી રોગ નાબૂદ કરવાનું લક્ષ્ય છે.એ મુજબ આરોગ્ય વિભાગ કાર્ય પણ કરી રહ્યું છે.તો સાથે સાથે ચીન માંથી આવેલો કોરોના વાયરસ પણ ધીમે ધીમે ભારતમાં ફેલાઈ રહ્યો છે, ૩૦ જેટલા કોરોના વાયરસના પોઝિટિવ કેસ ભારતમાં નોંધાયા છે.જે ખરેખર ચિંતાનો વિષય બન્યો છે.તો ટીબીની સાથે સાથે કોરોના વાયરસ સામે લડવા એકશન પ્લાન બનાવવા નર્મદા જિલ્લા કલેકટર મનોજ કોઠારીની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી.જેમાં ડીડીઓ જીનસી વિલિયમ્સ, CDHO ડો.કે.પી.પટેલ, RCHO ડો.બારોટ, DTO ડો.એસ.એ.આર્ય, EMO ડો.કશ્યપ સહિત શહેરના પ્રાઈવેટ ડોક્ટરો તથા મેડિકલ સ્ટોરના ઈન્ચાર્જની એક બેઠક મળી હતી.

નર્મદા જિલ્લા કલેક્ટરે એ બેઠકમાં ટીબી રોગની નાબુદી અને કોરોના વાયરસ સામે કઈ રીતે લડી શકાય એ બાબતે તબીબી અધિકારીઓ પાસે અભિપ્રાય માંગ્યા હતા.આ બેઠકમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓને ટીબી અને કોરોના વાયસર સામે રક્ષણ આપવા એક્શન પ્લાન બનાવી એનો અમલ કરવા પર ભાર મુકાયો હતો.મોડી રાત સુધી ચાલેલી આ બેઠકને અંતે નર્મદા જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીએ ટીબી નાબુદી અને કોરોના વાયરસ સામે લડવા અન્ય અધિકારીઓને શપથ લેવડાવ્યા હતા.

કોરોનાઃ વેસુમાં કોરેન્ટાઈન વોર્ડ શરૂ,એક યુવકનો રિપોર્ટ નેગેટિવ

સુરત

ચીન, ઈરાન સહિતના દેશોમાં હાહાકાર મચાવનાર કોરોના વાઈરસના કેસો સુરતમાં વધારો થતા આરોગ્યતંત્ર સજ્જ થઈ ગયું છે. વિદેશથી આવતા યાત્રીઓ તેમજ કોરોના વાઈરસના શંકાસ્પદ દર્દીઓ માટે ખાસ વેસુના સીએચસીમાં કોરેન્ટાઈન વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં છ ના રિપોર્ટ નેગેટિવ આવ્યાં છે. જેમાં અમદાવાદની બી.જે.મેડિકલમાંથી થાઈલેન્ડની હિસ્ટ્રી ધરાવતા અડાજણના યુવાનનો રિપોર્ટ પણ નેગેટિવ આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

ડો. ઉમરીગરે જણાવ્યું હતું કે, વિદેશથી આવતા મુસાફરો ને હાલ ૧૪ દિવસ માટે એમના ઘરે જ ઓબ્ઝર્વેશનમાં રખાય રહ્યા છે. ત્યારબાદ કોઈ શંકાસ્પદ લાગે એવા મુસાફરોને સિવિલ કે સ્મીમેરમાં લઈ જવાય છે. જ્યાં તબીબી રિપોર્ટ બાદ કોરોનાના લક્ષણો દેખાય તો આવા દર્દીઓને ૩૦ બેડના કોરેન્ટાઈન વોર્ડમાં લાવી સારવાર અપાશે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬